# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 27.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |


પેજ 5



360 ONE એ અભિષેક ભલોટીયાની ચીફ ગ્રોથ એન્ડ....

22 AUGUST-2026 SATURDAY

ઈમરાન ખાન હોસ્પિટલ લઈ જવાયા અને ગણતરીના કલાકોમાં....



પેજ 10

વર્ષ-15 । અંક-278 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


FLAMES OF HOPE
Where Hope Meets Healing

# SOUL GYM
अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

## SILVER
3 MONTHS WELLNESS JOURNEY
16 Sessions / Month
Total: 48 Live Sessions
₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE
- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

## GOLD
6 MONTHS TRANSFORMATION JOURNEY
20 Sessions / Month
Total: 120 Live Sessions
₹ 12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

## PLATINUM
1 YEAR COMPLETE WELLNESS JOURNEY
20 Sessions / Month
Total: 240 Live Sessions
₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000
- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

## WHY JOIN SOUL GYM?
Daily Live Guided Sessions | Positive & Supportive Community | Develop Healthy Daily Wellness Habits | Improve Emotional Balance | Build Self Confidence | Learn Powerful Relaxation Techniques | Lifetime Friendships & Community Support

*“Physical fitness builds the body.
Soul Gym nurtures the mind, emotions and inner well-being.
Because true transformation begins from within.”*

ENROLL TODAY
+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH... AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 22-08-2026

# લઠ્ઠાકાંડ મુદ્દે AAP 22 ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાં વિરોધ પ્રદર્શન કરશે

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. કરન બારોટે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં દારૂબંધી કહેવાય છે પરંતુ દારૂની હોમ ડિલિવરી પણ થાય છે. ગુજરાતમાં દારૂની સાથે સાથે ડ્રગ્સ, ચરસ, ગાંજો વેચાય છે ગુજરાતમાં નકલી દારૂની ફેક્ટરીઓ પણ પકડાય છે અને આ નશાના કારણે ગુજરાતનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. 2022માં લઠ્ઠાકાંડ થયો ત્યારે તપાસના નામે એસઆઈટીની રચના કરવામાં આવી પરંતુ અંતે ગુનેગારો ક્યાંકને ક્યાંક છૂટી જાય છે. જ્યારે અનેક પરિવારોએ અને ખાસ કરીને બાળકોએ અનાથ બનીને જિંદગી વિતાવી પડે છે. ગુજરાતમાં દર વર્ષે 10,000 કરોડનો દારૂ ઠલવાય છે. ગુજરાતના બોર્ડરના રાજ્યોમાં જે ગામડાઓ હોય છે ત્યાં દારૂના ઠેકાઓ માટે કરોડોનો ભાવ બોલતો હોય છે કારણ કે ક્યાંકને ક્યાંક એ બોર્ડરના ગામોમાંથી ગુજરાતમાં દારૂ આવે છે. અમારું માનવું છે કે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર આમાં મળેલું હોઈ શકે તો જ આ ધંધો ચાલતો હોય. પોલીસ તંત્ર અને સરકાર એકવાર ધારી લે કે એ ગુજરાતમાં એક ટીપુ પણ દારૂ નહીં આવે તો ગુજરાતમાં દારૂ આવવાનું બંધ થઈ જાય.વધુમાં આદમી પાર્ટીના નેતા કરન



બારોટ જણાવ્યું હતું કે, ગુજરાતમાં પત્રકારો કે સામાન્ય નાગરિકો દારૂ, ડ્રગ્સ, ચરસ, ગાંજા મુદ્દે અવાજ ઉઠાવે છે, ત્યારે એ બુટલેગર વિરુદ્ધ એફઆઈઆર થવાની જગ્યાએ અવાજ ઉઠાવનાર વ્યક્તિ સામે એફઆઈઆર થતી હોય છે. ઘાટલોડિયામાં એક જગ્યાએ દારૂ વેચાતો હતો ત્યારે પત્રકારે અવાજ ઉઠાવ્યો તો એ પત્રકાર પર જ એફઆઈઆર થઈ ગઈ. તો આવું ગુજરાત કોણે બનાવ્યું? ગુજરાતમાં દારૂબંધી કડકમાં કડક રીતે લાગુ કરવાની હતી પરંતુ લાગુ થઈ નહીં. કહેવામાં આવે છે કે પીએસઆઇ કે પીઆઈને સસ્પેન્ડ કરવામાં આવશે તો એનો મતલબ એ છે કે અત્યાર સુધી દારૂ વેચાતો હતો, બધાને ખબર હતી કે આમાંથી માલ મલાઈ મળે છે અને એ માલ મલાઈ કમલમ સુધી પહોંચે છે. આમ આદમી પાર્ટી હમેશા દારૂબંધીનો મુદ્દો મજબૂતાઈથી ઉઠાવ્યો છે. આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ જનતા રેડ કરીને સાબિત કર્યું છે કે ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. લઠ્ઠાકાંડમાં જે લોકો મૃત્યુ પામ્યા અને જે પરિવારો અનાથ થયા એમના મુદ્દે આવતીકાલે કલેક્ટર કચેરી ખાતે આમ આદમી પાર્ટી વિરોધ પ્રદર્શન કરશે અને રજૂઆત કરશે. આવતીકાલે અમદાવાદ ખાતે પણ વિરોધ પ્રદર્શન કરીને રજૂઆત કરવામાં આવશે અને ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીનું રાજીનામું માંગવામાં આવશે કારણકે ગુજરાતનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે.

## વાનાવડ-સતાપર રોડના નબળા કામ મુદ્દે AAP ધારાસભ્ય હેમંત ખવા એક્શનમાં, ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચ્યા



અમદાવાદ | જામજોધપુર વિધાનસભા વિસ્તારમાં વાનાવડથી સતાપર સુધી બની રહેલા માર્ગની કામગીરીમાં નબળી ગુણવત્તા અને હલકી સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો હોવાની ગ્રામજનો દ્વારા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત ખવાને રજૂઆત કરવામાં આવી હતી. લોકોની ફરિયાદને ગંભીરતાથી લઈ ધારાસભ્ય હેમંત ખવા તાત્કાલિક ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચ્યા હતા અને માર્ગની ચાલી રહેલી કામગીરીનું રૂબરૂ નિરીક્ષણ કર્યું હતું.સ્થળ પર પહોંચેલા 'આપ' ધારાસભ્ય હેમંત ખવાએ માર્ગની કામગીરી અંગે અધિકારીઓ અને સંબંધિત તંત્ર પાસેથી માહિતી મેળવી હતી તેમજ ગુણવત્તા સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ન થાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. લોકોના પ્રશ્નો અને ફરિયાદોને લઈને સ્થળ પર પહોંચી તાત્કાલિક રજૂઆત સાંભળતા ધારાસભ્યની આ કામગીરીથી ગ્રામજનોમાં પણ આશા જાગી છે કે માર્ગનું કામ યોગ્ય ગુણવત્તા સાથે પૂર્ણ થશે.

## વડલાનાં લાલ અને લીલા પાનમાંથી હૃદયરોગની ઔષધી બનવાની સંભાવના અંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં પીએચ.ડી છાત્રા ઋચિતા પરમારનુ એલ્સવિયર જર્નલમાં પેપર થયુ પ્રસિધ્ધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં લાઈફસાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) સુહાસ વ્યાસનાં માર્ગદર્શનમાં ઋચિતા પરમાર પીએચ.ડીનાં અભ્યાસ સાથે પોતાનું શોધકાર્ય કરી રહ્યા છે. ઋચિતાબેન પરમાર પોતાનાં શોધક્ષેત્ર થી આગળ વધીને પ્રો(ડો.) સૂહાસ વ્યાસની ભલામણ મુજબ વડલાનાં લીલા પાન અને નવી ફુંટતી કુમળનાં નવોદિત લાલ પર્ણોની મેડીકલી ઉપલબ્ધીઓ પરત્વે શોધકાર્ય હાથ ધરી તેનાં અલગ અલગ જાતનાં નેનો પાર્ટીકલસ અને સાથે એન્ટી ઓક્સીડન્ટની ક્ષમતા તથા એન્ઝાઈમ પ્રવૃતિઓ અંગે મહત્વ પૂર્ણ સંશોધન કરી તેની ઉપલબ્ધીઓ ઈમ્પેક્ટ ફેક્ટર અને એલ્સીવીયર નામની ખ્યાતિપાત્ર પબ્લીકેશનમાં ૪.૭ ગુણાંક સભર નેક્સ મટીરીયલ નામની જર્નલમાં પબ્લીશ થયેલ છે. આ સંશોધન ધી ઈન્ડીયન નોલેજ સિસ્ટમ અંતર્ગત તેમજ આ સંશોધન તેમનાં બાયોટેક્નોલોજીક, કૃષિ, પર્યાવરણ, અને તમામ રોગોનાં નિવારણમાં તેમજ અલગ અલગ ક્ષેત્રોમાં ભવિષ્યની ઉપયોગી તકો માટે આ મહત્વ પૂર્ણ અને આશસ્પદ પગલુ અને સંશોધન થયેલ



છે. સંશોધક ઋચિતાબેન પરમારનાં સંશોધન સુપરવાઈઝર અને ગાઈડ ડો. સુહાસ વ્યાસે જણાવ્યુ હતુ કે મારા વેરાવળ ખાતે ફીશરીઝ કોલેજ ખાતેનાં શૈક્ષણીક પ્રવાસ વેળાએ ગડુ આસપાસનાં માર્ગો પર વિપુલ માત્રામાં વડલાનાં વૃક્ષો રોડની સાઈડ પર જોવા મળ્યા જેનાં લાલ અને લીલા બે પ્રકારનાં એટલે કે પરીપક્વ અને કુમળા પર્ણો લાલ-લીલા કલરથી શુશોભીત નજરને આકર્ષતા જણાયા પણ બોટની વિભાગના સાયન્ટીશ હોવાનાં નાતે મને એના ગુણધર્મો વિશે તલસ્પર્શી માહિતીની ઉત્કંઠા જણાતા તે પર્ણો પર મારા છાત્ર ઋચિતાબેનને વૈજ્ઞાનીક શોધકાર્ય સોંપ્યુ, જેમાં અલગ- અલગ રોગોની સારવારમાં ઉપયગી હોવાની દવા ઉપલબ્ધ હોવાની સંભાવના પ્રાથમિક દ્રષ્ટીએ જણાઈ છે. શોધકાર્ય સાથે સંધાન કરનાર ઋચિતાબેનાં શોધકાર્યની ઉપલબ્ધી એલ્સીવીયરનાં ઈમ્પેક્ટ ફેક્ટરમાં પ્રસિધ્ધી થયાની યુનિ. પરિવાર ખુશી અનુભવી છાત્રાને બીરદાવીએ છીએ. તેમ જણાવી કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે યુનિ. દ્વારા વિવિધ વિષયો પર સંશોધનનાં મંડાણ કરનાર સર્વ છાત્રોને પોતાનાં શોધકાર્ય ની ફલશ્રૃતિ સમાજોપયોગી બની રહે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

### માત્ર રીલ્સ બનાવવી કે શૉ-બાજી કરવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરવાની નથી

# લઠ્ઠાકાંડ મુદ્દે AAPના નેતા મનોજ સોરઠિયાએ પત્રકાર પરિષદ યોજી સરકાર પર પ્રહાર કર્યા...

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, સુરત લોકસભા ઈનચાર્જ રજનીકાંત વાઘાણી, અને નવસારી લોકસભા ઈનચાર્જ પંકજ તાયડેએ સુરતમાં પત્રકાર પરિષદ યોજી હતી. આ પરિષદમાં પત્રકારોને સંબોધતા 'આપ' નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે ભાવનગરમાં જે ઘટના ઘટી છે તેનાથી સમગ્ર ગુજરાત અત્યંત દુ:ખી છે, કારણ કે અત્યાર સુધીમાં દસ જેટલા લોકો નકલી દારૂ પીવાના કારણે મોતને ભેટ્યા છે. આ ઘટનાથી સમગ્ર ગુજરાતની જનતા આંદોલિત છે. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલિયાની સાથે સમગ્ર ટીમે ગઈકાલે ભાવનગરમાં હોસ્પિટલની મુલાકાત લઈને મૃતક તેમજ પીડિત પરિવારો સાથે સાંત્વના વ્યક્ત કરી હતી. આ સમગ્ર ઘટના આપણા સૌની આંખ ખોલનારી છે. આ ઘટના માત્ર કથિત લઠ્ઠાકાંડ કે દારૂના અડ્ડાઓ પૂરતી મર્યાદિત નથી, પરંતુ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ નિષ્ફળતાના કારણે સર્જાયેલો હત્યાકાંડ છે. ગુજરાતમાં છેલ્લા ઘણા વર્ષોથી કાયદો અને વ્યવસ્થા તદ્દન કથળેલી હાલતમાં છે અને જંગલરાજ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારના રજૂ થયેલા અહેવાલ મુજબ ગુજરાતમાં ગંભીર કેસોમાં ૩૨ ટકા જેટલો વધારો થયો છે, ૬૦ ટકા જેટલા ગંભીર ગુનેગારો હજુ પકડાયા નથી અને જનતા સાથે એક હજાર કરોડ રૂપિયા જેટલું સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું છે. આ સિવાય અપહરણ, ધોળા દિવસે લૂંટ, ખૂન અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ અસામાન્ય બની ગયા છે અને નાના-મોટા અનેક કાર્યવાહી થતી નથી કે તેઓ જવાબદારી સ્વીકારતા નથી, જેનાથી ગુજરાતની જનતા અત્યંત દુ:ખી છે. વ્યવસ્થા પરથી લોકોનો વિશ્વાસ ઊઠી રહ્યો છે અને આવા સમયે અમે માનીએ છીએ કે સરકારની જવાબદારી નક્કી થવી જોઈએ. છેલ્લા ત્રીસ વર્ષથી ગુજરાતના લોકો ભારતીય જનતા પાર્ટીને મત આપતા આવ્યા છે, પરંતુ તેનો અર્થ એવો બિલકુલ નથી કે લોકોને આવું



કેસો તો પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાતા પણ નથી. આ બધી ઘટનાઓ પાછળનું મુખ્ય કારણ ગુજરાતનું ગૃહ મંત્રાલય તદ્દન નિષ્ફળ ગયું છે તે છે. જ્યારે પણ આવી ઘટના બને છે ત્યારે માત્ર નાના કર્મચારીઓ પર તવાઈ લાવીને તેમની બદલી કે સસ્પેન્શન કરવામાં આવે છે, પરંતુ તેમની ઉપર બેઠેલા અધિકારીઓ કે મંત્રાલયના મંત્રીઓ સામે કોઈ અસુરક્ષિત વાતાવરણ કે જંગલરાજ મળે. જનતાએ આ સ્થિતિ માટે મત આપ્યા નહોતા. સત્તામાં બેઠેલા લોકો આજે તદ્દન બિનજવાબદાર બની ગયા છે. કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ અનેક કિસ્સાઓમાં સામે આવી ચુકી છે. માત્ર રીલો બનાવવી, શૉ બાજી કરવી કે શો-શા કરવાથી ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરવાની નથી. આવા નિષ્ક્રિય અને નિષ્ફળ ગૃહમંત્રીથી ગુજરાત ચાલશે નહીં, તેથી આમ આદમી પાર્ટી માંગ કરે છે કે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સ્વેચ્છાએ રાજીનામું આપવું જોઈએ અથવા મુખ્યમંત્રીએ તેમને તાત્કાલિક બરખાસ્ત કરવા જોઈએ. 'આપ' નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે સરકાર ખરેખર ચિંતિત હોય અને કંઈક કરવા માંગતી હોય તે સાબિત કરવા માટે હર્ષ સંઘવીએ રાજીનામું આપવું જ પડશે. ગુજરાતના લોકો આનાથી ઘણું બહેતર શાસન ડિઝર્વ કરે છે, આવું કથળેલું કાયદો અને વ્યવસ્થાનું શાસન નહીં. આ સ્થિતિમાં જવાબદારી નક્કી થવી ખૂબ જરૂરી છે. હર્ષ સંઘવીના રાજીનામાની માંગણીને લઈને આમ આદમી પાર્ટી આવતીકાલે સમગ્ર ગુજરાતના તમામ જિલ્લા મથકો પર વિરોધ પ્રદર્શન કરવા જઈ રહી છે. જ્યાં સુધી હર્ષ સંઘવીને હટાવવામાં નહીં આવે ત્યાં સુધી સમગ્ર ગુજરાતમાં આ આમ આદમી પાર્ટીનું મુખ્ય મિશન રહેશે અને પાર્ટી સતત ગુજરાતના લોકોને આ મિશન સાથે જોડતી રહેશે. કોઈપણ ઘટનામાં જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી થવી જરૂરી છે; પંજાબની જેમ ગુજરાતમાં પણ ડ્રગ્સ અને દારૂનું દૂષણ નાબૂદ કરવા આમ આદમી પાર્ટી પ્રજાકીય ભાગીદારીથી સતત પ્રયત્નશીલ છે.

## 'સ્કૂલ ઠીક કરો' અભિયાનથી ગુજરાતની શાળાઓની વાસ્તવિકતા જનતા સમક્ષ મૂકીશું : યાત્રિક પટેલ



અમદાવાદ | આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAP ના મધ્ય ઝોન પ્રમુખ યાત્રિક પટેલે કદમ કદમ પર લડત આપવાનો અને ઈન્કલાબનો નારો આપતાં અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળની રજૂઆત સામે તીખા સવાલો ઊભા કર્યા છે. શિક્ષક મંડળે કમિશનર અને કલેક્ટરને પત્ર લખીને સ્કૂલોમાં રાજકીય કે સામાજિક નેતાઓ દ્વારા કરવામાં આવતી વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પર રોક લગાવવા તથા કાનૂની પગલાં લેવા માંગ કરી હતી. આ અંગે યાત્રિક પટેલે જણાવ્યું કે ગુજરાતમાં શાળાઓમાં પૂરતા શિક્ષકો, વર્ગખંડો, કમ્પ્યુટર લેબ, પીવાનું શુદ્ધ પાણી અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓનો ભારે અભાવ છે. આ તમામ ગંભીર મુદ્દાઓ અંગે રજૂઆત કરવાને બદલે, જ્યારે નેતાઓ શિક્ષણની બરબાદી અને દયનીય સ્થિતિને જનતા સમક્ષ ઉજાગર કરે છે ત્યારે તેમના પર રોક લગાવવાની વાત કરવી એ શિક્ષક મંડળ પર રહેલા રાજકીય દબાણની સાબિતી આપે છે. 'આપ' વિદ્યાર્થી નેતા યાત્રિક પટેલે વધુમાં ખુલાસો કર્યો કે 'સ્કૂલ ઠીક કરો' અભિયાન અંતર્ગત ASAP ની ટીમે બે દિવસ પહેલા રાજ્યના શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલાના અસરાવા વિધાનસભા વિસ્તારમાં આવેલી શાહીબાગ શાળા નંબર ૪ ની મુલાકાત લીધી હતી. પતરાવાળી આ શાળામાં શિક્ષકો, ઓરડાઓ અને કમ્પ્યુટર લેબની અછતની વાસ્તવિકતા જનતા સમક્ષ મૂકવામાં આવી હતી, જેનાથી પ્રેરાઈને સરકાર દ્વારા શિક્ષક મંડળને બહાનું બનાવીને આ દબાણ લાવવામાં આવી રહ્યું છે. તેમણે શિક્ષણ વિરોધી માનસિકતા ધરાવતી સરકારને સ્પષ્ટ ચિમકી આપતાં કહ્યું કે તેઓ આવા પત્રો કે દબાણથી ડરવાના કે અટકવાના નથી. 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હેઠળ આગામી સમયમાં પણ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતની શાળાઓની પોલ ખોલવામાં આવશે અને જ્યાં સુધી રાજ્યમાં શિક્ષણની વ્યવસ્થા સુધરશે નહીં ત્યાં સુધી સંઘર્ષ અને લડત ચાલુ જ રહેશે.

# News Brief

## ભાણેજને વહીવટ આપતા ખેલ પાડી દીધો : બાપુનગરના કોન્ટ્રાક્ટરને સગી ભાણેજના દીકરાએ 2.85 કરોડનો ચૂનો લગાવ્યો

અમદાવાદ | શહેરના બાપુનગરમાં રહેતા અને આખી જિંદગી કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી જે રકમ મરણમૂડી તરીકે બચાવી હતી તે રકમ સગી ભાણેજના દીકરાએ ચાઉં કરી દીધી છે.વૃદ્ધની 2.85 કરોડની રકમની ઉચાપત કરતા વૃદ્ધે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરી છે. બાપુનગર ડી-માર્ટ પાસેની નરનારાયણ સોસાયટીમાં રહેતા 72 વર્ષના મથુરભાઈ સાવલિયા અને તેમના પત્ની મંજુલાબેન હાલ નિવૃત્ત જીવન ગુજારી રહ્યા છે. મથુરભાઈ કન્સ્ટ્રક્શન કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા હતા અને તેમણે આખી જિંદગી કમાણી કરીને જે બચત કરી હતી તે પોતાની બેંકમાં અને પોતાની પાસે રોકડમાં રાખી હતી. જોકે, તેમના બે સંતાનો વારાફરતી મૃત્યુ પામતાં તેમને વૃદ્ધાવસ્થામાં પોતાનું ધ્યાન રાખી શકે અને પોતાને સાચવી શકે એવા એક સ્વજનની શોધ હતી. ત્યારે જ તેમને લગભગ સાત-આઠ વર્ષ પહેલાં પોતાના સગા ભાણેજ ભાવનાબેન ભવાનભાઈ લોકડિયાના દીકરા મૌલિક લોકડિયાને પોતાનો વહીવટ સોંપવાની જવાબદારી આપવા વિચાર્યું હતું.તેમણે એક દિવસ મૌલિકને પોતાના ઘરે બોલાવી વાત કરી હતી કે, મારે આખા જીવનની મૂડી છે, તું સાચવજે અને મને જ્યારે જરૂર પડે ત્યારે મને પરત આપજે. મૌલિકે તરત જ હા પાડી અને તેમના રૂપિયા સાચવવાની તૈયારી બતાવી હતી.
સાથે સાથે એવી ખાતરી પણ આપી હતી કે તમે જ્યારે જે રકમ માગો ત્યારે મારે તમને પરત આપવાની રહેશે, તમારી બેંકની અને તમામ વહીવટ હું સંભાળીશ. જેને પગલે મથુરભાઈએ મૌલિકને 3.10 લાખ રૂપિયા ચેકથી આપ્યા હતા, જ્યારે પોતાની પાસેની બચતના રોકડ રૂપિયા 92.63 લાખ મળી કુલ 4.03કરોડ મૌલિકને આપ્યા હતા. મૌલિક આ રકમનો વહીવટ કરતો હતો. દરમિયાન લગભગ બે એક વર્ષ પહેલાં મથુરભાઈને પોતાના કુબડથલ ખાતેના પ્લોટમાં રોડ બનાવવાનો હોવાથી પૈસાની જરૂર પડી હતી. તેમણે મૌલિક પાસે પોતાના રૂપિયા પરત માગ્યા હતા.

## લગ્ન માટે AMC હોલનું બુકિંગ 1 વર્ષ પહેલાં થઈ શકશે : ડેકોરેશન માટે લાગૂ થશે 3 પેકેજ સિસ્ટમ

અમદાવાદ | કરવાના નામે ફરી એકવાર ખાનગી કોન્ટ્રાક્ટરોને સોંપવા માટેની હિલચાલ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા શરૂ કરવામાં આવી છે. વર્ષ 2018માં જે કોન્ટ્રાક્ટરોની દાદાગીરી અને મનસ્વી ભાવવધારાથી કંટાળીને હોલ ડેકોરેશનની ઈજારાશાહી નાબૂદ કરવામાં આવી હતી, તેને નવી પોલીસીના ઓઠા હેઠળ ફરી જીવંત કરવાની સૂચના આપવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે ભૂતકાળમાં ડેકોરેશનના કોન્ટ્રાક્ટથી AMC ને વાર્ષિક 10 કરોડની આવક થતી હતી, જ્યારે હાલ સફાઈ અને મેન્ટેનન્સ પાછળ વાર્ષિક 40 કરોડનો ખર્ચ થાય છે. આમ, જૂની વ્યવસ્થા બંધ થયા બાદ પાલિકાને વાર્ષિક 50 કરોડનું નુકસાન થઈ રહ્યું હોવાનું જણાવી સફાઈ સહિતની તમામ વ્યવસ્થાઓ કોન્ટ્રાક્ટરને સોંપવાની નીતિ ઘડાઈ રહી છે. નાગરિકોનું આર્થિક શોષણ ન થાય તેવો દાવો કરતાં ચેરમેને ઉમેર્યું હતું કે નવી પોલીસીમાં ખાનગી પાર્ટી પ્લોટની જેમ ચોક્કસ પેકેજ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. જેમાં A, B અને C એમ 3 કેટેગરીના પેકેજ નિયત કરાશે અને નિર્ધારિત રકમ કરતાં એક પણ રૂપિયો વધારે વસૂલી શકાશે નહીં. કોન્ટ્રાક્ટરો દ્વારા વધારે ભાડું ન લેવાય તે માટે હોલના મુખ્ય પ્રવેશદ્વાર પર જ મોટા બોર્ડ લગાવીને પેકેજના ભાવ અને ફરિયાદ માટેનો હેલ્પલાઈન નંબર પ્રદર્શિત કરવામાં આવશે.

## રાણીપના યુવકને મોતને ઘાટ ઉતારનાર આરોપીઓને લંગડાતા-લંગડાતા સુભાષબ્રિજ લાવવામાં આવ્યાં...

અમદાવાદ અમદાવાદના સુભાષબ્રિજ ચાર રસ્તા પાસે 15 ઓગસ્ટની રાત્રે જૂની અદાવતમાં અજય સાલ્વી નામના યુવકની 8થી 10 શખ્સો દ્વારા તીક્ષ્ણ હથિયારો વડે હત્યા કરી હતી. ચિલોડા અને રાણીપ પોલીસની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને છત્રાલના એક ગોડાઉનમાંથી હત્યામાં સામેલ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓને સાથે રાખીને ઘટનાસ્થળે પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી.
સુભાષબ્રિજ સર્કલ પાસે અજય સાલ્વી પોતાના ભાઈ સાથે ઊભો હતો, ત્યારે જૂની અદાવતનું મનદુઃખ રાખીને વિજય ચૌહાણ સહિતના આરોપીઓ ટેમ્પોમાં તલવાર અને ધારિયા જેવાં પ્રાણઘાતક હથિયારો સાથે ધસી આવ્યા હતા. આરોપીઓએ અજયને દોડાવીને પીઠ અને કમરના ભાગે 15થી વધુ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું. હત્યા કર્યા બાદ તમામ આરોપીઓ ટેમ્પોમાં બેસીને ફરાર થઈ ગયા હતા, જે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. રાણીપ પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળે પંચનામું કર્યું હતું. આરોપીઓને ટેમ્પો લાવ્યા તે જગ્યાથી હત્યાના સ્થળ સુધી ચલાવીને લઈ જવામાં આવ્યા હતા. સ્થળ પર મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં પોલીસે દોરડાં બાંધીને આરોપીઓને કોર્ડન કર્યા હતા. પૂછપરછ દરમિયાન એક આરોપીએ કબૂલાત કરી હતી કે અન્ય લોકો અજયને મારી રહ્યા હતા ત્યારે તેને દયા આવી ગઈ હતી. રાણીપ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.આર રબારીએ જણાવ્યું કે, આરોપીઓ કેવી રીતે આવ્યા. કેવી રીતે રેકી કરી. હત્યા કેવી રીતે કરી. ભાગી કેવી રીતે ગયા તે તમામ બાબતે પૂછપરછ કરી પંચનામુ કરવામાં આવ્યું હતું.

## એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીને લાફા મારનાર પ્રોફેસરની મોડાસા બદલી કરી

**અઢી મહિનાની તપાસ બાદ સરકારની છબી ખરડાઈ હોવાનું શિક્ષણ વિભાગને ધ્યાને આવ્યું**

અમદાવાદ | ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU)ની થિયરી પરીક્ષા દરમિયાન એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં વિદ્યાર્થીને લાફો મારવાના ચર્ચિત કિસ્સામાં ટેક્નિકલ શિક્ષણ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર ઘટનાના તથ્યો અને તપાસ રિપોર્ટના આધારે વિભાગે ફેકલ્ટી સુપરવાઈઝર પ્રોફેસર ડી.એસ. પટેલની મોડાસા ખાતે તાત્કાલિક મોડાસા બદલી કરી દીધી છે.
ગત 2 જૂનના રોજ એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉત્તરવહી પરત જમા કરાવવા બાબતે વિદ્યાર્થી અને ફેકલ્ટી સુપરવાઈઝર ડી.એસ. પટેલ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બાબતે ઉશ્કેરાઈ જઈને સુપરવાઈઝરે વિદ્યાર્થીને બે લાફા ઝીંકી દીધા હતા. આ સમગ્ર ઘટના પરીક્ષા કેન્દ્રમાં મુકેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટના બાદ પીડિત વિદ્યાર્થીએ કોલેજના પ્રિન્સિપાલ, ટેક્નિકલ શિક્ષણ વિભાગ તેમજ UGCમાં લેખિત ફરિયાદ કરી સુપરવાઈઝર સામે પગલાં લેવા માગ કરી હતી. એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજે બંને પક્ષોને સાંભળીને તૈયાર કરેલો તપાસ રિપોર્ટ ટેક્નિકલ શિક્ષણ વિભાગને સોંપ્યો હતો. સુપરવાઈઝર વર્ગ 1 અને 2ના અધિકારી હોવાથી કોલેજ કક્ષાએથી સીધી કાર્યવાહી શક્ય ન હતી. અંતે અઢી મહિનાની તપાસ બાદ સરકારની છબી ખરડાઈ હોવાનું ધ્યાને લઈ શિક્ષણ વિભાગે પ્રોફેસરની મોડાસા ખાતે ટ્રાન્સફર કરી.

## ભેસાણમાં સંસ્કૃત સપ્તાહોત્સવ-૨૦૨૬ અંતર્ગત સંસ્કૃત કક્ષનું થયુ ઉદ્ઘાટન



નરેન્દ્ર દવે જૂનાગઢ

સંસ્કૃત ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને ભારતીય જ્ઞાનપરંપરાના સંવર્ધનના ઉદ્દેશ સાથે સંસ્કૃત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, સંસ્કૃત ભારતી- સૌરાષ્ટ્ર પ્રાંત અને શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ-ભેસાણ અંતર્ગત શ્રી માધવ શૈક્ષણિક સંકુલ-ભેસાણના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત સપ્તાહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ, સંસ્કૃત કક્ષનાં ઉદ્ઘાટક અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ ડૉ.પ્રતાપસિંહ ચૌહાણે પોતાનાં અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે સંસ્કૃત માત્ર એક પ્રાચીન ભાષા નથી, પરંતુ ભારતની જ્ઞાનપરંપરા, સંસ્કૃતિ, સાહિત્ય, જીવનમૂલ્યો અને વૈચારિક વારસાની સમૃદ્ધ વાહક ભાષા છે. નવી પેઢીને સંસ્કૃત સાથે જોડવા માટે આવા સર્જનાત્મક કાર્યક્રમો ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થાય છે. સંસ્કૃત ભારતી, સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રાંત પ્રચાર પ્રમુખ ડૉ.કિશોર શેલડીયા, શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી પરસોત્તમભાઈ કોઠીયા, શ્રી માધવ શૈક્ષણિક સંકુલના સંચાલકશ્રી પ્રિતેશભાઈ કોઠીયા, આચાર્યશ્રી અસ્મિતાબેન રૈયાણી, જાણીતા સ્કેચ કલાકાર ડૉ. હિતેન્દ્રભાઈ નાગાણી સહિત શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી સંસ્કૃત સપ્તાહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યે રસ અને પ્રેમ જાગૃત થાય તેવા વિવિધ સર્જનાત્મક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન માટે પ્રોત્સાહક બન્યા હતા. વિદ્યાર્થીઓએ સંસ્કૃત નાટક, શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકગાન, સુભાષિત ગાન, કથાકથન, સંસ્કૃતમાં એકપાત્રીય અભિનય, સંવાદ અને વક્તૃત્વ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્કૃત કક્ષમાં વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું સરળ, રસપ્રદ અને વ્યવહારુ શિક્ષણ મળે તેમજ સંસ્કૃત સંભાષણ, શ્લોક, સુભાષિત, ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા સાથે વિદ્યાર્થીઓ નો જીવંત સંપર્ક વધે તેવા પ્રયાસો કરવામાં આવશે.આ સમગ્ર આયોજન દ્વારા "સંસ્કૃતં સર્વત્ર" અને "સંસ્કૃતં સર્વેષામ્"ના ભાવને સાકાર કરતાં સંસ્કૃતને માત્ર અભ્યાસનો વિષય નહીં પરંતુ જીવન અને સંસ્કૃતિ સાથે જોડાયેલી જીવંત ભાષા તરીકે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો, વાલીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી માધવ શૈક્ષણિક સંકુલ- ભેસાણના સમગ્ર પરિવાર દ્વારા સુંદર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવી હતી.

## ઘરઘાટી 4 લાખ રોકડા અને પાસપોર્ટ લઈ ફરાર

ગાંધીનગર | ગાંધીનગરના જાસપુર ગામના શિલ્પગ્રામ-1 માં રહેતા ઈમિગ્રેશન અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા 92 વર્ષીય વૃદ્ધની સારસંભાળ અને દેખરેખ રાખતો ઘરઘાટી જ ઘરમાંથી 4 લાખની રોકડ રકમ અને પાસપોર્ટ સરકાવીને વતન ભાગી છૂટ્યો છે. આ અંગે સાંતેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.
કલોલ તાલુકાના જાસપુર ગામે શિલ્પગ્રામ-1 માં રહેતા ઈમિગ્રેશન અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા 92 વર્ષીય વૃધ્ધને પગમાં ફ્રેક્ચર થતાં તેમની સંભાળ રાખવા માટે રાખેલો નોકર સાગર વસંતલાલ કટારાએ ચોરીને અંજામ આપ્યો છે. ગત તા. 14 ઓગસ્ટ થી 19 ઓગસ્ટ દરમિયાન કોઈપણ સમયે સાગર કટારાએ રમેશભાઈના ઘરના ઈમિગ્રેશન કામ માટેના રૂમમાંથી કાળા રંગનું પર્સ અને ટ્રાવેલિંગ બેગ ચોરી લીધા હતા.
આ બેગમાં આશરે 4 લાખની રોકડ રકમ, રમેશભાઈનો પાસપોર્ટ અને અન્ય મહત્વના દસ્તાવેજો રાખેલા હતા. 19 ઓગસ્ટના રોજ સાંજે જ્યારે રમેશભાઈના કૌટુંબિક સ્નેહી અને હાઈકોર્ટના વકીલ ગૌરાંગભાઈ અમૃતલાલ વાઘેલા ઘરે આવ્યા.

# UPSC પ્રિલિમમાં ક્વોલિફાઈ ઉમેદવારોની મેઈન્સની પરીક્ષા યોજાઈ ઓળખ-એડમિન કાર્ડના વેરિફિકેશન બાદ સેન્ટરમાં પ્રવેશ

અમદાવાદ | યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) સિવિલ સર્વિસીસની પ્રિલિમનરી પરીક્ષા 24 મે 2026ના રોજ યોજાઈ હતી, જેમાં ક્વોલિફાય થયેલા ઉમેરવારો આજથી મેઈન્સ પરીક્ષા આપી રહ્યા છે. અમદાવાદ સહિત દેશભરમાં 27 શહેરમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આજથી શરૂ થયેલી મેઈન્સ પરીક્ષા આગામી 30 ઓગસ્ટ સુધી ચાલવાની છે. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થાય તે માટે પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.
દેશભરમાં 13 હજારથી વધુ ઉમેદવાર UPSC મેઈન્સની પરીક્ષા આપી રહ્યા છે. અમદાવાદના એલ.ડી એન્જિનિયરિંગ કોલેજ ખાતે પરીક્ષા સેન્ટર પર વહેલી સવારથી જ ઉમેદવારો પહોંચી ગયા હતા. પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને પ્રવેશ આપતા પહેલાં એડમિટ કાર્ડ અને ફોટો ઓળખપત્રની ચકાસણી કરવામાં આવી હતી. ઉમેદવારની ઓળખ અને એડમિટ કાર્ડમાં દર્શાવેલી વિગતોનું વેરિફિકેશન કર્યા બાદ જ પરીક્ષા હોલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઉમેદવારોની ફેસ ઓથેન્ટિકેશન, ઓળખ ચકાસણી અને ફ્રિસ્કિંગ કર્યાં બાદ જ પ્રવેશ આપવામાં આવ્યો હતો.
સવારે 9થી 12 વાગ્યા સુધી નિબંધનાની પરીક્ષા યોજાઈ છે. જે 250 માર્ક્સનું છે. 22 ઓગસ્ટે જનરલ સ્ટડીના અને GS-2, જ્યારે 23 ઓગસ્ટે GS-3 અને GS-4 લેવામાં આવશે. દરેક GS પેપર 250 માર્ક્સનું છે. 29 ઓગસ્ટે ભારતીય ભાષા અને Englishના ક્વોલિફાઈંગ પેપર યોજાશે. બંને પેપર 300-300 માર્ક્સના છે, પરંતુ તેમના માર્ક્સ મેરિટમાં ગણાતા નથી. 30 ઓગસ્ટે ઉમેદવારોના પસંદ કરેલા Optional Subjectના બે પેપર લેવાશે, જેમાં દરેક 250 માર્ક્સનું હશે. આમ, મેઈન્સની મેરિટ માટે કુલ 1,750 માર્ક્સ ગણાશે. ત્યારબાદ 275 માર્ક્સનો Personality Test/Interview યોજાશે અને અંતિમ પસંદગી માટે કુલ 2,025 માર્ક્સ ગણાશે.
સુરતથી આવેલા ઉમેદવાર અપૂર્વ ચૌહાણે જણાવ્યું હતું કે, UPSCની ત્રીજી વખત પરીક્ષા આપી રહ્યો છે. જો કે મેઈન્સની પહેલી વખત છે. ત્રણ વર્ષથી પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું કોલેજની સાથે પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી હતી. પહેલી બે વખત પ્રિલિમ પરીક્ષા પાસ કરી શક્યો ન હતો. કરંટ અફેર્સ વીક હોવાના કારણે પ્રિલીમ પાસ કરી શક્યો ન હતો જેથી બીજી વખત તેમાં વધુ મહેનત કરી હતી. આજે નિબંધનું પેપર છે જેમાં બે નિબંધ લખવાના હોય છે.
મોરબીથી આવેલા હિનેશ સરવૈયાએ જણાવ્યું હતું કે, હું છેલ્લા 5 વર્ષથી મેઈન્સની પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. જેથી આજે ત્રીજી વખત મેઈન્સની પરીક્ષા આપી રહ્યો છું. પરીક્ષાને લઈ તૈયારીઓ ખૂબ સારી કરી છે. નિબંધમાં માર્ક્સ ઓછા આવવાથી 10થી 15 માર્ક્સ માટે ઈન્ટરવ્યૂ માટે ક્વોલિફાય થઈ શક્યો ન હતો એટલે આ વખતે વધુ ફોકસ કર્યું છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ભવિષ્યની રૂપરેખા અને પોલીસની કડક નજર

# વડોદરાના અકોટામાંથી 10 લાખથી વધુની ઈ-સિગારેટ પકડાઈ, ત્રીજા માળના મકાનમાં રેડ



(એજન્સી) વડોદરા I તા. 21

વડોદરા શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપ અકોટા વિસ્તારમાં એસઓજી (SOG) ની ટીમે એક મકાન પર દરોડો પાડીને રૂપિયા દસ લાખથી વધુની કિંમતનો પ્રતિબંધિત ઈ-સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસની આ અચાનક થયેલી કાર્યવાહીથી અસમાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ, અકોટા ટાઉનશીપના ત્રીજા માળે આવેલા એક મકાનમાં સેફાન અને અવેશ નામના શખ્સો દ્વારા પ્રતિબંધિત ઈ-સિગારેટનો મોટો સ્ટોક રાખીને શહેરના અલગ-અલગ વિસ્તારોમાં તેનું ગેરકાયદેસર વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે એસઓજીની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી હતી, જેમાં મકાનમાંથી જુદી જુદી બ્રાન્ડની પ્રતિબંધિત ઈ-સિગારેટનો રૂપિયા 10 લાખથી વધુ કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી એક સગીરની અટકાયત કરી લીધી છે.

પ્રાથમિક તપાસ દરમિયાન આ સમગ્ર રેકેટ પાછળ સંડોવાયેલા મુખ્ય સૂત્રધારો તરીકે સેફાન ઉર્ફે બાબા ઈકબાલ મેમણ (રહે. બહાર કોલોની, આજવા રોડ) અને અવેશ રફીકભાઈ પટેલ (રહે. મહંમદ વાડી, અકોટા) નામના શખ્સોના નામ બહાર આવ્યા છે. પોલીસે આ બંને ઈસમોને વોન્ટેડ જાહેર કરીને તેમની શોધખોળ શરૂ કરી દીધી છે. મીડિયા અહેવાલ મુજબ, યુવાધન નશાના રવાડે ચડે તેવી આ ગેરકાયદેસર ઈ-સિગારેટના વેચાણ પર પોલીસ દ્વારા આગામી સમયમાં વધુ સઘન તપાસ હાથ ધરવામાં આવશે. શહેરમાં યુવાનોમાં વધી રહેલા પ્રતિબંધિત પદાર્થોના સેવનને અટકાવવા માટે પોલીસ પ્રશાસન દ્વારા આવા તમામ સ્રોતો અને સંગઠનો પર બાજ નજર રાખવામાં આવી રહી છે. પકડાયેલા સગીરની પૂછપરછના આધારે આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મોટા નામ પણ બહાર આવે તેવી પૂરી શક્યતા છે.

## રાજપીપલામાં 'આપણો તાલુકો બાગાયત તાલુકો' શિબિર યોજાઈ, ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ



રાજપીપળા | નર્મદા જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી અને ગુજરાત સરકારના બાગાયત ખાતાના સંયુક્ત ઉપક્રમે રાજપીપલાના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે 'આપણો તાલુકો બાગાયત તાલુકો' અભિયાન અંતર્ગત ખેડૂતમિત્રો માટે એક વિશેષ તાલીમ, સેમિનાર અને શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના પ્રારંભે નાયબ બાગાયત અધિકારીશ્રી એન.વી. પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારની વિવિધ કૃષિ અને સંલગ્ન વિભાગોની યોજનાઓનો લાભ વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે અને એક જ મંચ પર વિવિધ વિભાગોની માહિતી ઉપલબ્ધ થાય તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે. સેમિનાર દરમિયાન જિલ્લાના મદદનીશ ખેતી નિયામકશ્રી દ્વારા ખેતીવાડી વિભાગની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે ખેડૂતોને 'આઈ-ખેડૂત' પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની સરળ પ્રક્રિયા, બિયારણ, કૃષિ સહાય અને વિભાગ દ્વારા અમલમાં મુકાતી યોજનાઓથી માહિતગાર કર્યા હતા.



## સાગબારામાં વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

(એજન્સી) રાજપીપળા I તા. 21

"સપનું જોવું મહત્વનું છે, પરંતુ તે સપનાને સાકાર કરવા માટે સાચી દિશા, યોગ્ય માર્ગદર્શન અને સતત મહેનત જરૂરી છે." આ વિચારને સાર્થક કરવાની દિશામાં નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ માટે એક અત્યંત પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના માર્ગદર્શન હેઠળ સાગબારા ખાતે આવેલી શ્રી નવરચના હાઈસ્કૂલના પરિસરમાં છસોથી વધુ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ભવ્ય કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં જિલ્લા વહીવટી તંત્ર, શિક્ષણ વિભાગ અને રોજગાર વિનિમય કચેરીના અધિકારીઓ વિશેષરૂપે જોડાયા હતા.

સેમિનાર દરમિયાન પ્રાઈડ કેરિયર એકેડેમીના નિષ્ણાત શ્રી જગદીશભાઈ બરવાળીયા દ્વારા રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ તેમજ લાયકાતના ધોરણો અંગે સરળ અને રસપ્રદ શૈલીમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધોરણ દસ પછી કયો પ્રવાહ પસંદ કરવો અને ધોરણ બાર બાદ કયા ક્ષેત્રોમાં આગળ વધી શકાય તે અંગે વિદ્યાર્થીઓને વ્યવહારુ સમજણ આપવામાં આવી હતી. આ માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ સામે કારકિર્દીના અનેક નવા વિકલ્પોના દ્વાર ખુલ્યા હતા અને તેમને ભવિષ્યની સ્પર્ધાત્મક દુનિયા માટે સજ્જ થવાની દિશા મળી હતી.

## બ્રિક્સ યુવા પ્રતિનિધિમંડળે લીધી એસઓયુની મુલાકાત, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાની મુલાકાત લીધી

(એજન્સી) એકતા નગર I તા. 21

ગાંધીનગર ખાતે આયોજિત બ્રિક્સ યુથ સમિટ અને બ્રિક્સ યુથ કાઉન્સિલના ભાગરૂપે વિવિધ બ્રિક્સ દેશોના યુવા પ્રતિનિધિમંડળના સભ્યોએ વીસ ઓગસ્ટ, 2026ના રોજ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. યુવાનો વચ્ચે પરસ્પર સહકાર, સંવાદ અને જોડાણને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ યુવા પરિષદના ડેલિગેટ્સે એકતા નગર પહોંચીને સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા નિહાળી હતી અને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન, રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાન તથા ભારતની એકતા અને અખંડિતતાના સંદેશ વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવી હતી.

બ્રિક્સ પ્રતિનિધિમંડળ માટે એકતા નગરના સર્વાંગી વિકાસ, સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટ, વિવિધ પ્રવાસન આકર્ષણો તથા પ્રવાસીઓ માટે ઉપલબ્ધ વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી દ્વારા એક વિશેષ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રેઝન્ટેશન દરમિયાન પ્રતિનિધિમંડળને એકતા નગર ખાતે પ્રવાસન ક્ષેત્રે હાથ ધરવામાં આવેલા વિકાસકાર્યો અને અદ્યતન સુવિધાઓ વિશે વિગતવાર માહિતી પ્રાપ્ત થઈ હતી, જેણે વિદેશી મહેમાનોનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રેઝન્ટેશન બાદ પ્રતિનિધિમંડળે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની મુલાકાત લીધી હતી. બ્રિક્સ દેશોના યુવાનો વચ્ચે વિચારોનું આદાન-પ્રદાન, પરસ્પર સમજણ અને સહકાર વધે તેવા હેતુ સાથે યોજાયેલી આ મુલાકાત ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને વિકાસની અદ્ભુત ઝાંખી કરાવનાર સાબિત થઈ હતી. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેકટરશ્રી ગોપાલ બામણીયા, નાયબ કલેક્ટર શ્રી નિરવ પારીતોષ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી દિલીપ દેસાઈ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વિવિધ દેશોમાંથી આવેલા યુવા ડેલિગેટ્સ માટે એકતા નગરની આ મુલાકાત ભારતની એકતા, અખંડિતતા અને વિવિધતામાં એકતાના મૂલ્યોને નજીકથી અનુભવવાનો એક અત્યંત યાદગાર અને પ્રેરણાદાયી અવસર બની રહી હતી.



## દેડિયાપાડા KVK ખાતે ખેડૂતો માટે તાલીમ શિબિર

(એજન્સી) રાજપીપળા I તા. 21

ખેતીમાં રાસાયણિક ઈનપુટનો ઉપયોગ ઘટાડીને જમીનની ફળદ્રુપતા જાળવવા, પર્યાવરણનું સંરક્ષણ કરવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવાના ઉમદા હેતુ સાથે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), નવસારી કૃષિ યુનિવર્સિટી, દેડિયાપાડા ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-નર્મદાના સહયોગથી સાગબારા તાલુકાના નવા મિશન ક્લસ્ટર પાંચપીપરી અને સેલંબાના ખેડૂતો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને ક્લસ્ટરના ખેડૂતોએ ઉત્સાહભેર સહભાગિતા નોંધાવી હતી. તાલીમ સત્ર દરમિયાન KVKના નિષ્ણાત વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો, તેના લાંબા ગાળાના ફાયદાઓ તેમજ ખેતરમાં તેનો વ્યવહારુ અમલ કેવી રીતે કરી શકાય તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માત્ર સૈદ્ધાંતિક બાબતો સુધી મર્યાદિત ન રહેતા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં અત્યંત મહત્વપૂર્ણ ગણાતા જીવામૃત અને બીજામૃત તૈયાર કરવાની પદ્ધતિનું પ્રત્યક્ષ અને જીવંત નિદર્શન પણ કરાયું હતું, જેથી ખેડૂતો જાતે આ પદ્ધતિ સમજીને પોતાના ખેતરમાં તેનો સરળતાથી ઉપયોગ કરી શકે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના પાક ઉત્પાદનને યોગ્ય બજાર અને ઓળખ અપાવવા માટે PGS-NF સર્ટિફિકેશન પ્રક્રિયા અંગે પણ વિશેષ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## વડોદરામાં ટાયર શોપની આડમાં ગાંજાનું વેચાણ પકડાયું, ડીપી કોર્પોરેશન ટાયર શોપ



વડોદરા | વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સક્રિય બનેલી કપુરાઈ પોલીસને મળેલી બાતમીના આધારે એક મોટી સફળતા મળી છે. સોમા તળાવ ચાર રસ્તા નજીક આવેલી ડીપી કોર્પોરેશન નામની ટાયર શોપના સંચાલક દ્વારા દુકાનની આડમાં ગાંજાનો જથ્થો રાખીને તેનું ગેરકાયદેસર વેચાણ કરવામાં આવતું હોવાની ચોક્કસ માહિતી મળી હતી. આ બાતમીને પગલે પોલીસે તાત્કાલિક ધોરણે દુકાનમાં દરોડો પાડીને સઘન તપાસ હાથ ધરી હતી, જેમાં દુકાનમાંથી શંકાસ્પદ વસ્તુઓ મળી આવી હતી. પોલીસ તપાસ દરમિયાન ડ્કાનની અંદર દીવાલમાં ખૂબ જ ચાલાકીપૂર્વક લગાવવામાં આવેલી એક પેટીમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટાયર શોપના સંચાલક પિયુષ ઉર્ફે પીન્ટુ ભરત વાઢેર (રહે. દ્વારકેશ સિટી, કપુરાઈ ચોકડી પાસે) ની પૂછપરછ કરીને તેની પાસેથી કુલ 1,184 ગ્રામ ગાંજો કબજે કર્યો હતો, જેની બજાર કિંમત આશરે રૂ. 59,200 થાય છે. ગાંજા ઉપરાંત અન્ય મુદ્દામાલ મળીને કુલ રૂપિયા 64,200 નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે.

## આઠસોથી વધુ વિદ્યાર્થીઓએ લીધો લાભ

# નર્મદા જિલ્લામાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર



(એજન્સી) રાજપીપળા I તા. 21

આદિવાસી બહુલ અને આકાંક્ષી નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓને અભ્યાસ બાદની કારકિર્દીની વિવિધ તકો અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે અને તેઓ પોતાની ક્ષમતા તથા લક્ષ્ય અનુસાર યોગ્ય ક્ષેત્ર પસંદ કરી શકે તેવા ઉમદા હેતુ સાથે જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના માર્ગદર્શન હેઠળ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, નિવાલ્દા ખાતે એક ભવ્ય કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણ વિભાગ અને રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં દેડિયાપાડા તાલુકાની વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાંથી આઠસોથી વધુ ઉત્સાહી વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા.

સેમિનાર દરમિયાન પ્રાઈડ કેરિયર એકેડેમીના તજજ્ઞ શ્રી જગદીશભાઈ બરવાળીયા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ રાજ્ય અને કેન્દ્રીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ, અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ તેમજ સરકારી ક્ષેત્રોમાં પ્રવેશ માટે જરૂરી તૈયારીઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધોરણ દસ પછી કયો પ્રવાહ પસંદ કરવો અને ધોરણ બાર બાદ કયા ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ કરવો તે અંગે સરળ અને રસપ્રદ શૈલીમાં સમજણ આપવામાં આવી હતી. જિલ્લા શિણાધિકારીશ્રી ડૉ. કિરણબેન પટેલે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે કારકિર્દી ઘડતરનો સાચો પાયો શાળાકીય શિક્ષણ દરમિયાન જ મજબૂત બને છે, તેથી સમયસર લક્ષ્ય નક્કી કરીને સતત મહેનત કરવી અનિવાર્ય છે.

આ સેમિનારનું સૌથી મોટું આકર્ષણ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રહ્યા હતા, જેઓ હાલમાં સરકારના વિવિધ વિભાગોમાં સફળતાપૂર્વક ફરજ બઝાવી રહ્યા છે. સુશ્રી સુનિતાબેન વસાવા, શ્રી વિજયકુમાર વસાવા, સુશ્રી જાગૃતિબેન વસાવા અને શ્રી દિપ્તેશભાઈ વસાવા જેવા પ્રતિનિધિઓએ પંચાયત, મહેસૂલ તેમજ શિક્ષણ વિભાગની ટેટ-ટાટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પોતાના અનુભવો શેર કર્યા હતા. પોતાની જ શાળામાંથી ભણીને સરકારી સેવામાં પહોંચેલા આ યુવાનોના માર્ગદર્શનથી ઉપસ્થિત વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને "આપણે પણ આ સિદ્ધિ મેળવી શકીએ છીએ" તેવી દ્રઢ ભાવના વધુ મજબૂત બની હતી. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના પ્રયાસોથી આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર અને જાગૃતિ ઝડપથી વધી રહી છે.

આ સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દર્શાવતા જણાવ્યું હતું કે આ માર્ગદર્શન તેમને ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સ્પષ્ટ દિશા પૂરી પાડશે. માત્ર શું ભણવું તેટલું જ નહીં, પરંતુ કેમ ભણવું અને લક્ષ્ય સુધી કઈ રીતે પહોંચવું તેની સમજ મળવાથી વિદ્યાર્થીઓમાં નવો જુસ્સો જોવા મળ્યો છે. નર્મદા જેવા આકાંક્ષી જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી આ સરાહનીય પહેલથી સ્થાનિક વિદ્યાર્થીઓ પોતાની સીમાઓ ઓળંગીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરવા માટે સજ્જ થઈ રહ્યા છે.

# નાગરિકોની સતર્કતા અને સાવચેતી અનેક ડિજિટલ છેતરપિંડીઓને અટકાવી શકે છે: સુરત પોલીસ

(એજન્સી) સુરત I તા. 21

દેશભરમાં વધી રહેલા સાયબર છેતરપિંડી અને ડિજિટલ નાણાકીય કૌભાંડોના બનાવોને ધ્યાનમાં રાખીને, Bajaj Finance Limited (BFL), ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની NBFC અને Bajaj Finservનો ભાગ, એ જાહેર જનતામાં નાણાકીય અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ વધારવાના તેના સતત પ્રયાસોના ભાગરૂપે સુરતમાં "Knockout Digital Fraud" ઝુંબેશ દ્વારા જાગૃતિ ફેલાવી.આ પહેલ RBI ના ફ્રોડ રિસ્ક મેનેજમેન્ટ માર્ગદર્શિકા સાથે સુસંગત છે અને ફિશિંગ, OTP છેતરપિંડી, નકલી લોન ઓફર, રોકાણ કૌભાંડ, ડિજિટલ અરેસ્ટ છેતરપિંડી તેમજ સોશિયલ મીડિયા અને મેસેજિંગ પ્લેટફોર્મ પર શેર થતી છેતરપિંડીયુક્ત લિંક્સ જેવા સામાન્ય સાયબર જોખમો વિશે લોકોમાં જાગૃતિ લાવવા પર કેન્દ્રિત છે. નિષ્ણાતોએ વ્યક્તિગત અને બેન્કિંગ માહિતીની સુરક્ષાના મહત્વ પર ભાર મૂક્યો અને નાગરિકોને ઓનલાઇન વ્યવહારો કરતી વખતે સતર્ક રહેવા માટે પ્રોત્સાહિત કર્યા.Bajaj Finance ની "Knockout Digital Fraud" જાગૃતિ પહેલ દરમિયાન બોલતાં, સુરત સાયબર ક્રાઇમ ટીમના PSI કૃષ્ણા અસોડરિયાએ નાગરિકોને "ક્લિક કરતાં પહેલાં વિચારો" (Think Before You Click) ના સિદ્ધાંતનું પાલન કરવા વિનંતી કરી અને અજાણી લિંક્સ, કૉલ્સ



તથા મેસેજની ચકાસણી કરવાના મહત્વ પર ભાર મૂક્યો."સાયબર છેતરપિંડી એક વધતી જતી સામાજિક સમસ્યા છે અને વપરાશકર્તાઓએ ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરતી વખતે સાવધ રહેવું જોઈએ – વ્યક્તિગત માહિતી બેદરકારીથી શેર કરવાથી છેતરપિંડી કરનારાઓ તેનો દુરુપયોગ કરી શકે છે. 'ગોલ્ડન અવર' ખૂબ જ મહત્વપૂર્ણ છે: જો પીડિત પ્રથમ કલાકની અંદર 1930 પર કૉલ કરીને છેતરપિંડીની જાણ કરે, તો ગુમાવેલા નાણાં પાછા મેળવવાની 90% શક્યતા રહે છે. યાદ રાખો – પ્રથમ 60 મિનિટ ખૂબ જ મહત્વપૂર્ણ છે," તેમણે ઉમેર્યું.આ પ્રસંગે બોલતાં, BFL ના પ્રવક્તાએ જણાવ્યું, "Bajaj Finance માં, અમારા ગ્રાહકોને નાણાકીય છેતરપિંડીથી બચાવવું એ અમારી ટોચની પ્રાથમિકતા છે. ડિજિટલ પ્લેટફોર્મ, સોશિયલ મીડિયા ચેનલ્સ અને સામુદાયિક આઉટરીચ કાર્યક્રમો દ્વારા નિયમિત સલાહ આપીને, અમે સાયબર જોખમો વિશે જાગૃતિ વધારવા અને નાગરિકોને સતર્ક તથા સાયબર-સુરક્ષિત રહેવા માટે સશક્ત બનાવવાનો પ્રયાસ કરીએ છીએ."Bajaj Finance Limited (BFL) એ ગત નાણાકીય વર્ષ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં 100 થી વધુ વર્કશોપનું આયોજન કર્યું હતું, અને આ પહેલ NBFC માટે ભારતીય રિઝર્વ બેંક (RBI) ના ફ્રોડ રિસ્ક મેનેજમેન્ટ માર્ગદર્શિકા સાથે સુસંગત છે તથા ડિજિટલ સુરક્ષા અંગે જાહેર જાગૃતિને મજબૂત બનાવવાનો હેતુ ધરાવે છે. આ કાર્યક્રમમાં નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ, WhatsApp ગ્રુપ્સ અને ગ્રાહકોને છેતરવા માટે નાણાકીય સંસ્થાઓ તથા તેમના કર્મચારીઓની ઓળખ ધારણ કરતી છેતરપિંડીયુક્ત વેબસાઈટ્સ સાથે સંકળાયેલી સામાન્ય છેતરપિંડીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો.આ કાર્યક્રમમાં હાજર નિષ્ણાતો અને મહાનુભાવોમાં સુરત સાયબર ક્રાઇમ ટીમના સભ્યો, નિવૃત્ત ACP વિનય શુક્લા, વી. ટી. ચોકસી લો કૉલેજના ડીન શ્રી ભદ્રેશ દલાલ નો સમાવેશ થાય છે. વી. ટી. ચોકસી લો કૉલેજના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને તેની સફળતામાં યોગદાન આપ્યું.નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સતર્ક રહે, OTP અથવા બેન્કિંગ ક્રેડેન્શિયલ્સ શેર ન કરે, અને શંકાસ્પદ પ્રવૃત્તિઓની તાત્કાલિક જાણ નેશનલ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન 1930 પર અથવા નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ મારફતે કરે. ત્વરિત ફરિયાદ નોંધાવવાથી છેતરપિંડીયુક્ત વ્યવહારોને ફ્રીઝ કરવાની અને નાણાં પરત મેળવવાની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધે છે.

### આગામી સમય સુધી કડક અમલવારી રહેશે

## નર્મદાની સરકારી કચેરીઓમાં ધરણાં-પ્રદર્શન પર પ્રતિબંધ

(એજન્સી) રાજપીપળા I તા. 21

નર્મદા જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા અને તાલુકાની અન્ય સરકારી કચેરીઓ ખાતે પોતાની વિવિધ માંગણીઓ તથા રજૂઆતો માટે નાગરિકો અને સંસ્થાઓ દ્વારા સમૂહમાં આવવાની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. સંબંધિત કાર્યરત કચેરીઓમાં અધિકારીઓ, કર્મચારીઓ તેમજ કચેરીમાં કામ અર્થે આવતા નાગરિકોના વિવિધ કાર્યો સરળતાથી ચાલે, તેઓની શાંતિ અને સલામતી જળવાઈ રહે અને સૌહાર્દપૂર્ણ માહોલ તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લામાં આવેલી સરકારશ્રીના વિવિધ વિભાગોની તમામ કચેરીઓના કંપાઉન્ડ વિસ્તારમાં કેટલાંક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સી.કે. ઉંધાડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના કોઈપણ પ્રકારના પ્રદર્શન, ધરણાં, ઉપવાસ કે રેલી યોજવા પર કડક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, કચેરી પરિસરમાં કોઈપણ પ્રકારની માઈક સિસ્ટમ તથા ડી.જે. નો ઉપયોગ કરવા પર પણ રોક લગાવવામાં આવી છે. કચેરી ખાતે આવતી રોજીંદી કામગીરીમાં અધિકારીઓ, કર્મચારીઓ, અરજદારો તથા મુલાકાતીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ઉત્પન્ન થાય તેવા કૃત્યો કરવા તેમજ કચેરીઓ ખાતે શાંતિ, સલામતી અને સંવાદિતા જોખમાય તેવા સૂત્રોચ્ચારો કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરકારી કચેરીઓની સુરક્ષા અને વહીવટી કામગીરીની સુચારુ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ જાહેરનામાની અમલવારી આગામી ઓગસ્ટ માસના અંત સુધી એટલે કે તારીખ એકત્રીસ ઓગસ્ટ, 2026 સુધી કરવાની રહેશે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા આ જાહેરનામાનો ભંગ કરવામાં આવશે, તો તે કાયદેસરની શિક્ષાને પાત્ર ઠરશે.

### રાજપીપલા પોલીસ સ્ટેશન દ્વારા જાહેર અપીલ

## રાજપીપલાથી યુવતી ગુમ: પોલીસનો સહયોગ માંગ્યો

(એજન્સી) રાજપીપળા I તા. 21

રાજપીપલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ગુમ જાણવા જોગ વિગતો મુજબ, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગોપાલપુરા, ઠાકોર ફળીયામાં રહેતી ત્રેવીસ વર્ષીય ધારાબેન જયદિપસિંહ ગોહિલ ગત અગિયાર ઓગસ્ટ, 2026ના રોજ સાંજના સાડા સાત વાગ્યાના અરસામાં રાજપીપલા ગાર્ડન ખાતેથી કોઈને પણ કંઈ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. આ યુવતી આજદિન સુધી પોતાના ઘરે પરત ફરી ન હોવાથી પોલીસ ચોપડે ગુમ થયા અંગેની નોંધ કરવામાં આવી છે.

લાપતા થયેલી યુવતીની પરિવાર અને પોલીસ દ્વારા સઘન તપાસ કરાવવા છતાં હજુ સુધી કોઈ ભાળ મળી શકી નથી. ગુમ થનાર ધારાબેને શરીર પર પીળા રંગનો ટોપ અને ભૂરા રંગનું જીન્સ પેન્ટ તેમજ પગમાં ચંપલ પહેરેલા છે. તેમના શારીરિક વર્ણનની વાત કરીએ તો, તેઓ મધ્યમ બાંધાના, શ્યામ વર્ણના, ગોળ ચહેરાવાળા, નાની આંખો ધરાવતા અને પાંચ ફૂટની ઊંચાઈ ધરાવે છે. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા બોલી શકે છે. યુવતી અચાનક ઘરેથી ક્યાંક નીકળી ગયા બાદ પરત ન ફરતા પોલીસે ગુમ નોંધ નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. રાજપીપલા પોલીસ સ્ટેશનના એફ.બી. વસાવા દ્વારા જાહેર કરવામાં આવેલી અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે જો કોઈ નાગરિક પાસે આ યુવતી અંગે કોઈ પણ પ્રકારની જાણકારી કે માહિતી હોય, તો તેઓ તુરંત જ રાજપીપલા પોલીસ સ્ટેશનના ફોન નંબર 6359626540 પર સંપર્ક સાધી શકે છે, જેથી યુવતીની સત્વરે ભાળ મેળવી શકાય.

પોલીસ પ્રશાસન દ્વારા સોશિયલ મીડિયા અને અખબરોના માધ્યમથી આ માહિતી વ્યાપક સ્તરે ફેલાવવામાં આવી રહી છે જેથી નાગરિકો પણ સતર્ક રહી શકે. આવા સંવેદનશીલ મામલાઓમાં નાગરિકોનો સહયોગ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થતો હોય છે, અને વહીવટી તંત્ર દ્વારા લોકભાગીદારીથી યુવતીને હેમખેમ શોધી કાઢવાના પ્રયાસો ચાલુ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**વૃષભ : બ. વ. ઉ.**

માનસિક શાંતિ માટે તમારા ટૅન્શનનો ઉકેલ લાવો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

**કર્ક : ડ. હ.**

હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**સિંહ : મ. ટ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કન્યા : પ. ઠ. ણ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**તુલા : ર. ત.**

તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુ:ખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે

**મકર : ખ. જ.**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

## રામાયણ

### આણંદપર (યક્ષ) પ્રાથમિક શાળામાં ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી: વિદ્યાર્થીઓએ 'રામાયણ' મંચનથી જીત્યા દિલ



| મહેશ એલ. સોની | નખત્રાણા

દેશભક્તિના રંગે રંગાયેલો માહોલ, ભારત માતાની જયના નાદ અને સંસ્કારનો ત્રિવેણી સંગમ એટલે નખત્રાણા તાલુકાની આણંદપર (યક્ષ) પ્રાથમિક શાળા.અહીં ૧૫મી ઓગસ્ટના પાવન પર્વ અને ૮૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે એક અવિસ્મરણીય અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વતંત્રતાના આ મહાપર્વની ઉજવણીને માત્ર ધ્વજવંદન પૂરતી સીમિત ન રાખતા શાળા પરિવારે ભારતીય સંસ્કૃતિના મૂળ સમાન 'રામાયણ'ને મંચ પર જીવંત કરવાનો ભગીરથ પ્રયાસ કર્યો હતો. અને આ પ્રયાસને સાર્થક કર્યું શાળાના નાના ભૂલકાઓએ.શાળાના ઉત્સાહી અને તેજસ્વી વિદ્યાર્થીઓ દ્વારા પ્રભુ શ્રી રામના આદર્શ, ત્યાગ અને મર્યાદા પુરુષોત્તમ જીવન પર આધારિત 'રામાયણ' નાટ્ય પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. આ સમગ્ર નાટકનું ઉત્કૃષ્ટ આયોજન, દિગ્દર્શન અને માર્ગદર્શન શાળાના કર્મનિષ્ઠ અને સેવાભાવી શિક્ષિકા શ્રીમતી અનિતા રમેશભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.અનિતાબેનના અથાક પરિશ્રમ અને વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવી. વિદ્યાર્થીઓની આકર્ષક વેશભૂષા, સ્પષ્ટ અને ઓજસ્વી સંવાદ ફેંક અને અદ્ભુત સ્ટેજ પરફોર્મન્સે ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. જાણે રામાયણના દરેક પાત્રો - રામ, સીતા, લક્ષ્મણ, હનુમાન સાક્ષાત મંચ પર ઉતરી આવ્યા હોય તેવો અહેસાસ થયો હતો. રામાયણના પ્રસંગોને એટલી જીવંતતાથી રજૂ કરાયા કે ઉપસ્થિત વાલીઓ અને ગ્રામજનો ભાવવિભોર બની ગયા હતા.

### ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા

# ડેડીયાપાડા માં વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો




રાજપીપલા : આદિવાસી બહુલ અને આકાંક્ષી નર્મદા જિલ્લાના વિદ્યાર્થીઓને અભ્યાસ બાદની કારકિર્દીની વિવિધ તકો અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે અને તેઓ પોતાની ક્ષમતા, રસ તથા લક્ષ્ય અનુસાર યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તેવા ઉમદા હેતુ સાથે જિલ્લા કલેક્ટર ગંગા સિંઘના માર્ગદર્શન હેઠળ સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, નિવાલ્દા ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણ વિભાગ અને રોજગાર વિનિમય કચેરીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં દેડિયાપાડા તાલુકાની વિવિધ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને કારકિર્દીની નવી તકો અંગે વ્યવહારુ તથા સાચી દિશા આપવાનો જિલ્લા વહીવટી તંત્રનો આ પ્રયાસ વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતર માટે મહત્વપૂર્ણ સાબિત થયો હતો.સેમિનારમાં પ્રાઈડ કેરિયર એકેડેમી, સુરતના જગદીશભાઈ બરવાળીયા દ્વારા વિવિધ રાજ્ય અને કેન્દ્રીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ, પરીક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, લાયકાતના ધોરણો તથા વિવિધ સરકારી ક્ષેત્રોમાં પ્રવેશ માટે જરૂરી તૈયારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ધોરણ-10 પછી કયો પ્રવાહ પસંદ કરવો અને ધોરણ-12 બાદ કયા ક્ષેત્રમાં અભ્યાસ કરવો તે અંગે પણ વિદ્યાર્થીઓને સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપી કારકિર્દીની પસંદગી માટે જરૂરી સમજણ આપવામાં આવી હતી.જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. કિરણબેન પટેલે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, કારકિર્દી ઘડતરનો પાયો શાળાકીય શિક્ષણ દરમિયાન જ મજબૂત બને છે. ધોરણ-10 અને 12 બાદની તકોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ સમયસર પોતાનું લક્ષ્ય નક્કી કરી તે મુજબ અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી શરૂ કરવી જોઈએ. યોગ્ય આયોજન, સતત મહેનત અને સમયસર તૈયારીથી સરકારી તથા અન્ય ક્ષેત્રોમાં કારકિર્દીની ઉત્તમ તકો પ્રાપ્ત કરી શકાય છે તેમ તેમણે સમજાવ્યું હતું.સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-નિવાલ્દાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલમાં સરકારના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા સુનિતાબેન વસાવા, વિજયકુમાર વસાવા, જાગૃતિબેન વસાવા અને દિપ્તેશભાઈ વસાવાએ વિદ્યાર્થીઓ સાથે પોતાના અનુભવો શેર કર્યા હતા.તેમણે પંચાયત વિભાગની પરીક્ષાઓ, મહેસૂલ વિભાગની પરીક્ષાઓ તેમજ શિક્ષણ વિભાગની TET-TAT જેવી પરીક્ષાઓ અંગેની વિગતો, લાયકાત, તૈયારીની પદ્ધતિ, અભ્યાસનું આયોજન તથા પરીક્ષા પાસ કરવા માટેની અસરકારક રણનીતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## માકણી રણછોડજી મંદિરમાં ભવ્ય હિંડોળા ઉત્સવનો પ્રારંભ

| કમલેશ પટેલ | સંખેડા.

બોડેલી નજીક આવેલા પ્રસિદ્ધ માકણી રણછોડજી મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભવ્ય હિંડોળા ઉત્સવનો પ્રારંભ થયો છે. શ્રાવણ સુદ બીજથી શરૂ થયેલો આ ઉત્સવ 15 દિવસ સુધી ચાલશે, જેમાં દરરોજ ઠાકોરજીને અલગ-અલગ વૈવિધ્યસભર હિંડોળામાં ઝુલાવવામાં આવશે. મંદિર મેનેજમેન્ટ દ્વારા મળતી માહિતી મુજબ, આ વર્ષે ભક્તો માટે



આકર્ષણનું કેન્દ્ર બની રહેલા હિંડોળા દર્શનની વિવિધતા ખાસ છે. આ ઉત્સવ દરમિયાન ફૂલવેણી, લીલા શાકભાજી, રંગીન કાગળ, કેવડા, મોતી, ચલણી નોટો, દિવાસળી, ઈયરબડ્સ, કાજુ-બિસ્કિટ અને કાજુ-દ્રાક્ષ જેવા વિવિધ હિંડોળા સજાવવામાં આવશે.ખાસ કરીને પૂનમના દિવસે સૂકા મેવાનો ભવ્ય હિંડોળો સજાવવામાં આવશે, જે દર્શનાર્થીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.ઉત્સવના 15 દિવસ દરમિયાન દરરોજ સાંજે હિંડોળા દર્શન, ભજન-કીર્તન અને આરતીનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિર પરિસરને પણ રોશનીથી ભવ્ય રીતે શણગારવામાં આવ્યું છે.મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ વૈષ્ણવ ભક્તોને આ પવિત્ર હિંડોળા ઉત્સવના દર્શનનો લાભ લેવા ભાવભરી વિનંતી કરવામાં આવી છે.

### ઘરફોડ

## મેઘપર પોલીસે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીને ઝડપી લઈ રૂ.96 હજારનો મુદ્દામાલ કબજે કર્યો

(એજન્સી) જામનગર | તા.21

મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા તેમજ અનડીટેક્ટ મિલકત સંબંધિત ગુનાઓનો ભેદ ઉકેલી આરોપીઓને ઝડપી પાડવા રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા આપવામાં આવેલી સૂચનાઓના અનુસંધાને, લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભા રાવના સીધા માર્ગદર્શન હેઠળ મેઘપર (પડાણા) પોલીસ સ્ટાફ દ્વારા ઘરફોડ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં આવ્યો છે.મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 305(એ), 331(3), 331(4) સહિતની કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં ફરિયાદીની ખાનગી કંપનીના સ્ટોર રૂમમાં રાખવામાં આવેલા કન્ટેનરમાંથી કોપરની પ્લેટોની ચોરી થઈ હતી. આ બનાવ અંગે પોલીસે ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન સોર્સિંગના આધારે તપાસ હાથ ધરી હતી. જે ચોરીના મુદ્દામાલ સાથે પોલીસે સિક્કા ગામના મહેબુબભાઈ ગુલામભાઈ ઉર્ફે સલીમભાઈ ખલીફા (ઉ.વ.35) તથા ચંગા પાટીયા, ગોરાણીયા પેટ્રોલપંપ નજીક રહેતા ગોપાલસિંહ ભંવરસિંહ રાવણા રાજપુત (ઉ.વ.41)ને ઝડપી લીધા હતા.પોલીસે બંને આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલી કોપર ધાતુની પ્લેટ નંગ-15, કુલ કિંમત રૂ.96,000નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### લઠ્ઠાકાંડ

## ભાવનગર લઠ્ઠાકાંડની વચ્ચે ભાવનગરના બે શખ્સો દારૂ ભરેલી કાર સાથે વડોદરામાં પકડાયા

ભાવનગર : ભાવનગરના લઠ્ઠાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. ગઈકાલે ભારતમાં લાગતો જે પરથી ભાવનગરમાં બે આરોપીઓ દારૂ સાથે પકડાયા છે જે અંગે તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે. વડોદરા તાલુકા પોલીસની માહિતી મળી હતી કે વિદેશી દારૂનો જથ્થો ભરીને એક કાર વડોદરા તરફ આવવાની છે. જેથી પોલીસે સમયાલા ગામ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન એક શંકાસ્પદ કાર આવતા પોલીસ ઉભી રાખી ચેક કરતા તેમાંથી વિદેશી દારૂની 114 બોટલ કિંમત 74,820 રૂપિયાની મળી આવી હતી. પોલીસે દારૂ મોબાઈલ ફોન અને કાર મળી કુલ 2.84 લાખની મતા કબજે કરી છે.ડ્રાઈવર અજય મહેશભાઈ કુકરેજા (રહે નવું સિંધુનગર, રામાપીર મંદિરની બાજુમાં, સરદાર નગર ભાવનગર) તથા (2) મહેશ શશીકાંતભાઈ કટકિયા (રહે. મફત નગર, સરદાર નગર, ભાવનગર ) ની સામે ગુનો દાખલ કરી પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા તાલુકા પોલીસે ભાવનગરથી આવતી કારમાંથી રૂ. 74,820નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. સમિયાલા ટોલનાકા પાસે વોચ ગોઠવી પોલીસે 114 બોટલ દારૂ સાથે 2 આરોપી, અજય કુકરેજા અને મહેશ કટકિયાને ઝડપી પાડ્યા હતા.

### પ્રેમલગ્નના મામલે યુવક પર જીવલેણ હુમલો

## સાળા સહિત 4 શખ્સોએ પાઈપ, છરી અને પેપર સ્પ્રેથી હુમલો કર્યો

(એજન્સી) જામનગર | તા.21

જામનગરના ગાંધીનગર વિસ્તારમાં પ્રેમલગ્નનો ખાર રાખી એક યુવક ઉપર પત્નીના ભાઈ સહિત શખ્સોએ લોખંડના પાઈપ, છરી અને પેપર સ્પ્રે વડે જીવલેણ હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. હુમલામાં યુવકના હાથ અને પગમાં ફ્રેક્ચર તેમજ કાન સહિતના શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ થતાં તેને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે.ગાંધીનગર, સાઈબાબાના મંદિર પાછળ રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા પાર્થ રાજેશભાઈ સોલંકી (ઉંમર 25)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.19ની રાત્રે આશરે દસ વાગ્યાના અરસામાં તે પોતાના ઘર બહાર ઓટલા પાસે મિત્ર પ્રેમભારથી ગોસાઈ અને કુલદિપસિંહ જાડેજા સાથે બેઠો હતો. તે દરમિયાન એક મોટરસાઈકલ પર મયુરસિંહ સંજયસિંહ જાડેજા તથા ઈંદ્રજીતસિંહ ગોહિલ ઉર્ફે પેથો અને એક્ટિવા પર નવલો માજોઠી તથા શબીર ઉર્ફે શબલો બેબો ત્યાં આવ્યા હતા. તેમની પાસે લોખંડના પાઈપ, છરી અને પેપર સ્પ્રે હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.આ શખ્સોએ પાર્થ તથા તેના મિત્ર પ્રેમભારથીની આંખમાં પેપર સ્પ્રે છાંટ્યો હતો. બનાવથી ગભરાઈ કુલદિપસિંહ ત્યાંથી ભાગી ગયો હતો. પાર્થ રાડારાડી કરતાં તેની માતા સોનલબેન અને પત્ની અસ્મીતાબેન ઘરની બહાર આવતાં તેમના ઉપર પણ પેપર સ્પ્રે છાંટવામાં આવ્યો હતો.

પાર્થ ભાગવાનો પ્રયાસ કરતો હતો ત્યારે નવલા માજોઠીએ લોખંડના પાઈપ વડે તેના ડાબા પગના ગોઠણની નીચેના ભાગે ઘા કર્યો હતો. ત્યારબાદ મયુરસિંહ જાડેજાએ છરી વડે હુમલો કરતાં બચાવ કરવા હાથ આડો ધરતાં તેના જમણા હાથની નાની આંગળી ઉપર ગંભીર ઈજા થઈ હતી. ઈંદ્રજીતસિંહ પેથાએ લોખંડના પાઈપ વડે ડાબા હાથ અને ખભા-વાસાના ભાગે માર માર્યો હતો. આ દરમિયાન એક ઘા ડાબા કાન ઉપર વાગતાં લોહી નીકળ્યું હતું. શબીર ઉર્ફે શબલો બેબોએ પણ ઢીકાપાટુનો માર માર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.દરમિયાન યશ ભાનુશાળી પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને તેણે પાર્થને ઢીકાપાટુનો માર માર્યો હતો. આસપાસના લોકો ભેગા થતાં હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. જતા સમયે મયુરસિંહ જાડેજાએ પાર્થને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ છે.પાર્થના મિત્ર કુલદિપસિંહે 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં તેને માતા સોનલબેન તથા કુલદિપસિંહ સાથે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

## સંખેડા તાલુકાના હાંડોદથી રતનપુર-રામપુરા રોડની લાંબા સમયથી ખરાબ હાલતને પગલે આખરે તંત્રએ કાર્યવાહી હાથ ધરી

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના હાંડોદથી રતનપુર-રામપુરા રોડની લાંબા સમયથી ખરાબ હાલતને પગલે આખરે તંત્રએ કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડ પર વેટ મિક્સ મટીરીયલથી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે જ નવા રોડ માટે સરકારમાં દરખાસ્ત પણ રજૂ કરાઈ છે.ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રતનપુર-રામપુરા રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા હતા. આના કારણે વાહનચાલકો, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અને શાળાના બાળકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી અને અકસ્માતનો ભય પણ વધી ગયો હતો. ગ્રામજનોની સતત રજૂઆતો બાદ માર્ગ અને





મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ડામર અને વેટ મિક્સ મટીરીયલ લાવી પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે. વિભાગના કર્મચારીઓ દ્વારા યુદ્ધના ધોરણે ખાડા પુરવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડને સંપૂર્ણપણે નવો બનાવવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત મંજૂર થતાં ટૂંક સમયમાં નવા રોડનું નિર્માણ કાર્ય પણ શરૂ કરવામાં આવશે.પેચવર્ક શરૂ થતા સ્થાનિકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોએ જણાવ્યું કે સમારકામ પૂર્ણ થવાથી વાહન વ્યવહાર સરળ બનશે અને અકસ્માતનું જોખમ ઘટશે. તેમણે તંત્રનો આભાર માની નવો રોડ ઝડપથી મંજૂર થાય તેવી માંગ પણ કરી છે.

## રાજપીપલા હિન્દૂ દેવસ્થાન સમિતિ માં લાંબા સમય બાદ ટ્રસ્ટીઓ ની નિમણુંક

રાજપીપલા : રાજપીપલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારો ના વિવિધ મંદિરો નો વહીવટ કરતી અને મામલતદાર ના અધ્યક્ષસ્થાન હેઠળ ની હિન્દૂ દેવસ્થાન સમિતી માં નવા ટ્રસ્ટીઓ ની નિમણુંક કરવામાં આવીછે . પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા ઘણા સમયથી રાજપીપલા હિન્દૂ દેવસ્થાન સમિતી માં ટ્રસ્ટીઓ ની નિમણુંક નહતી થઈ જેમાં ધારાસભ્ય ડો. દર્શના દેશમુખ ના પ્રયાસો થી નવા ટ્રસ્ટીઓ ની સરકારે નિમણુંક કરી છે જે મુજબ (1) અનિરુદ્ધ ગોહિલ, ડો.રવિ દેશમુખ , નીરજ પટેલ , માન્વેન્દ્રસિંહ ગોહિલ , રમણસિંહ રાઠોડ , સુરેશ વસાવા , અને ઉત્કર્ષ પંડ્યા નો સમાવેશ થાય છે .

## દારૂ પકડાય કે વેચાય તો જવાબદાર અધિકારી સામે પગલા લેવાની ના મુખ્યમંત્રીની જાહેરાતનું સૂરસૂરીયું

ચાણસ્મામાં દારૂ વેચતાં શખ્સનો વિડીયો વાયરલ થયાને 24 કલાકથી વધારે સમય થયો છતાં એસ પી દ્વારા ચાણસ્મા પોલિસ સામે કોઈ જ કાર્યવાહી નહી. ભાવનગરમાં લઠ્ઠાકાંડની. શાહી સુકાઈ નથી ત્યારે બીજા જ દિવસે ચાણસ્મા હાઈવે પર ઈકો ગાડીમાં કોઈ શખ્શ દારૂ વેચાણ કરતો હોવાનો વિડીયો વાયર થતાં ચાણસ્મા પોલિશ દ્વારા આરોપીની અટકાયત કરી સંતોષ. વ્યકત કર્યો હતો પરંતું. વિડીયો વાયરલ થયાની ઘટનાને 24 કલાકથી વધારે સમય વિતી ગયા છતાં અને રાજ્ય નાયબ મુખ્યમંત્રી એવું ગૃહમંત્રી દ્વારા જે વિસ્તારમાં દારૂ પકડાશે વેચાણ થતું હોવાની જાણ થશે તો જવાબદાર પોલિશ અધિકારી કે જવાબદાર પોલીસ કર્મચારી સામે પગલાં લેવાની જાહેરાત કરાઈ હોવા છતાં પાટણ એસપી દ્વારા ચાણસ્માની દારૂ વેચાણ વિડીયો વાયલ ઘટનાની ચાણસ્મા પોલિશ મથકના જવાબદાર અધિકારી કે કર્મચારી સામે કોઈ કાર્યવાહી



નહી કરી નાં મુખ્યમંત્રીની જાહેરાત નું સુરસુરીયું બોલાવાયું સામે આવ્યું છે ચાણસ્મા પોલિશે વાયરલ થયેલ વિડીયોના આધારે આરોપીની અટકાયત કરી કાર્યવાહી કરી પરંતુ ચાણસ્મા પોલિસ ના જવાબદાર પોલિસ અધિકારી શહેર બીટ જમાદાર સામે કાર્યવાહી ક્યારે?

### સાપરની હાઈવે હોટલમાંથી અનુક્રમે 10 લાખ અને 7.5 લાખની વીજચોરી ઝડપાઈ

## જામનગર અને દેવભૂમિ દ્વારકામાં સતત પાંચમા દિવસે પણ PGVCLની વીજચોરી સામે તવાઈ : 4 દિવસમાં 307 ફરિયાદ

(એજન્સી) જામનગર | તા.21

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં PGVCL દ્વારા વીજચોરી વિરુદ્ધ સઘન ચેકિંગ ઝુંબેશ પાંચમા દિવસે પણ યથાવત રહી. જામનગરના લીમડા લાઇન, બેડી ગેટ, મકરાણી પરા અને જામજોધપુરમાં વીજજોડાણોની તપાસ થઈ. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા અને દ્વારકામાં પણ ટીમોએ કાર્યવાહી કરી. 4 દિવસમાં 307 ફરિયાદો નોંધાઈ છે, જેમાં ગુલાબનગરની દિલ્હી દરબાર હોટલ અને સાપરની હાઈવે હોટલમાંથી અનુક્રમે 10 લાખ અને 7.5 લાખની વીજચોરી ઝડપાઈ. પીજીવીસીએલ દ્વારા જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી અને વીજગેરરીતિ સામે શરૂ કરવામાં આવેલી સઘન ચેકિંગ ઝુંબેશ આજે સતત પાંચમા દિવસે પણ યથાવત્ રહી હતી. શુક્રવારે જામનગર શહેરના લીમડા લાઈન, બેડી ગેટ, મકરાણી પરા સહિતના વિસ્તારોમાં વીજજોડાણોની તપાસ કરવામાં આવી હતી. છેલ્લા પાંચ દિવસથી અલગ-અલગ ચેકિંગ ટીમોને સતત મેદાનમાં ઉતારી





વીજજોડાણોની ઝીણવટભરી ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે.જામનગર શહેર ઉપરાંત આજે જામજોધપુરમાં પણ અલગ-અલગ ટીમો દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. બીજી તરફ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા અને દ્વારકા સહિતના વિસ્તારોમાં પણ પીજીવીસીએલની ટીમો દોડતી રહી હતી. પાંચ દિવસથી ચાલી રહેલી આ ઝુંબેશને પગલે વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આજની કામગીરી દરમિયાન લીમડા લાઈન, બેડી ગેટ અને મકરાણી પરા સહિતના વિસ્તારોમાં વીજજોડાણોની ચકાસણી હાથ ધરાઈ હતી. ચેકિંગ દરમિયાન વીજચોરી અથવા વીજવપરાશમાં ગેરરીતિ મળી આવે તેવા કિસ્સામાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે. પીજીવીસીએલ દ્વારા બંને જિલ્લાઓમાં અલગ-અલગ ટુકડીઓને સતત દોડાવી આગામી દિવસોમાં પણ ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ચાર દિવસમાં 307 ફરિયાદ દાખલ થઈ : હાઈવે હોટલમાં વીજચોરી પકડાતા રૂ.7.5 લાખનું બિલ ફટકારાયું. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલ દ્વારા વીજચોરી સામે શરૂ કરવામાં આવેલી સઘન ચેકિંગ ઝુંબેશને પગલે વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. છેલ્લા ચાર દિવસથી બંને જિલ્લામાં વીજજોડાણોની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને મોટી સંખ્યામાં વીજચોરીના કિસ્સા ઝડપી પાડવામાં આવ્યા છે. જામનગરમાં સોમવારથી ગુરૂવાર સુધીના ચાર દિવસમાં વીજચોરીના કુલ 307 કેસમાં પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

## અકોટામાં મકાનના ત્રીજા માળેથી 10 લાખ ઉપરાંતના ઈ-જથ્થો સાથે સગીર પકડાયો, બે વોન્ટેડ

(એજન્સી) અકોટા | તા.21

અકોટા વિસ્તારમાં પોલીસે એક મકાનમાંથી રૂ. 10 લાખથી વધુની કિંમતનો ઈ-સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. SOG ટીમે દરોડો પાડી એક સગીરની અટકાયત કરી હતી. સેફાન ઉર્ફે બાબા મેમણ અને અવેશ પટેલ ઈ-સિગારેટનો સ્ટોક રાખી વેચાણ કરતા હોવાનું ખુલતા, પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના અકોટા વિસ્તારના એક મકાનમાંથી પોલીસે ઈ-સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે એક સગીરની અટકાયત કરી છે. જ્યારે બે જણાને વોન્ટેડ જાહેર કર્યા છે.અકોટા ટાઉનશીપના ત્રીજા માટે મકાનમાં રહેતાસેફાન અને અવેશ નામના શખ્સો ઈ-સિગારેટનો સ્ટોક રાખી અલગ અલગ જગ્યાએ વેચાણ કરતા હોવાની વિગતો મળતા એસ.ઓ.જીની ટીમે દરોડો પાડ્યો હતો.

પોલીસે મકાનમાંથી એક સગીરની અટકાયત કરી હતી. મકાનમાં તપાસ કરતા જુદી જુદી બ્રાન્ડની પ્રતિબંધિત ઈ-સિગારેટનો રૂ.10 લાખથી વધુની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સેફાન ઉર્ફે બાબા ઈકબાલ મેમણ(બહાર કોલની, આજવા રોડ) અને અવેશ રફીક ભાઈ પટેલ (મહંમદ વાડી, અકોટા)ને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

## ન્યૂનતમ પગાર રૂપિયા 69,000 અને વાર્ષિક ધોરણે 6% ઈન્ક્રીમેન્ટની માંગ

# આઠમા પગાર પંચ અંગે દિલ્હીમાં બેઠક: સેલેરી-પેન્શન અને 64 રજાઓ સહિત આ મુદ્દાઓ પર થઈ ચર્ચા

(એજન્સી) નવી દિલ્હી | તા 21




દિલ્હીમાં જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં 8મા કેન્દ્રીય પગાર પંચની બેઠક મળી હતી. NC-JCM સહિત વિવિધ કર્મચારી અને પેન્શનર્સ સંગઠનોએ પગાર, પેન્શન, ભથ્થાં અને ફીટમેન્ટ ફેક્ટર જેવા મુદ્દાઓ પર રજૂઆત કરી. AINPSEF એ OPS, UTs માટે સ્પષ્ટ વ્યવસ્થા અને શિક્ષકોના સેવા નિયમોમાં સમાનતા પર ભાર મૂક્યો. ન્યૂનતમ પગાર 18,000થી વધારીને 69,000 અને વાર્ષિક ઈન્ક્રીમેન્ટ 6% કરવાની માંગ કરાઈ.: આઠમા કેન્દ્રીય પગાર પંચ(8th CPC)ની દિલ્હી ખાતે જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં નેશનલ કાઉન્સિલ-જેસીએમ(NC-JCM) સહિત વિવિધ કર્મચારી મંડળો અને પેન્શનર્સ સંગઠનોએ પગાર, પેન્શન, ભથ્થાં, અને ફીટમેન્ટ ફેક્ટર જેવા મુદ્દાઓ પર રજૂઆત કરી હતી. આ ક્રમમાં ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈઝ ફેડરેશન(AI-NPS-EF) પણ પોતાની માંગણીઓ સાથે કમિશન સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.NC-JCMએ 8મા પગાર પંચમાં 3.83ના ફીટમેન્ટ ફેક્ટરનો પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં 7મા પગાર પંચ હેઠળ કર્મચારીઓનો ન્યૂનતમ બેઝિક પે રૂપિયા 18,000 છે, જેને સીધો વધારીને રૂપિયા 69,000 કરવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે.

આ સિવાય, મહત્તમ પગાર રૂપિયા 2,15,000 રાખવાનું સૂચન કરાયું છે. અત્યાર સુધી કેન્દ્રીય કર્મચારીઓને વાર્ષિક 3 ટકાના દરે ઈન્ક્રીમેન્ટ મળે છે, જેને વધારીને ડબલ એટલે કે 6 ટકા કરવાની માંગ રજૂ કરવામાં આવી છે.AINPSEFના નેશનલ પ્રેસિડેન્ટ ડૉ. મંજિત સિંહ પટેલે જણાવ્યું કે તેમણે NC-JCMની મોટાભાગની માંગણીઓ પર સહમતિ દર્શાવવા સાથે 3 મુખ્ય મુદ્દાઓ પર ખાસ ભાર મૂક્યો છે.જૂની પેન્શન યોજના(OPS)ની પુનઃસ્થાપના: 2003 પછી સેવામાં આવેલા તમામ NPS કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે અને GPF ની સુવિધા પૂરી પાડવામાં આવે.

કેન્દ્રશાસિત પ્રદેશો(UTs) માટે સ્પષ્ટ વ્યવસ્થા: કેન્દ્ર સરકારના તમામ નોટિફિકેશન, આદેશો અને ગેઝેટ સીધા કેન્દ્રશાસિત પ્રદેશો અને સ્વાયત્ત સંસ્થાઓ પર લાગુ થાય, સાથે જ કર્મચારીઓ માટે ઈન્ટર-ટ્રાન્સફર અને નિવૃત્તિ પછી CGHSની સુવિધા મળે.શિક્ષકોના સેવા નિયમોમાં સમાનતા: સ્કૂલના શિક્ષકોની નિવૃત્તિ વય પણ UGC અને મેડિકલ પ્રેક્ટિશનર્સની તર્જ પર 65 વર્ષ કરવામાં આવે. આ સિવાય દર વર્ષે 14 કેઝ્યુઅલ લીવ (CL), 20 મેડિકલ લીવ અને 30 અર્નિંગ લીવ (EL) આપવામાં આવે. સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'ફેમિલી યુનિટ'ની સંખ્યા 3થી વધારીને 5 કરવાની અને તેમાં માતા-પિતાનો પણ સમાવેશ કરવાની માંગ મૂકવામાં આવી છે. તે સિવાય, પેન્શનર્સ માટે નીચે મુજબના પ્રસ્તાવો રજૂ કરાયા છે:નિવૃત્તિ સમયે છેલ્લે મેળવેલા પગારના (Last Drawn Pay) 67% પેન્શન તરીકે મળે.ફેમિલી પેન્શન છેલ્લે મેળવેલા પગારના 50% નક્કી કરવામાં આવે.દર 10 વર્ષના બદલે દર 5 વર્ષે પેન્શનનું રિવિઝન કરવામાં આવે. ન્યૂનતમ HRA વધારીને 30% કરવામાં આવે તથા લીવ એનકેશમેન્ટની સીમા હટાવી દેવાય.જો કેન્દ્ર સરકાર આ સૂચનો અને માંગણીઓનો આંશિક રીતે પણ સ્વીકાર કરશે તો આઝાદી પછીનો આ સૌથી મોટો પગાર વધારો સાબિત થઈ શકે છે.

## ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડ 1 સપ્ટેમ્બર 2026થી તેની કાર અને SUVના ભાવમાં વધારો કરશે




મુંબઈ : ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડ (TMPV) કાર અને એસયુવીના ભારતના અગ્રણી મેન્યુફેક્ચરરે આજે જાહેરાત કરી છે કે તે 1 સપ્ટેમ્બર 2026થી ઈન્ટર્નલ કમ્બશન એન્જિન (ICE) અને ઈલેક્ટ્રિક વાહનો (EV) બંનેનો સમાવેશ કરતા તેના સમગ્ર પોર્ટફોલિયોમાં રૂ.25,000 સુધીનો ભાવ વધારો કરશે. કિંમતમાં વધારો વિવિધ મોડેલ અને વેરિઅન્ટ પ્રમાણે બદલાશે, જેથી દરેક ઓફરનું એકંદર મૂલ્ય પ્રસ્તાવ જાળવવામાં આવી રહ્યું છે તેની ખાતરી કરી શકાય. કિંમતોમાં આ સુધારો વધતા જતા ઈનપુટ ખર્ચ અને સતત ફુગાવાના દબાણની અસરને આંશિક રીતે સરભર કરવા માટે કરવામાં આવી રહ્યો છે. જ્યારે TMPV આ વધારાનો નોંધપાત્ર હિસ્સો પોતે વહન કરી રહી છે, આ એડજસ્ટમેન્ટ છતાં પણ ગ્રાહકોએ તેની કેટલીક અસરને ભોગવવી પડશે.

# News Brief

## મહિન્દ્રા OJAએ ભારતીય બાગાયતીના ભવિષ્યને પ્રેરકબળ પ્રદાન કર્યું



એજન્સી) મુંબઈ | તા 21

મહિન્દ્રા ગ્રૂપની કંપની અને ભારતની નંબર 1 ટ્રેક્ટર બ્રાન્ડ મહિન્દ્રા ટ્રેક્ટર્સે આજે OJA પ્લેટફોર્મના ત્રણ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરી હતી. આ પ્લેટફોર્મે ભારતમાં ખેતી સાથે સંબંધિત વિશેષ કામગીરીઓ માટે કોમ્પેક્ટ, લાઈટવેઈટ 4WD ટ્રેક્ટરોની સ્વીકાર્યતા અને તેમના વિસ્તરણને વેગ આપ્યો છે.મજબૂત હાર્દરૂપ ટેકનોલોજીઓ પર નિર્મિત અને ભવિષ્ય માટે સજ્જ લાઈટવેઈટ ટ્રેક્ટર પ્લેટફોર્મ પર બનેલ OJA કોમ્પેક્ટ ટ્રેક્ટરની રેન્જ હવે 21-30 hpની કેટેગરીમાં વિવિધ ઉત્પાદનોની ધરાવે છે. આ ભારતમાં સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ કરતાં સેગમેન્ટ પૈકીનું એક છે તથા ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખેતી અને વિશેષ કૃષિ ઉપયોગિતા માટે ખાસ વિકસાવવામાં આવ્યું છે.ફળોની વાડીઓ, શેરડી અને કતારોમાં લેવાતા પાક માટે ડિઝાઈન કરેલાં OJAમાં કૉમ્પેક્ટ સાઈઝ, સટિક સંચાલન, શ્રેષ્ઠ મેનુવરેબિલિટી અને શ્રેષ્ઠ પાવર-ટૂ-વેઈટ રેશિયાનો સમન્વય થયો છે. આ આધુનિક ખેતી માટે વિવિધતાસભર અને અસરકારક સમાધાન છે. પ્રમાણભૂત તરીકે 4WD સાથે OJAની રેન્જ વિવિધ પ્રકારની જમીનમાં ઉત્કૃષ્ટ ટ્રેક્શન, સ્થિરતા અને ઉત્પાદકતા આપે છે, તો કૃષિ ઉપકરણોની બહોળી રેન્જ સાથે સક્ષમતા સુનિશ્ચિત કરે છે, જે નિયંત્રિત જગ્યામાં કાર્યદક્ષતા મેળવવાની એની ક્ષમતા વધારે છે.મજબૂત ત્રણ-સીલિન્ડર એન્જિન સાથે સંચાલિત OJA રેન્જ મજબૂત કામગીરી, ઉત્કૃષ્ટ ઈંધણદક્ષતા અને વિવિધ ઉપયોગિતાઓમાં વિશ્વસનિય કામગીરી પ્રદાન કરે છે.ઈલેક્ટ્રોનિક પાવર ટેક-ઓફ (ePTO), ઈલેક્ટ્રોનિક ડ્રાફ્ટ એન્ડ ડેપ્થ કન્ટ્રોલ (EDDC), FR (ફોરવર્ડ + રિવર્સ) અને શટલ એન્ડ ક્રીપર મોડ જેવી ઉત્પાદકતા વધારતી ખાસિયતો PROJA ટેક પેકના ભાગરૂપે ઓફર થઈ છે, જે ઉત્પાદકતા, સટિકતા અને કામગીરીમાં સરળથા વધારે છે.

## 360 ONE એ અભિષેક ભલોટીયાની ચીફ ગ્રોથ એન્ડ પીપલ ઓફિસર તરીકે નિમણૂંક કરી



એજન્સી) મુંબઈ | તા 21

ભારતની અગ્રણી વેલ્થ અને એસેટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક 360 વન(360 ONE) કે જે 82 અબજ ડોલરની AUM ધરાવે છે તેણે ચીફ ગ્રોથ એન્ડ પીપલ ઓફિસર તરીકે શ્રી અભિષેક ભલોટીયાની નિમણૂંકની જાહેરાત કરી છે. શ્રી અભિષેક ગ્રુપમાં બે મહત્વના એજેન્ડા ગ્રોથ, બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ રેવેન્યૂ પ્રેક્ટિસ મેનેજમેન્ટ અને પીપલ એજેન્ડાનું નેતૃત્વ કરશે. અભિષેક વેલ્થ, એસેટ મેનેજમેન્ટ અને કેપિટલ બિઝનેસિસમાં 360 ONEના બિઝનેસને વિકસાવવાને લગતી વ્યૂહરચનાને યોગ્ય આકાર આપશે અને સંચાલન કરશે, જેમાં અલ્ટ્રા-હાઈ-નેટ-વર્થ(UHNW),હાઈ-નેટ-વર્થ(HNW), અને બિન-નિવાસી ભારતીય(NRI) સાથે સાથે વૈશ્વિક સ્તર પર સંસ્થાગત આદેશો તથા પ્રાથમિકતા ધરાવતા ભૌગોલિક ક્ષેત્રનો સમાવેશ થાય છે.360 ONEના સ્થાપક, MD અને CEO શ્રી કરણ ભગતે જણાવ્યું હતું કે, 'પ્રાઈવેટ બેન્કિંગ, ઈન્સ્ટિટ્યુશનલ સેલ્સ અને એસેટ મેનેજમેન્ટમાં અભિષેકનો જે ત્રણ દાયકાનો લીડરશિપનો અનુભવ છે તે તેમને 360 ONEના આગામી પડાવ માટે બિલકુલ યોગ્ય બનાવે છે. અમારા માટે ગ્રોથ અને લોકો કામગીરીમાં એક સમાન હિસ્સો છે,જેને મોટા પ્રમાણમાં અમલી બનાવવામાં આવે છે. અમને વિશ્વાસ છે કે તેઓ ગ્રુપમાં આવકને લગતી જે સંભાવના રહેલી છે તેની ક્ષમતા અને લીડરશિપને મજબૂત કરવાની કામગીરીમાં તેઓ વધુ ગંભીરતા અને ગહનતા લાવશે.360 ONEના ચીફ ગ્રોથ એન્ડ પીપલ ઓફિસર શ્રી અભિષેક ભલોટિયાએ જણાવ્યું હતું કે, '360 ONEએ વેલ્થ, એસેટ અને કેપિટલ બિઝનેસમાં એક વિશેષ અને ઈન્ટીગ્રેટેડ પ્લેટફોર્મ બનાવ્યું છે. ગ્રોથના આગામી તબક્કામાં વ્યૂહરચનાની સાથે-સાથે ટેલેન્ટ અને કલ્ચર પણ અત્યંત મહત્વની ભૂમિકા ભજવશે. હું લીડરશીપ અને બિઝનેસ ટીમો સાથે મળી કામ કરવા માટે ઉત્સાહિત છું, જેથી આવકનું યોગ્ય પ્લાનિંગ અને ટ્રેકિંગની પદ્ધતિમાં વધારે સ્ટાન્ડર્ડાઈઝેશન લાવી શકાય અને આ ગ્રુપની મહત્વકાંક્ષાને અનુરૂપ લીડરશિપ ટીમ તૈયાર કરી શકાય.'અભિષેક 360 ONE માટે પીપલ એજન્ડાનું પણ નેતૃત્વ કરશે.

## FSSAIની લાલ આંખ બાદ કંપનીઓએ બદલ્યા લેબલ

# દેશની 6 ફૂડ કંપનીઓને '100%' શુદ્ધતાનો દાવો ભારે પડ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 21

FSSAI એ '100% શુદ્ધ' જેવા દાવા કરતી કંપનીઓ સામે લાલ આંખ કરી છે. ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો બદલ Amway India, Emami, Bonn Biscuits સહિત 6 કંપનીઓને તેમના પેકેજિંગ અને જાહેરાતોમાંથી "100%" શબ્દ હટાવવાની ફરજ પડી છે. FSSAI એ સ્પષ્ટ કર્યું કે આવા દાવા ગ્રાહકોના મનમાં ખોટી છાપ ઊભી કરે છે. આ કાર્યવાહીથી ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત થશે.શું તમે બજારમાંથી '100% શુદ્ધ', '100% નેચરલ' કે '100% અસલી' લખેલું વાંચીને કોઈ પ્રોડક્ટ ખરીદો છો? જો હા, તો સાવધાન થઈ જાવ! આવી લોભામણી જાહેરાતોથી ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી કંપનીઓ પર ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઈન્ડિયા(FSSAI) એ લાલ આંખ કરી છે. FSSAIના કડક પગલાંને કારણે એમવે ઈન્ડિયા, ઈમામી અને બોન બિસ્કિટ્સ સહિત 6 મોટી ફૂડ કંપનીએ તેમના પેકેજિંગ અને જાહેરાતોમાંથી '100%' શબ્દ હટાવવાની ફરજ પડી છે.હાલમાં જ FSSAI એ ફૂડ બિઝનેસ સાથે જોડાયેલી કંપનીઓને સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે તેઓ લેબલ, પેકેજિંગ કે પ્રમોશનલ મટિરિયલ પર "100%" શબ્દનો ઉપયોગ કરવાનું તાત્કાલિક બંધ કરે. નિયમનકારના મતે, આ શબ્દ ગ્રાહકોના મનમાં પ્રોડક્ટની સંપૂર્ણ શુદ્ધતા કે શ્રેષ્ઠતા અંગે ખોટી છાપ ઊભી કરે છે. ખાદ્ય સુરક્ષા અને ધોરણો (જાહેરાત અને દાવાઓ) નિયમો, 2018 મુજબ, ખોરાકના દાવા સાચા, સ્પષ્ટ, અર્થપૂર્ણ અને ભ્રામક ન હોવા જરૂરી છે.

## એમેઝોન પે ગિફ્ટ કાર્ડઝએ રક્ષાબંધન ઓફર્સ શરૂ કરી

# પ્રિમીયમ રાખી ગિફ્ટ બોક્સીસની સમાન દિવસે ડિલીવરી થશે, 5% સુધીનું કેશબેક અને AIથી સજ્જ પર્સનાલાઈઝેશન

(એજન્સી) નવી દિલ્હી | તા 21

એમેઝોન પે ગિફ્ટ કાર્ડઝએ સમાન દિવસે અને પછીના દિવસે ડિલીવરી સાથે પ્રિમીયમ રાખી ગિફ્ટ બોક્સીસના નેજા હેઠળ આજે રક્ષાબંધન ફેસ્ટીવ ઓફર્સની ઘોષણા કરી છે. તહેવારના લાઈનઅપમાં ફિઝીકલ કાર્ડ્ઝ પર 5%નું કેશબેક, ઈગિફ્ટ કાર્ડ્ઝ પર 150 પરત, જેન AIથી સજ્જ નવા પર્સનાલાઈઝેશન (વૈયક્તિકરણ) ફીચર્સ અને એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેન્ક ક્રેડિટ કાર્ડ હોલ્ડર્સ માટે ફ્લેટ 2% અમર્યાદિત કેશબેકનો સમાવેશ થાય છે. ગિફ્ટ કાર્ડ્ઝ 10થી શરૂ થાય છે અને એમેઝોન પર 15 કરોડથી વધુ પ્રોડક્ટ્સ અને 20,000 ભાગીદાર ઍપ્સ પર રિડીમેબલ છે જેમાં ફેશન અને ઈલેક્ટ્રોનીક્સથી લઈને કરિયાણું અને ગેમીંગનો સમાવેશ થાય છે. "અમે માનીએ છીએ કે રાખી છેલ્લી ઘડીના રોકડ કવર કરતાં કંઈક વધુ છે. આ પ્રારંભ સાથે તમે ખરેખર શું ઈચ્છો છો તેની પસંદગી કરવાની સ્વતંત્રતા સાથે ફિઝીકલ ભેટને ખોલવાના આનંદ અને પ્રત્યેક કાર્ડ એક અનન્ય હોવાની અનુભૂતિ કરે તે મટે AIથી સજ્જ પર્સનાલાઈઝેશનમાં સ્તરીય એમ બન્નો સમન્વય કર્યો છે. આ એક અર્થપૂર્ણ ગિફ્ટીંગ છે અને તણાવમાં ઘટાડો કરે છે," એમ એમેઝોન પેના સ્ટોર્ડ વેલ્યુ અને ગિફ્ટીંગના



ડિરેક્ટર નેહા ગુપ્તા મહાતમેએ જણાવ્યું હતું. રક્ષાબંધન, જન્મદિવસો, લગ્નો અને દિવાળીની સાથે ભારતના સૌથી મોટા અનેક ગિફ્ટીંગ (ભેટ આપવાના) પ્રસંગોમાંનો એક છે. એમેઝોન પે દ્વારા ભારતના 13 શહેરોમાં શરુ કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં એવું બહાર આવ્યું છે કે પ્રત્યેક ભેટના કેન્દ્રમાં લાગણીઓ રહેલી છે, છતાં પણ તે સંવેદનાઓને સંપૂર્ણ વર્તમાનમાં પરિવર્તિત કરવાનું મુશ્કેલ છે - એક તૃતીયાંશ કરતા વધુ પ્રતિવાદીઓએ સમયનો અભાવ અથવા ખરેખર અર્થપૂર્ણ હોય તેવું કંઈક શોધવા માટે સંઘર્ષ થતો હોવાનું જણાવ્યું હતું. ભાઈબહેનના પ્રસંગો માટે લાંબા સમયથી રોકડ સનાત રીતે સહજ સ્વીકારવામાં આવતી હોવાની ગરજ સારે છે. ગિફ્ટ કાર્ડ્ઝ એક આકર્ષક અપગ્રેડ પ્રદાન કરે છે.

## ભારતના મેહુલ શાહ વર્લ્ડ ફેડરેશન ઓફ ડાયમંડ બોર્સના પ્રમુખ તરીકે ચૂંટાયા GJEPC તેમને અન્ય વૈશ્વિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં "LEGEND" ઓફ ધ ઈન્ડસ્ટ્રી એવોર્ડથી સન્માનિત કરે છે

(એજન્સી) અમદાવાદ | તા 21

ભારત ડાયમંડ બોર્સના ઉપપ્રમુખ મેહુલ શાહને વર્લ્ડ ફેડરેશન ઓફ ડાયમંડ બોર્સ (WFDB) ના પ્રમુખ તરીકે ચૂંટવામાં આવ્યા છે. WFDB, વિશ્વના મુખ્ય હીરા બજારોનું સંગઠન છે, અને આંતરરાષ્ટ્રીય હીરા વેપાર ક્ષેત્રનું સત્તાવાર સંગઠન છે. WFDB ઉદ્યોગના તમામ સભ્યોમાં વિશ્વાસ, પારદર્શિતા અને અખંડિતતાના સિદ્ધાંતોને પ્રોત્સાહન આપે છે. આ ચૂંટણી સોમવાર, 12 જુલાઈના રોજ સિંગાપોરમાં વર્લ્ડ ડાયમંડ કોંગ્રેસ દરમિયાન થઈ હતી. કોંગ્રેસમાં હાજરી આપનારા 20 વૈશ્વિક હીરા બજારોના નેતાઓએ નવા પદાધિકારીઓની પસંદગી કરવા માટે મતદાન કર્યું હતું. શ્રી શાહની ચૂંટણી ભારતીય હીરા ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને વૈશ્વિક હીરા ઉદ્યોગને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે દેશ માટે એક નવો અધ્યાય ખોલે છે.જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે શ્રી મેહુલ શાહને હીરા, રત્નો અને ઝવેરાત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ નેતૃત્વ અને યોગદાન બદલ 'લેજેન્ડ ઓફ ધ ઈન્ડસ્ટ્રી' એવોર્ડથી નવાજ્યા હતા. મેહુલ શાહે આ એવોર્ડ ભારતના કારીગરોને સમર્પિત કર્યો હતો જેઓ સંપૂર્ણતા તરફ અવિરતપણે કામ કરે છે અને ટિપ્પણી કરી હતી કે, 'હું આ એવોર્ડ ભારતના હીરા કારીગરોને




સમર્પિત કરું છું, જેમની અસાધારણ કારીગરીથી આપણા રાષ્ટ્રને હીરામાં નિર્વિવાદ વિશ્વ નેતા બનવાનું ગૌરવ મળ્યું છે.પ્રતિ કેરેટ થોડા સો ડોલરના માઈક્રોસ્કોપિક રફ ડાયમંડને લાખોમાં મૂલ્યવાન માસ્ટરપીસમાં રૂપાંતરિત કરવાની તેમની ક્ષમતા ચમત્કારિક નથી. તેમની કલાત્મકતા પિકાસો, એમ. એફ. હુસૈન અને રાજા રવિ વર્માની શ્રેષ્ઠ કૃતિઓ સાથે ઉજવવાને પાત્ર છે. દરેક સંપૂર્ણ પાસાવાળો હીરા કલાનું કાર્ય છે, જે વર્ષોની કુશળતા, ધીરજ, ચોકસાઈ અને જુસ્સાને પ્રતિબિંબિત કરે છે. હું આ નોંધપાત્ર કારીગરોને સલામ કરું છું અને તેમની અસાધારણ પ્રતિભા પ્રત્યે ઊંડા આદર સાથે નમન કરું છું. આ સન્માન ખરેખર તેમનું એટલું જ છે જેટલું તે મારું છે.'ભારતીય અને વૈશ્વિક હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા દરેક સભ્યનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું; તેમના અડગ સમર્થન, પ્રોત્સાહન અને શુભેચ્છાઓ મારી સૌથી મોટી તાકાત રહ્યા છે. હું જાણું છું કે આ સન્માનનો આનંદ આપણા સમગ્ર હીરા ઉદ્યોગના પરિવાર દ્વારા મનાવવામાં આવી રહ્યો છે અને મારા પ્રત્યેના તમારા સ્નેહ તથા વિશ્વાસથી હું અત્યંત અભિભૂત છું.મને આ પ્રતિષ્ઠિત સન્માન એનાયત કરવા બદલ હું GJEPC અને સમગ્ર હીરા સમુદાયનો ફરી એકવાર હૃદયપૂર્વક આભાર માનું છું. હું અત્યંત કૃતજ્ઞતા અને નમ્રતા સાથે આ સન્માનનો સ્વીકાર કરું છું અને આપણા ઉદ્યોગની નિષ્ઠા તથા પ્રામાણિકતાથી સેવા કરવાની નવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરું છું.

# નાની રકમના SIP ખાતાઓમાં ઘટાડો, મોટામાં વધારો

(એજન્સી) અમદાવાદ | તા 21

અમદાવાદમાં શેરબજારની અસ્થિરતાને કારણે નાણાકીય વર્ષ 2025-26માં 1,000થી ઓછા માસિક હપ્તાવાળા 14 લાખ SIP ખાતાઓમાં ઘટાડો નોંધાયો છે. રોકાણકારો સીધા રોકાણ ચેનલોથી દૂર જઈ રહ્યા છે અને ઉતાવળા નિર્ણયો લઈ રહ્યા છે. જોકે, 1,000થી વધુ રકમના SIP ખાતાઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે, જે રોકાણકારોની વધતી આવક અને સારી નાણાકીય સમજણ દર્શાવે છે.રૂ. ૧,૦૦૦ થી ઓછા માસિક હપ્તાવાળા સિપ ખાતાઓમાં ઘટાડો શેરબજારમાં અસ્થિરતા અને રોકાણકારો સીધા રોકાણ ચેનલોથી દૂર જવાને કારણે : રોકાણકારો ઘણીવાર ઉતાવળા નિર્ણયો લે છે. અમદાવાદ : નાની રકમના સિપ ધરાવતા સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) ખાતાઓ, જેના કારણે કોરોના પછી રિટેલ રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડમાં પ્રવેશવા લાગ્યા, તે ગયા વર્ષે ધીમા પડી ગયા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૧,૦૦૦ કે તેથી ઓછા માસિક હપ્તાવાળા સિપ ખાતાઓની સંખ્યામાં ૧૪ લાખનો ઘટાડો થયો હતો, જ્યારે વધુ રકમ ધરાવતા ખાતાઓની સંખ્યામાં વધારો થયો હતો. આ ઘટાડો નાની રકમની સિપ શ્રેણીમાં ઓછામાં ઓછા બે વર્ષના મજબૂત વિકાસને અનુસરે છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ના ડેટા દર્શાવે છે કે આ શ્રેણી પાછલા બે વર્ષમાં ૩૭% અને ૧૬% વાધી છે.

નિષ્ણાતોના મતે, રૂ. ૧,૦૦૦ થી ઓછા માસિક હપ્તાવાળા સિપ ખાતાઓમાં ઘટાડો મુખ્યત્વે શેરબજારની અસ્થિરતા અને રોકાણકારો સીધા રોકાણ ચેનલોથી દૂર જવાને કારણે હોઈ શકે છે. બજારના જાણકારોએ કહ્યું હતું કે આ અનુમાનિત છે. ૨૦૨૩ અને ૨૦૨૪ માં બજારમાં પ્રવેશનારા ઘણા રોકાણકારોએ ભૂતકાળના વળતરના આધારે ભારે રોકાણ કર્યું હતું. તેમાંથી ઘણાએ સીધા એપ્લિકેશનો દ્વારા રોકાણ કર્યું હતું, અને જ્યારે બજારમાં વધઘટ થઈ હતી, ત્યારે તેમને માર્ગદર્શન આપવા માટે કોઈ નહોતું. ઓછી આવક ધરાવતા સેગમેન્ટમાં રોકાણકારોની જાગૃતિ ઓછી છે, અને તેથી જ આ સેગમેન્ટ સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યું છે.આ કેટેગરીમાં સામાન્ય રીતે રોકાણકારોનો પ્રવાહ વાધુ હોય છે. આ કેટેગરીના રોકાણકારો ઘણીવાર ઉતાવળા નિર્ણયો લે છે. આ કેટેગરીમાંથી નવા રોકાણો બજાર વધે ત્યારે આવે છે, અને ઘટતાની સાથે જ અદ્રશ્ય થઈ જાય છે.

# એબીએચ હેલ્થકેર લિમિટેડે એનએસઈ એસએમઈ પ્લેટફોર્મ મારફતે રૂ. 34.98 કરોડ ઊભા કરવા માટે IPOની જાહેરાત કરી

(એજન્સી) અમદાવાદ | તા 21

પંજાબમાં NABH માન્યતા પ્રાપ્ત મલ્ટી-સ્પેશિયાલિટી ટર્શિયરી કેર હોસ્પિટલ અનિલ બાઘી હોસ્પિટલનું સંચાલન કરતી એબીએચ હેલ્થકેર લિમિટેડે આજે સોમવાર, 24 ઓગસ્ટ, 2026થી તેના આઈપીઓ શરૂ કરવાની જાહેરાત કરી છે. કંપની એનએસઈ એસએમઈ (ઈમર્જ) પ્લેટફોર્મ પર 34,29,600 ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ મારફતે રૂ. 34.98 કરોડ સુધીની રકમ ઊભી કરવાની યોજના ધરાવે છે. ઈશ્યૂ માટે પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. 96થી રૂ. 102 નક્કી કરવામાં આવ્યો છે. શેર માટે બિડિંગનો સમયગાળો ગુરૂવાર, 27 ઓગસ્ટ, 2026 સુધીનો રહેશે. શેરની ફાળવણી શુક્રવાર, 28 ઓગસ્ટ, 2026ના રોજ નક્કી થાય તેવી અપેક્ષા છે, જ્યારે શેરનું કામચલાઉ લિસ્ટિંગ મંગળવાર, 1 સપ્ટેમ્બર, 2026ના રોજ નક્કી કરવામાં આવ્યું છે.ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો ઉપયોગ કંપનીની નાણાંકીય સ્થિતિને મજબૂત બનાવવા અને વિસ્તરણ માટે કરવામાં આવશે. ખાસ કરીને, કંપનીએ કેટલીક બાકી લોનની સંપૂર્ણ અથવા આંશિક રીતે સમય પહેલાં ચુકવણી કરવા અથવા પુનઃચુકવણી માટે રૂ. 17.00 કરોડ ફાળવ્યા છે. આ ઉપરાંત, મુખ્ય કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા માટે રૂ. 5.00 કરોડનો ઉપયોગ કરવામાં

ANIL BAGHI HOSPITAL
ESTABLISHED 1985
NABH ACCREDITED SUPER-SPECIALITY

આવશે, જ્યારે બાકીની રકમનો ઉપયોગ વ્યૂહાત્મક ઈનઓર્ગેનિક ગ્રોથની તકો અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. રિટેલ રોકાણકારો માટે લઘુતમ એપ્લિકેશન સાઈઝ 2 લૉટ (2,400 શેર) નક્કી કરવામાં આવી છે, જે અપર પ્રાઈઝ બેન્ડ મુજબ રૂ. 2,44,800 થાય છે, જ્યારે હાઈ નેટ-વર્થ ઈન્ડિવિડ્યુઅલ્સે (એચએનઆઈ) ઓછામાં ઓછા 3 લૉટ (3,600 શેર) માટે અરજી કરવાની રહેશે, જેના માટે રૂ. 3,67,200નું રોકાણ જરૂરી રહેશે. નાણાંકીય દ્રષ્ટિએ એબીએચ હેલ્થકેર લિમિટેડે મજબૂત ઓપરેટિંગ કામગીરીના આધારે તાજેતરના વર્ષોમાં આવક અને ચોખ્ખા નફામાં સતત વૃદ્ધિ નોંધાવી છે. કંપનીની કુલ આવક નાણાંકીય વર્ષ 2024માં રૂ. 41.39 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 49.32 કરોડ થઈ હતી અને નાણાંકીય વર્ષ 2026માં વધુ વધીને રૂ. 52.59 કરોડ થઈ હતી. ઓપરેટિંગ નફાકારકતામાં નોંધપાત્ર વધારો થયો હતો. એબિટા નાણાંકીય વર્ષ 2024માં રૂ. 6.89 કરોડથી વધીને નાણાંકીય વર્ષ 2025માં રૂ. 13.20 કરોડ થઈ હતી અને નાણાંકીય વર્ષ 2026માં વધુ વધીને રૂ. 14.72 કરોડ રહી હતી. આ સાથે એબિટા માર્જિન 28.03 ટકા રહ્યું હતું. ચોખ્ખા નફામાં પણ અનેક વર્ષો દરમિયાન મજબૂત વૃદ્ધિ જોવા મળી હતી.

## ભારતના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાંથી મજબૂત ભાગીદારીની અપેક્ષા

# IMTMA પુણેમાં પુણે મશીન ટૂલ એક્સ્પો (PMTX) અને ફેક્ટરી ઈક્વિપમેન્ટ એક્સ્પો (FACTEQ) 2026નું આયોજન કરશે

અમદાવાદ : ઈન્ડિયન મશીન ટૂલ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (IMTMA) દ્વારા પુણે મશીન ટૂલ એક્સ્પો (PMTX) 2026નું આયોજન કરવામાં આવશે. તેની સાથે ફેક્ટરી ઈક્વિપમેન્ટ એક્સ્પો (FACTEQ) 2026નું પણ આયોજન કરવામાં આવશે. આ બંને પ્રદર્શનોનું આયોજન 7થી 10 સપ્ટેમ્બર 2026 દરમિયાન પુણેના મોશીમાં પુણે ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર (PIECC) ખાતે કરવામાં આવશે. આ અંગેની જાહેરાત આજે અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં કરવામાં આવી હતી.PMTX એક અગ્રણી બિઝનેસ-ટુ-બિઝનેસ (બીટુબી) પ્રદર્શન છે, જેમાં એડવાન્સ્ડ મશીન ટૂલ્સ, મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજી, ફેક્ટરી ઓટોમેશન અને પ્રિસિઝન એન્જિનિયરિંગ સોલ્યુશન્સ રજૂ કરવામાં આવે છે. FACTEQ ફેક્ટરી સાધનો પર કેન્દ્રિત એક વિશેષ પ્રદર્શન છે, જેમાં નવી ફેક્ટરીઓની જરૂરિયાતો પૂરી કરવા તેમજ હાલની ફેક્ટરીઓ અને સુવિધાઓને અપગ્રેડ કરવા માટે જરૂરી પ્રોડક્ટ્સ અને સોલ્યુશન્સ રજૂ કરવામાં




આવશે.175થી વધુ પ્રદર્શકો મશીન ટૂલ્સ, મેટલ કટિંગ, મેટલ ફોર્મિંગ, ટૂલિંગ, ઓટોમેશન, રોબોટિક્સ, મેટ્રોલોજી અને ડિજિટલ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીનું પ્રદર્શન કરશે. આ ઉપરાંત ફેક્ટરી સાધનો, મટીરિયલ હેન્ડલિંગ, ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા-કાર્યક્ષમ સિસ્ટમ્સ અને સ્માર્ટ ફેક્ટરી સોલ્યુશન્સ પણ પ્રદર્શિત કરવામાં આવશે. ઓટોમોટિવ, એરોસ્પેસ, જનરલ અને હેવી એન્જિનિયરિંગ, કેપિટલ ગુડ્સ સહિત વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોના બિઝનેસ મુલાકાતીઓ આ પ્રદર્શનમાં આવે તેવી અપેક્ષા છે. પુણે ભારતના સૌથી મહત્વપૂર્ણ મેન્યુફેક્ચરિંગ અને એન્જિનિયરિંગ કેન્દ્રોમાંનું એક છે. આ એક્સ્પો મશીન ટૂલ અને મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગને વિવિધ સોલ્યુશન્સનું મૂલ્યાંકન કરવા, નિષ્ણાંતો સાથે વાતચીત કરવા તેમજ મશીનો અને ફેક્ટરી સિસ્ટમ્સનો જીવંત અનુભવ મેળવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાના હેતુથી યોજવામાં આવી રહ્યો છે.આ એક્સ્પો મુલાકાતીઓને ઉત્પાદન ક્ષેત્રની ટેક્નોલોજી અને ફેક્ટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઉપલબ્ધ સોલ્યુશન્સથી પરિચિત થવામાં મદદ કરશે. IMTMAના ડિરેક્ટર જનરલ અને સીઈઓ શ્રી જીબક દાસગુપ્તાએ જણાવ્યું હતું કે, "આજના ઉત્પાદકો માત્ર મશીનો નહીં, પરંતુ શરૂઆતથી અંત સુધીની સંપૂર્ણ કામગીરી માટે ટેક્નોલોજી આધારિત સોલ્યુશન્સ જોવા માંગે છે. મશીનોના જીવંત પ્રદર્શન, સેવા સંબંધિત પ્રસ્તાવો અને ટેક્નોલોજી પ્રોવાઈડર્સ સાથે સીધો સંપર્ક રોકાણ અંગે વધુ ઝડપી અને વધુ માહિતીસભર નિર્ણય લેવામાં મદદ કરશે."ગુજરાત સહિત પશ્ચિમ ભારતનું મજબૂત મેન્યુફેક્ચરિંગ ક્ષેત્ર ભારતના એન્જિનિયરિંગ ઉત્પાદન ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપતું રહેશે.

તંત્રીની કલમે...

# આઝમખાને દાદાગીરી કરીને પચાવેલી જમીનોનું કૌભાંડ

ઉત્તરપ્રદેશમાં જ્યારે મુલાયમ સિંહ યાદવનું શાસન હતું ત્યારે આઝમખાનનું નામ કિચન કેબિનેટમાં હતું. બીજું આવું નામ અમરસિંહનું હતું. મુલાયમ સિંહ યાદવ કરતાં પણ આ બંને ચહેરા બહુ પાવરફૂલ હતા. અમરસિંહ સેલિબ્રિટી સર્કલમાં વગદાર હતા તો આઝમખાને તેમની કોમને મજબૂત બનાવવાના પ્રયાસ માં લાગેલા રહેતા હતા. કહે છે કે આઝમખાનનો પડયો બોલ ઝીલવા મુલાયમસિંહ પ્રયાસ કરતા હતા. ત્યારે કિંગમેકર મનાતા આઝમખાન આજે યોગી સરકારના શાસનમાં જેલની હલવા ખાઇ રહ્યા છે અને તેમની સંપત્તિનો હિસાબ એનફોર્સમેન્ટના અધિકારીઓ કરી રહ્યા છે. ૩૨ વર્ષ પહેલા જૌહર નામની નાની લાયબ્રેરીમાંથી વિશાળ જૌહર યુનિવર્સિટીના માલિક બની બેઠેલા મોહમ્મદ આઝમ ખાન સામે અનેક કેસો છે જેમાં સરકારી જમીન પચાવી પાડવીના કેસો મુખ્ય છે. તે જ્યાં હાથ મુકતા તે જમીન ભલે ખાનગી કંપનીની હોય પરંતુ તે આઝમખાનના નામે કરવી પડતી હતી. કટોકટી વખતે જેલમાં પુરાયેલા આઝમખાન બહાર આવ્યા ત્યારે પાકા રાજકરણી બની ગયા હતા.૧૯૭૭માં પહેલી ચૂંટણી હાર્યા બાદ તે જનતાદળ(એસ) ની ટીકીટ પરથી ૧૯૮૦માં જીત્યા હતા. ૩૨ વર્ષની ઉંમરે તે વિધાનસભ્ય બન્યા હતા. ૧૯૯૨માં જ્યારે મુલાયમ સિંહ યાદવે સમાજવાદી પાર્ટી શરૂ કરી ત્યારે આઝમખાન તેના ફાઉન્ડર સભ્યોમાંના એક બની ગયા હતા. ૨૦૦૩માં તે ઉત્તર પ્રદેશની કેબિનેટમાં હતા.આ સમય દરમ્યાન તેમણે આઝાદીના લડવૈયા મોહમ્મદ અલી જૌહરના નામે યુનિવર્સિટી ઉભી કરવાનું સપનું સાકાર કરવાનું શરૂ કર્યું હતું. તે માટે ઉભા કરેલા ટ્રસ્ટમાં કોઇ દાન આપવાની ના પાડે તો તેને પોલીસ લોકઅપમાં પુરી દેવામાં આવતા હતા. ૨૦૦૬માં મોહમ્મદ અલી જૌહર યુનિવર્સિટીનો શિલાન્યાસ મુલાયમસિંહ યાદવના હાથે કરાયો ત્યારે ૭૮ હેક્ટર જમીન હસ્તગત કરાઇ હતી.આ જમીનો બળજબરીથી પડાવી લેવાયાના આક્ષેપો થયા હતા. ૨૦૧૯માં આલિયાગંજના એક રહેવાસીએ આઝમખાન સામે કેસ કરીને કહ્યું હતું કે મારી જમીન બળજબરીથી લખાવી લેવાઇ છે. એવી ફરિયાદ કરાઇ હતી કે ગામવાળા જ્યાં સુધી જમીનના દસ્તાવેજોમાં સહીના કરે ત્યાં સુધી જેલમાં ગોંધી રખાતા હતા, કેટલીક વાર તો બાળકોને પણ પુરી દેવાતા હતા.ત્યારે સત્તાવાળાઓ જાહેર કર્યું હતું કે ૭૮માંથી માત્ર ૩૮ હેક્ટર સરકારી જમીન છે બાકીની જમીન દાદાગીરી કરીને સસ્તામાં પચાવી પાડી હતી. આ વિવાદો વચ્ચે જ્યારે ૨૦૦૬ના અંતમાં યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કરાયું ત્યારે આઝમખાન તેના આજીવન ચાન્સેલર બની ગયા હતા. જોકે ત્યારે કેન્દ્રના શિક્ષણપ્રધાન અર્જુન સિંહે માન્યતા ના આપતાં ૨૦૦૭ સુધી યુનિવર્સિટી સરકાર હસ્તક રહી હતી. ૨૦૦૭માં સમાજવાદી પક્ષને હરાવીને બહુજન સમાજવાદી પક્ષ સત્તા પર આવતાં યુનિવર્સિટીનું બાંધકામ પણ અટકી ગયું હતું. આ સમય દરમ્યાન તેમને પક્ષના પ્રમુખ મુલાયમ સિંહ સાથે બગડયું હતું પરંતુ ફરી તે સમાજવાદી પક્ષ સાથે જોડાયા હતા. ૨૦૧૨માં જ્યારે ફરી સમાજવાદી પક્ષ સત્તા પર આવ્યો ત્યારે આઝમખાને ફરી યુનિવર્સિટીનો પ્રોજેક્ટ આગળ વધાર્યો હતો. ત્યારે તેને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા અપાઇ હતી.યુનિવર્સિટીનું બાધકામ સરકારી મંજૂરી વગર કરાયું હતું તે સામે પણ તપાસ ચાલે છે. આઝમખાનની જૌહર યુનિવર્સિટી ટ્રસ્ટ સાથે સંકળાયેલા દિલ્હી અને ઉત્તર પ્રદેશની ૧૦ જગ્યાઓ પર એનફોર્સમેન્ટે દરોડા પાડતા આઝમખાનનું નામ ફરી સપાટી પર આવ્યું છે. કહે છેકે દમ મારીને ૪૫૦ કરોડ ભેગા કરાયા હતા.તપાસ અધિકારીઓને એવી શંકા છેકે ઉત્તર પ્રદેશના બાંધકામના કામોના કોન્ટ્રાક્ટરો ભ્રષ્ટચાચર પેટે આપવાની રકમ આઝમખાનના ટ્રસ્ટમાં આપતા હતા. કેટલાક કિસ્સામાં દમ મારીને ટ્રસ્ટમાં દાન મેળવાયું હતું. આઝમખાન સામે માત્ર રામપુરમાંજ જમીન પચાવી પાડવાની ૨૬ એફઆઇઆર થયેલી છે.આઝમખાન જેવાને જેલમાં સબડવું પડે અને તેમની સામેના ગુનાઓની તપાસ મોટા પાયે થાય ત્યારે સમાજવાદી પક્ષ તેને રાજકીય રંગ આપે તે સ્વભાવિક છે. સમાજવાદી પક્ષના એક નેતાએ એમ કહ્યું હતું કે અમારી સરકાર આવશે તો આઝમખાનને અમે ગૃહપ્રધાન બનાવીશું.

## કચ્છના કંથેશ્વર ધામમાં શિવભક્તિની પરાકાષ્ઠા

### ૨૦૦૦ ખીલા પર બિરાજી વૈભવગિરિ બાપુનો શ્રાવણી સંકલ્પ

મહેશ એલ.સોની નખત્રાણા

શ્રાવણ એટલે શિવની આરાધનાનો મહિનો. અને આ પાવન માસમાં તપ અને ત્યાગની સાક્ષાત મૂર્તિ સમાન દૃશ્ય જોવું હોય તો જવું પડે નખત્રાણાના કંથેશ્વર મહાદેવ ધામ, સાંયરા ખાતે.અહીંના સેવાભાવી યુવા સંત પૂ. વૈભવગિરિજી મહારાજ દ્વારા એક એવી કઠોર સાધના શરૂ કરવામાં આવી છે, જેની વાત સાંભળતા જ રૂંવાડા ઊભા થઈ જાય. પૂજ્ય ગુરુદેવ વસંતગિરિજી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી વૈભવગિરિ બાપુએ સમગ્ર શ્રાવણ માસ માટે લગભગ ૨,૦૦૦ અણીદાર ખીલાઓની શૈયા પર આસન લગાવ્યું છે.લોખંડના તીક્ષ્ણ ખીલાઓ પર દિવસ-રાત બેસી રહેવું એ કોઈ સામાન્ય માણસનું કામ નથી. એ તો યોગી જ કરી શકે. બાપુ અહીં બેસીને લોકમંગલ અને વિશ્વકલ્યાણની કામના સાથે કંથેશ્વર મહાદેવના અખંડ જાપ કરી રહ્યા છે. આ તપ દરમિયાન બાપુએ અન્નનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે. ન તો અનાજ, ન તો ફળાહાર. માત્ર જળ અને ચાના સહારે આખો શ્રાવણ મહિનો આ કઠિન સાધના કરવાનો તેમનો નિર્ધાર છે. શરીરને કષ્ટ આપીને આત્માને શિવ સાથે જોડવાની આ સાચી શિવ સાધના છે.આ અલૌકિક દૃશ્યને કારણે કંથેશ્વર ધામમાં હાલ ભક્તોનું ઘોડાપૂર ઉમટી રહ્યું છે. ભક્તો દૂર-દૂરથી બાપુની તપશ્ચર્યાના દર્શન કરવા અને મહાદેવના આશીર્વાદ લેવા આવી રહ્યા છે.



## નખત્રાણામાં પહેલીવાર ક-ચ્છી કલ્ચર ફેશન શો 2026: ગ્લેમર અને સંસ્કૃતિનો થશે સંગમ

મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છની ધરતીની સંસ્કૃતિને ફેશનની દુનિયા સાથે જોડતો ભવ્ય કાર્યક્રમ ક-ચ્છી કલ્ચર ફેશન શો - ૨૦૨૬ નું આયોજન નખત્રાણા ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ એપિક ઈવેન્ટ પ્રોડક્શન દ્વારા પ્રસ્તુત અને ધારવી બ્યુટી પાર્લર અને એકેડમી - મુન્દ્રા કચ્છ દ્વારા આયોજિત છે.જ્યાં સુંદરતાનો આત્મવિશ્વાસ સાથે મિલન થાય છે એવા સૂત્ર સાથે આ શો યોજાશે. આ શો માં ગ્લેમર, સ્ટાઈલ અને ભવ્યતા એક જ મંચ પર પ્રતિભાના ઉત્સાહ સાથે મળશે.આ ફેશન શો ની મુખ્ય આકર્ષણ મેંહદી ટેલેન્ટ શો અને બ્રાઈડલ ટેલેન્ટ શો રહેશે. તમામ સ્પર્ધકોને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. સુંદરતાથી પર અને સીમાઓથી પણ પર એવા વિઝન સાથે આ શો માં કચ્છની દીકરીઓને પોતાની પ્રતિભા બતાવવાનો મોકો મળશે.આ ભવ્ય ફેશન શો 23મી ઓગસ્ટ 2026 ના રોજ બપોરે 12 થી 5 વાગ્યા સુધી લોહાણા સમાજ વાડી, મેઈન બજાર, નખત્રાણા ખાતે યોજાશે.આ કાર્યક્રમના ઈવેન્ટ ઓર્ગેનાઈઝર અને પ્રોફેશનલ મેકઅપ આર્ટિસ્ટ જિજ્ઞલ પીઠડિયા છે, જ્યારે એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ નખત્રાણાના ડીજે વિવેક અને સમર્થ મિલન વાઘેલા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.આયોજકો દ્વારા કચ્છની તમામ ફેશન પ્રેમી યુવતીઓને આ શો માં ભાગ લેવા અને નિહાળવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠનમાં કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ તરીકે નરેશભાઈ ભોઈયાની વરણી કરાઈ




મહેશ એલ.સોની નખત્રાણા

સમાજ સેવાના ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતા માંડવી તાલુકાના દેવપર (ગઢ) ગામના શ્રીનરેશભાઈ જેઠાભાઈ ભોઈયા જેઓ દેવપર (ગઢ) મહેશ્વરી સમાજમાં ઉપ પ્રમુખ તરીકે જવાબદારી નિષ્ઠા પૂર્વક નિભાવી રહ્યા છે. હાલ જ ભીમ આર્મી ભારત એકતા મિશન સંગઠન - કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ તરીકે તેમની વરણી કરવામાં આવી છે. નરેશભાઈ છેલ્લા ઘણા સમયથી નિડરતા પૂર્વક ગરીબ, દલિત,આદિવાસી અને વંચિત વર્ગના હક્ક-અધિકાર માટે તેઓ હંમેશા મેદાનમાં રહ્યા છે. તેમની નિષ્પક્ષ અને સચોટ સમાજ સેવા થકી સમાજ અને સંગઠનમાં તેમનું વિશેષ માન છે. તેમની કાર્યનિષ્ઠા અને સેવાભાવને બિરદાવીને ભીમ આર્મી સંગઠને તેમના પર ભરોસો મુક્યો છે. કચ્છ જિલ્લા ઉપાધ્યક્ષ તરીકે તેઓ ભીમ આર્મીના સંવિધાનિક વિચારો, કાર્યો અને આંદોલનોને જવાબદારી નિભાવશે. આ ગૌરવપૂર્ણ વરણીના સમાચારથી તેમના પરિવારજનો, સ્નેહીજનો, મિત્રો, અને સામાજિક આગેવાનોમાં ખુશીનો માહોલ છે. સૌએ તેમને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી છે.

## નશામુક્ત ગુજરાત,ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાત'નાં નારા સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનું આહવામાં ધમાકેદાર વિરોધ પ્રદર્શન

### ગુજરાત રાજ્યમાં દારૂબંધી માત્ર કાગળ પર,ડ્રગ્સ-ઝેરી દારૂના કારોબાર સામે સરકારની આંખે પાટા:-ડાંગ કોંગ્રેસનો આક્ષેપ

સુશીલ પવાર ડાંગ

ગાંધી અને સરદારના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ગેરકાયદેસર દારૂ, ડ્રગ્સ અને નશીલા પદાર્થોનો કારોબાર બેરોકટોક ચાલી રહ્યો હોવાના આક્ષેપ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આહવા ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતુ.'નશામુક્ત ગુજરાત, ભ્રષ્ટાચારમુક્ત ગુજરાત'નાં નારા સાથે મોટી સંખ્યામાં કોંગ્રેસનાં હોદ્દેદારો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોએ એકત્ર થઈ સરકારની નીતિઓ સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસ કાર્યકરોએ શાસક પક્ષ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી સરકારને નશાના કારોબાર અને ભ્રષ્ટાચાર સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની પડકારભરી માંગ કરી હતી.ત્યારબાદ વિવિધ મુદ્દાઓને આવરી લેતુ આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિએ આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર કાગળ પર સીમિત રહી ગયો છે. રાજ્યમાં વારંવાર લઠ્ઠાકાંડ જેવી ગંભીર ઘટનાઓ સામે આવતી હોવા છતાં ગેરકાયદેસર દારૂના નેટવર્ક સામે કડક અને કાયમી કાર્યવાહી થતી નથી. ડ્રગ્સ તથા નકલી અને ઝેરી દારૂના કારણે યુવાધનનું ભવિષ્ય જોખમાઈ રહ્યું છે ત્યારે સરકાર માત્ર દાવાઓ કરવામાં વ્યસ્ત હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો હતો.ડાંગ કોંગ્રેસે માંગ કરી હતી કે દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવામાં આવે અને ડ્રગ્સ,



નકલી દારૂ તથા અન્ય નશીલા પદાર્થોના ગેરકાયદેસર નેટવર્કને મૂળમાંથી નાબૂદ કરવામાં આવે. નશાના કારોબાર સાથે સંકળાયેલા તત્વો સામે કોઈપણ પ્રકારની શેહશરમ રાખ્યા વિના કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠાવવામાં આવી હતી.સાથે સરકારી યોજનાઓ અને વિકાસકાર્યોમાં ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે કોંગ્રેસે સરકારને ઘેરતા જણાવ્યું હતું કે પ્રજાના વિકાસ માટે ફાળવવામાં આવતા નાણાંનો યોગ્ય ઉપયોગ થાય તે સરકારની જવાબદારી છે. સરકારી યોજનાઓ અને વિકાસકાર્યોમાં થતા ભ્રષ્ટાચારની સ્વતંત્ર, નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદાર અધિકારીઓ તથા સંકળાયેલા લોકો સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. ડાંગના આદિવાસી વિસ્તારમાં નશાના કારોબાર સામે કડક પગલાની માંગ કરી હતી.આ પ્રસંગે ડાંગ કોંગ્રેસનાં આગેવાનોએ જણાવ્યું હતું કે ડાંગ તેની પ્રાકૃતિક સુંદરતા અને શાંતિ માટે ઓળખાય છે. આવા આદિવાસી વિસ્તારમાં નશીલા પદાર્થો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું વધતું જોખમ ગંભીર બાબત છે. પોલીસ પ્રશાસન દ્વારા સઘન પેટ્રોલિંગ, વાહન ચેકિંગ અને અસરકારક તપાસ અભિયાન હાથ ધરી નશાના કારોબારને ડામવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.જેમાં લઠ્ઠાકાંડ અને નશાના દૂષણથી અસરગ્રસ્ત પરિવારોને યોગ્ય સહાય, ન્યાય અને સુરક્ષા મળે તે માટે પણ કોંગ્રેસે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી.આ પ્રસંગે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સહિત ઉપસ્થિત આગેવાનોએ સરકારને ચેતવણીના સૂરમાં જણાવ્યું હતું કે, "પ્રજાના જીવન અને યુવાધન સાથે ચેડા કરતી નશાની પ્રવૃત્તિઓ તેમજ ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસ ચૂપ બેસશે નહીં. ગુજરાતને ખરા અર્થમાં નશામુક્ત અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાની લડત કોંગ્રેસ દ્વારા સતત ચાલુ રાખવામાં આવશે."કોંગ્રેસે સ્પષ્ટ કર્યું હતું કે પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી સરકાર સામે લોકશાહી ઢબે વિરોધ અને આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

## જૂનાગઢના સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા ના અધ્યક્ષ સ્થાને 'દિશા' કમિટીની બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાના અધ્યક્ષસ્થાને આજે ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ (દિશા) કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ તેમજ વિકાસકાર્યોની પ્રગતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં સાંસદશ્રીએ માત્ર આંકડાકીય વિગતોને પ્રાધાન્ય આપવાને બદલે યોજના ઓનો વાસ્તવિક રીતે ધરાતલ પર કેટલો અને કેવો અમલ થઈ રહ્યો છે, તેને લક્ષ્યમાં રાખીને વિવિધ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે જનકલ્યાણકારી યોજનાઓના માધ્યમથી લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તે માટે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણી, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ લાડાણી, કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓના લક્ષ્યાંકની સરખામણીએ હાંસલ થયેલી સિદ્ધિઓની સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદશ્રીએ સુશાસનના સંદર્ભમાં પાત્રતા ધરાવતા કોઈપણ નાગરિક કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓના લાભથી વંચિત ન રહે તે માટે વિશેષ પ્રયાસો હાથ ધરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ખાસ કરીને ઈનોવેટિવ અભિગમ અપનાવી યોજનાકીય લાભો વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચે તે માટે જરૂરી દિશાનિર્દેશો પણ આપ્યા હતા. સાંસદશ્રીએ વિકાસકાર્યો બિનજરૂરી રીતે વહીવટી પ્રક્રિયાના કારણે વિલંબિત ન થાય તેની સવિશેષ કાળજી લેવા સૂચના આપી હતી. ઉપરાંત, આગામી દિશા કમિટીની બેઠકમાં પ્રગતિ અહેવાલ રજૂ કરવા પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.આ બેઠકમાં દરેક તાલુકામાં રમતગમતનાં મેદાનો વિકસાવવા અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો. ગામડાંની વસ્તીને આધારે તેમજ સ્થાનિક કક્ષાએ ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને રમતગમતનાં મેદાનો વિકસાવવા અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયાએ આ સમીક્ષા બેઠકમાં વિકાસ અને જનકલ્યાણનાં કામોને વેગ મળે તે માટે રચનાત્મક સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં વિકસિત ભારત G RAM G (મનરેગા), નેશનલ હાઈવે ઓથોરિટીના રસ્તાઓ, પીએમ કિસાન સન્માન નિધિ, આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજના, રેલવે પ્રોજેક્ટ, સ્વામિત્વ યોજના, મત્સ્યોદ્યોગ, નાબાર્ડ, સમાજ સુરક્ષા, પશુપાલન અને ખેતીવાડી, મધ્યાહ્ન ભોજન, શિક્ષણ, વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ સહિતની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી.બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી પી.એ. જાડેજાએ કર્યું હતું. તેમણે ડીઆરડીએ સંલગ્ન યોજના ઓની વિગતો પણ રજૂ કરી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, મ્યુનિસિપલ કમિશનર શ્રી આઈ. આર. વાળા સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સાપુતારા પંથકમાં ધ્રૂજી ધરા, રિએક્ટર સ્કેલ પર 3.3 તીવ્રતા

સુશીલ પવાર ડાંગ

રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં સતત ત્રણ વખત ભૂકંપનાં આંચકા અનુભવાયા છે.મહારાષ્ટ્રનાં નાસિક જિલ્લામાં ભૂકંપનું એપિક સેન્ટર હોય જેથી સાપુતારા વિસ્તારમાં વારંવાર ધરા ધ્રુજી રહી છે.ડાંગ જિલ્લાના પ્રખ્યાત ગિરિમથક સાપુતારા અને તેની આસપાસના સરહદી વિસ્તારોમાં આજે ૨૧-૦૮-૨૦૨૬નાં બપોરનાં અરસામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. મહારાષ્ટ્રના નાસિક સરહદી વિસ્તારને સ્પર્શતા આ પ્રદેશમાં અનુભવાયેલા આ ભૂકંપની તીવ્રતા રિએક્ટર સ્કેલ પર ૩.૩ નોંધાઈ છે, જેના કારણે સ્થાનિક રહીશો અને પ્રવાસીઓમાં ક્ષણભર માટે ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રની સત્તાવાર માહિતી અનુસાર, આ આંચકો આજરોજ ૨૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૪૫:૩૨ વાગ્યે (IST) નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અક્ષાંશ ૨૦.૪૪૨ (Lat) અને રેખાંશ ૭૩.૭૦૨ (Long) પર પૃથ્વીની સપાટીથી માત્ર ૫ કિલોમીટરની ઊંડાઈએ (Depth) નોંધાયું હતું. ભૌગોલિક રીતે આ કેન્દ્રબિંદુ નાસિક (મહારાષ્ટ્ર) વિસ્તારમાં આવતુ હોવા છતાં, ડાંગ જિલ્લાના સાપુતારા અને સરહદી ગામડાઓમાં તેની સ્પષ્ટ અસર જોવા મળી હતી.ધરતીકંપનો આંચકો હળવો હોવાના કારણે કોઈ જાનમાલના નુકસાન કે મોટા પાયે હોનારતના સમાચાર મળ્યા નથી.જોકે, બપોરના સમયે અચાનક ધરતી ધ્રૂજી ઊઠતા સાપુતારા ખાતે આવેલા પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકો ઘર અને હોટલોમાંથી બહાર નીકળી આવ્યા હતા.ડાંગ જિલ્લા તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને અફવાઓથી દૂર રહેવા તથા શાંતિ જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે.

## સાપુતારા ખાતે ડાંગ જિલ્લા ભાજપની ત્રિદિવસીય પ્રશિક્ષણ શિબિર યોજાઈ

સુશીલ પવાર ડાંગ

ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ કાર્યકર્તાઓના ઘડતર અને પ્રશિક્ષણના હેતુથી સમગ્ર રાજ્યમાં જિલ્લા કક્ષાના પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેના ભાગરૂપે ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ભાજપ ગુજરાત પ્રદેશ દ્વારા 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન' અંતર્ગત ડાંગ જિલ્લા ભાજપની ત્રિદિવસીય જિલ્લા કક્ષાની પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવિતનાં નેતૃત્વમાં યોજાયેલી આ પ્રશિક્ષણ શિબિરમાં જિલ્લાના આશરે ૫૫ જેટલા સિનિયર કાર્યકર્તાઓ ઉપરાંત ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જિલ્લા પ્રમુખો તેમજ ગુજરાત ભાજપના પ્રદેશ કક્ષાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ત્રિદિવસીય પ્રશિક્ષણ શિબિર દરમિયાન સતત ત્રણ દિવસ સુધી વિવિધ ૧૧ જેટલા મહત્વપૂર્ણ વિષયો પર તજજ્ઞ અને પ્રદેશ કક્ષાએ નિયુક્ત કરવામાં



### ૧૧ વિવિધ વિષયો પર કાર્યકર્તાઓને તજજ્ઞ વક્તાઓ દ્વારા માર્ગદર્શન અપાયુ,આશરે ૫૫ જેટલા સિનિયર કાર્યકર્તાઓ જોડાયા

આવેલા વક્તાઓ દ્વારા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. વર્તમાન સમયના મહત્વપૂર્ણ મુદ્દાઓ, સંગઠનાત્મક કામગીરી અને કાર્યકર્તાઓની જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી રહી છે.પ્રશિક્ષણ દરમિયાન કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ગરીબો તથા જરૂરિયાતમંદો માટે અમલમાં મૂકવામાં આવેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સંગઠનને વધુ મજબૂત બનાવવા માટેની કામગીરી, કાર્યકર્તાઓનું ઘડતર તેમજ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે કાર્ય કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.આ પ્રસંગે પ્રદેશ સંગઠન તરફથી રત્નાકરજી, ડૉ. પ્રશાંત કોરાટ, સાંસદ ધવલ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાપુતારા ખાતે યોજાયેલી આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ કાર્યકર્તાઓમાં સંગઠન પ્રત્યેની જવાબદારી, કાર્યક્ષમતા અને રાષ્ટ્રનિર્માણની ભાવનાને વધુ પ્રબળ બનાવવાનો છે.

## કેશોદ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના ભવ્ય કાર્યક્રમમાં હિન્દુ હૃદય સમ્રાટ ડૉ.પ્રવીણભાઈ તોગડીયાજી પધાર્યા



નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ મુકામે તા.20 ઓગસ્ટ, 2026ના રોજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા રાષ્ટ્રીય બજરંગ દળના કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે હિન્દુ હૃદય સમ્રાટ ડો. પ્રવીણભાઈ તોગડિયાજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શુભ શરૂઆત ભગવાન શ્રીરામ તથા ભારત માતાના ચરણોમાં દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ તાલુકા અધ્યક્ષશ્રી હરસુખભાઈ સિદ્ધપરા તથા શહેર અધ્યક્ષશ્રી રજનીભાઈ બામરોલીયા દ્વારા ડો.પ્રવીણભાઈ તોગડિયાજી તેમજ ઉપસ્થિત મહેમાનોનું સાલ અને પુષ્પહારથી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે વિવિધ સંગઠનો અને સમાજના અગ્રણીઓ દ્વારા પણ ડો.તોગડીયાજીનું બહુમાન થયેલું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્ઘોષક શ્રી ડો. ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું. અક્ષય અન્નક્ષેત્ર ખાતે ઉપસ્થિત ભારતીય સંસ્કૃતિ અને ધર્મ હિતચિંતકોને સંબોધતા ડો. તોગડિયાજીએ સમાજમાં રોગમુક્તિ, ચિંતામુક્તિ, પરસ્પર સહયોગ, ભાઈચારો અને એકતાના નિર્માણ પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મના જતન સાથે સમાજના આત્મરક્ષણ અને સંગઠન માટે ગામડે ગામડે તથા શહેરોની ગલીએ ગલીએ હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ થઈ રહ્યા છે. આવા કેન્દ્રો માત્ર ધાર્મિક પ્રવૃત્તિનું માધ્યમ ન બની, પરંતુ સમાજને એકસૂત્રમાં બાંધવાનું કાર્ય કરે તેવો તેમનો સંદેશ હતો.અઠવાડિયામાં એક વખત સૌ સાથે મળીને હનુમાન ચાલીસા સહિતની ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે પરસ્પરના મનના અંતરો દૂર કરવા, એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બનવા અને જરૂરિયાતના સમયે એકબીજાને ઉપયોગી થવા તેમણે આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે જ્યારે પરિવારો પરસ્પર સહયોગ અને સ્નેહથી જોડાય છે ત્યારે સુખી પરિવાર અને સુખી સમાજનું નિર્માણ થાય છે. આવા પરિવારોની સંખ્યા સતત વધે અને સમાજમાં સંગઠન, સંસ્કાર, સેવા તથા સહકારની ભાવના મજબૂત બને તે માટે તેમણે ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપ્યું હતું. આ તો કે તેમણે વિશ્વ હિન્દુ હેલ્પલાઈન નંબર 02066803300ની પણ જાહેરાત કરી હતી.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં હિન્દુ સમાજના આગેવાનો, કાર્યકરો તથા સંસ્કૃતિ અને ધર્મપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ, ધર્મ, સમાજ સંગઠન અને પરસ્પર સહયોગનો સંદેશ પ્રબળ રીતે પ્રસર્યો હતો.

## રાજુલા - રાજકોટ બસ ને જાફરાબાદ સુધી લંબાવવા માટે જાફરાબાદ સંસ્થા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી



કિશોર આર. સોલંકી જાફરાબાદ

પેસેન્જરની સુવિધા અને નિગમને આવકમાં વધારો ત્યારે આ એસટીના અધિકારીઓ ધ્યાન આપશે ખરા ? રાજુલા થી ઉપડતી રાજુલા રાજકોટ બસ આ બસ રાજુલા થી સાંજના ૫:૧૫ મીનીટે ઉપડતી બસ ને જાફરાબાદ સુધી લંબાવવા માટે જાફરાબાદ ની સંસ્થાઓ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ દ્વારા એસટી તંત્ર ના લાગતાવળગતા ખાતાઓ માં રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાઓ દ્વારા રજૂઆત માં જણાવેલ છે કે રાજુલા ખાતે ચાલતી રાજુલા - રાજકોટ બસ કે જે રાજુલા થી સાંજના ૫:૧૫ ઉપડતી બસ ને જાફરાબાદ સુધી લંબાવવા આવે તો વેપારીઓ ને નોકરીયાતો ને અને માછીમારોને સારો એવો ફાયદો થાય શકે તેમ છે. આ બાબતે લોકો માં પણ ઉગ્ર માંગ થઈ રહી છે. આ બસ રાજુલા ડેપો ની હોય મુસાફર જનતા ની માંગણી લક્ષમાં રાખીને રાજુલા ડેપો મેનેજર આ બાબતે હકારાત્મક નિર્ણય લેશે તેવી મુસાફર જનતા તેમજ જુદી જુદી સંસ્થાઓ ની માંગણી છે. તો આ બસને જાફરાબાદ સુધી લંબાવી આપવામાં આવે તો એસટી તંત્ર ને આ બસ થકી આવક પણ સારી એવી મળી શકે તેમ છે. રાજુલા ડેપો મેનેજર આ બાબતની ગંભીરતા સમજી ધ્યાન લેવામાં આવે તેવી માંગ સંસ્થાઓ દ્વારા મુસાફર જનતા ના હિતમાં લઈને રજુઆત કરવામાં આવી છે જોકે આ ડેપો દ્વારા રાજકોટની બે બસ ચાલે છે ત્યારે આ છેલ્લી બસ જાફરાબાદ સુધી જમવામાં આવે તો જાફરાબાદના લોકોને રાજકોટ મોરબી જેવા વિસ્તારોમાં જવા માટે ખૂબ જ સગવડતા મળશે અને નિગમને પણ આવકમાં વધારો થશે.

## રાજ્યના ઉર્જા અને કાયદા મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે તા.૨૨મી ઓગસ્ટે જૂનાગઢ સંગ્રહાલયની નવસર્જન પામેલી 'તાજમંજિલ' ઈમારતનું લોકાર્પણ


નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજ્યના ઉર્જા અને કાયદા વિભાગના રાજ્ય મંત્રી અને જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે તા. ૨૨/૦૮/૨૦૨૬ના રોજ જૂનાગઢ સંગ્રહાલયની નવસર્જન પામેલ 'તાજમંજિલ' ઈમારતનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે સાંસદશ્રી જૂનાગઢ શ્રી રાજેશભાઈ ચુડાસમા, જૂનાગઢ મહાનગરપાલિકાના મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજય કોરડિયા તથા જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આશરે છેલ્લા ૧ વર્ષથી જૂનાગઢ સંગ્રહાલય રિનોવેશનના કારણે બંધ હતું. આ રિનોવેશનનો કુલ ખર્ચ રૂ. ૨ કરોડ ૧૪ લાખ થયો છે, જેમાં પ્રદર્શનની કામગીરી ૩ માસમાં પૂર્ણ કરવામાં આવી છે. સંગ્રહાલયમાં રોયલ કલેક્શનની સાથે પુરાતત્વીય કલેક્શન પણ સામેલ છે, જેમાં ચાંદીની કલાકૃતિઓ, હોદાપાલખી, કાચકળા, હથિયાર, ફર્નિચર, મૂર્તિઓ તથા ટેરાકોટા ઓબ્જેક્ટસ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલીક નવી ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે, જેમાં યુરોપિયન ગેલેરી, મિનિએચર પેઈન્ટીંગ ગેલેરી, ઓઈલ પેઈન્ટીંગ ગેલેરી અને આરઝી હકુમત જેવી નવી ગેલેરીઓનો સમાવેશ થાય છે. વિશેષમાં, ફક્ત લોકાર્પણના દિવસે જ જૂનાગઢ સંગ્રહાલય બપોરે ૩:૦૦ કલાક થી ૫:૩૦ કલાક સુધી નાગરિકો માટે વિના મૂલ્યે ખુલ્લું રહેશે.

## ગુજરાત પ્રેસ અકાદમી, જિલ્લા માહિતી કચેરી ભુજ-કચ્છ અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે સર્જક સાથે સંવાદ કાર્યક્રમનું ભુજ ખાતે આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર, જિલ્લા માહિતી કચેરી ભુજ- કચ્છ અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે કુલપતિશ્રી ડૉ.મોહન પટેલની અધ્યક્ષતામાં ' પત્રકારત્વની કેડીએ.... યુવાનો અને સર્જકોનો સંવાદ' વિષય પર 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમ કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવશ્રી જયેશ દવેએ જણાવ્યું હતું કે, આજના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડિજિટલ યુગમાં માધ્યમો ભલે બદલાયા હોય, પરંતુ માનવીય સંવેદનાનો કોઈ વિકલ્પ નથી. મશીનમાં ટેક્નોલોજી છે પણ સંવેદના નથી. વધુમાં તેમણે ઉમેર્યું કે, જ્યારે વિચારમાં સંસ્કારિતા અને સંવેદના ભળે છે ત્યારે જ સાચો સંવાદ શક્ય બને છે. શ્રી દવેએ ભાષા શુદ્ધિ અને સજ્જતા પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું હતું કે, પત્રકારત્વ અને સાહિત્યમાં શુદ્ધ શબ્દનો ઉપયોગ અત્યંત જરૂરી છે. આજે 'રીલ' અને 'પોસ્ટ'ના જમાનામાં દરેક વ્યક્તિ સોશિયલ મીડિયા દ્વારા પત્રકારત્વનું કામ કરી રહી છે, ત્યારે સત્ય અને સજ્જતા સાથે લેખન કરવું એ સમયની માંગ છે. ૨૧મી સદીના વાચક અને છેવાડાના માનવી સુધી સાચો અને અસરકારક સંદેશ પહોંચાડવાની જવાબદારી પણ સર્જકો અને પત્રકારોની છે. રાજકોટ અને જુનાગઢ ઝોનના સંયુક્ત માહિતી નિયામકશ્રી મિતેષભાઈ મોડાસિયાએ જણાવ્યું હતું કે, યુવાનોને વડાપ્રધાનશ્રીના વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના સંકલ્પને સાકાર કરવા સૌપ્રથમ વિકસિત ગુજરાતનું નિર્માણ કરવું પડશે. જેમાં યુવા પેઢીની ભૂમિકા અને જવાબદારી અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે સોશિયલ મીડિયાના આભાસી જગતમાંથી બહાર આવી સર્જકો સાથે રૂબરૂ સંવાદ કરવા અને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પમાં સક્રિય યોગદાન આપવા યુવાનોને આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ તેમજ કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.મોહનભાઈ પટેલે સાહિત્યના ક્ષેત્રમાં યુવાનોની સહભાગિતા, લોકસંસ્કૃતિનું જતન તેમજ ટેક્નોલોજીના આ સમયમાં સાહિત્યિક મૂલ્યોની જાળવણી પર ભાર મૂક્યો હતો. નવયુવાન વાર્તાકારો અને લેખકોના આગમનથી સાહિત્યનું ભવિષ્ય ઉજ્જવળ અને સુરક્ષિત હાથોમાં હોવાનો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. કચ્છની ભૂમિને સાહિત્ય માટે 'ઓપન લેબોરેટરી' ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે, કચ્છના સાહિત્યને આગળ ધપાવવામાં શૈક્ષણિક સંસ્થાઓનું યોગદાન અગત્યનું છે. ભાષાકીય શુદ્ધતા અને સાહિત્યિક સૂઝ ધરાવતા ઉત્તમ પત્રકારો તૈયાર કરવા સમયની માંગ છે. તેમણે એ.આઈ. ટેકનોલોજીના કારણે પુસ્તકો અને સાહિત્યિક સંપદા સામે ઊભેલા પડકારો અંગે સૌને માહિતગાર કર્યા હતા. સાહિત્યના માધ્યમથી માત્ર પદ કે ડિગ્રી જ નહીં, પરંતુ એક ઉત્તમ માનવી બનીને સમાજમાં યોગદાન આપવા માટે વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. કવિ અને કટાર લેખક શ્રી જયન્તી જોશી 'શબાબ' એ સર્જન અને પત્રકારત્વના સમન્વય પર પ્રકાશ પાડતા સચોટ અને જવાબદારી ભર્યા પત્રકારત્વ માટે દ્રવ્યાત્મક, રૂપાત્મક અને ભાવાત્મક પ્રલોભનો અને પ્રતિકૂળતા વચ્ચે કામ કરવાના ગુણો કેળવીને સાતત્યપૂર્ણ કામ કરવા પર ભાર મુકતા જણાવ્યું હતું કે, વરસતા વાદળની જેમ સમાજને માહિતી અને જ્ઞાનનું અમૃત પુરું પાડવું એ પત્રકારનો સાચો ધર્મ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, સમાજમાં જ્યારે અફવાઓ અને અસત્યનું ઝેર ઝડપી ફેલાતું હોય, ત્યારે પત્રકાર સમાજને બચાવવાનું અને સત્યને ટકાવી રાખવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. તેમણે 'રૂબરૂ' મુલાકાત અને આંતરિક સંવાદના મહત્વ પર ભાર મૂકતા કહ્યું હતું કે, સર્જક સાથેનું પ્રત્યક્ષ મિલન જ જ્ઞાન તથા સરસ્વતીની સાચી આરાધના છે. આ તકે તેમણે પત્રકારોને પૂર્વગ્રહમુક્ત, સમતુલિત અને સંવેદનશીલ બનીને જાગ્રત મન સાથે સમાજમાં સાચી સર્જકતા તથા વાસ્તવિકતાનો ઉજાસ ફેલાવવા અપીલ કરી હતી. યુવા વાર્તાકાર, કટાર લેખકશ્રી અજય સોનીએ વ્યક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, સર્જક કોઈ જુદી દુનિયાનો વ્યક્તિ નથી હોતો પણ તે પોતાના અનુભવ જગતને કળામાં રૂપાંતરિત કરી શકે છે. લેખનએ સતત અભ્યાસનો વિષય છે. ઉત્તમ વાચન અને સૈદ્ધાંતિક જ્ઞાન મેળવ્યા બાદ જ સાહિત્ય સર્જનની દિશામાં આગળ વધી શકાય છે. વિચારની પ્રેરણા મળ્યા બાદ તેને સાકાર કરવાનું કાર્ય અભ્યાસ અને આવડત કરે છે. નવી ટેક્નોલોજી અંગે તેમણે કહ્યું હતું કે, આજની પેઢી 'ઝેનજી' જન્મથી જ ટેક્નોલોજી સાથે જોડાયેલી છે, ત્યારે મોબાઈલ તેમના માટે માત્ર માહિતીનો સ્ત્રોત જ નહીં પણ અભિવ્યક્તિનું માધ્યમ પણ બની ચૂક્યો છે. એ.આઈ. એ માનવીનો વિકલ્પ નથી પરંતુ સહાયક મિત્ર છે. તેમણે ઉમેર્યું હતું કે, વાચનનું સ્વરૂપ બદલાયું છે. આજે યુવાનો ઓડિયો બુક, પોડકાસ્ટ અને વેબસાઈટ જેવા ડિજિટલ માધ્યમોથી સાહિત્ય મેળવે છે. બદલાયેલા સમય સાથે તમામ પેઢીઓએ પણ આ સ્વરૂપોનો સ્વીકાર કરવો પડશે. આજે આપણી પાસે અભિવ્યક્તિની અઢળક તકો ઉપલબ્ધ છે ત્યારે યુવાનોએ સમાજના પ્રભાવો અને વિચારોને યોગ્ય રીતે તપાસીને પોતાની વિવેકબુદ્ધિથી આગળ વધવું જોઈએ. એક માણસને બીજા માણસ સાથે જોડવાનું કામ કરે તે જ સાચી વિચારધારા છે. કચ્છ યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમનો દીપ પ્રાગટ્યથી આરંભ કરાયા બાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરાયું હતું. કચ્છના નાયબ માહિતી નિયામક શ્રી ઘનશ્યામ પેડવાએ આભારવિધિ કરી હતી. તેમજ સર્જક સાથે સંવાદ કાર્યક્રમનો દોરીસંચાર સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સુશ્રી હનીબેન રાઠોડે કર્યું હતું. સામાન્ય જ્ઞાન કસોટીમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતાં, વિજેતાઓને પ્રોત્સાહનરૂપે મહાનુભાવોના હસ્તે ભેટ અપાઇ હતી. વક્તાઓએ પ્રશ્નોત્તરી દરમિયાન વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપીને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અનિલભાઈ ગોર, ફાઈન આર્ટસ ફેકલ્ટીઝના ડીન ડૉ. કાશ્મિરા મહેતા, ગુજરાતી વિભાગ ના વડાશ્રી પ્રો.તીર્થંકરદાન રોહડિયા, નાયબ માહિતી નિયામકશ્રી પ્રશાંત ત્રિવેદી, નાયબ માહિતી નિયામકશ્રી સોનલબેન જોષીપુરા, સહાયક માહિતી નિયામક સર્વશ્રી પરિમલ પટેલ, પારૂલબેન આડેસરા, પ્રિયંકાબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સૌરાષ્ટ્ર-કચ્છ ઝોન તથા જુનાગઢ ઝોનના માહિતી વિભાગના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ, ભાષા ભવનના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## શ્રાવણ માસ નિમિતે શ્રીકષ્ટભંજન દેવને શાકભાજીની થીમવાળા વિશેષ વાઘાનો શણગાર, શાકભાજીની હાટડી કરાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૧ પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રીસ્વામી શ્રીહરિપ્રકાશ દાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ:21-08-2026ને શુક્રવારના રોજ દાદાને શાકભાજીની થીમવાળા વિશેષ વાઘા પહેરાવ્યા એવં સિંહાસને શણગાર કરાયો એવં સુરણ, રીંગણ, ટામેટા, શકરીયા,ગુવાર,દુધી, બીટ, મૂળા વિગેરે શાકભાજીની હાટડી કરાઇ હતી.

આ શાકભાજી ભક્તોને પ્રસાદ તરીકે વિતરણ કરાશે. સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી(અથાણા વાળા) દ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કર્યો છે. અનેક ભક્તો દ્વારા ધજા ચઢાવવામાં આવી હતી. સંપૂર્ણ પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તા.13-08-2026 થી તા.11-09-2026 સુધી શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ દ્વારા અનેકવિધ કાર્યક્રમો અંતર્ગત દિવ્ય શણગાર- દર શનિવારે ફ્રુટ અન્નકૂટ, છપ્પન્ન ભોગ અન્નકૂટ, ચોકલેટ અન્નકૂટ, ડ્રાયફ્રુટ મીઠાઈ અન્નકૂટ જેવા અનેક દિવ્ય અન્નકૂટ દર્શન, દર મંગળવારે સંગીતમય સુંદરરકાંડ પાઠ,સંપૂર્ણ શ્રાવણ માસ નિમિત્તે દૈનિક મારુતિ યજ્ઞ, દર રવિવારે સાંજે 4:45 કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજન સાથે મહાસંધ્યા આરતી,દર સોમવારે દાદાને શિવસ્વરૂપ દિવ્ય શણગાર,શ્રીહરિ મંદિરમાં દિવ્ય હિંડોળા દર્શન સાથે દિવ્ય સત્સંગ કથા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ આદિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

# શ્રાવણના પ્રથમ સોમવારે ઔદિચ્ય બ્રહ્મ સમાજ મહિલા પાંખની સોમનાથ યાત્રા...



## 35 બહેનોએ સોમનાથ મહાદેવના દર્શન સાથે ધ્વજા આરોહણનો પાવન લ્હાવો લીધો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારના પાવન અવસરે ભુજ તાલુકા ઔદિચ્ય બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા પ્રમુખ પલ્લવીબેન જીગરભાઈ પંડ્યાના અધ્યક્ષસ્થાને ભવ્ય સોમનાથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. યાત્રા દરમિયાન સોમનાથ મહાદેવ મંદિરે ધ્વજા આરોહણ કરવામાં આવતા સમગ્ર વાતાવરણ 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

આ ધાર્મિક યાત્રામાં મહિલા પાંખની 35 સભ્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મહિલા પાંખના સભ્ય જયેન્દ્રબાળાબેન પંડ્યાના તરફથી સોમનાથ મહાદેવ મંદિરે ધ્વજા ચડાવવામાં આવી હતી, જેનો લાભ ઔદિચ્ય બ્રહ્મ સમાજ મહિલા પાંખના ફાળે આવ્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા ઉપપ્રમુખ મીનાબેન કે. જોશી, મંત્રી જીજ્ઞાબેન સચીનભાઈ પંડ્યા, સહમંત્રી ઝલકબેન શુક્લ અને ખજાનચી રશ્મિબેન કે. જોશી સહિત કારોબારી સભ્યોએ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. મહિલા પાંખના આગેવાનો કમળાબેન વ્યાસ, બિન્દુબેન જોશી, સરોજબેન પંડ્યા તેમજ પૂર્વ પ્રમુખ જયશ્રીબેન ત્રિપાઠી, રેણુકાબેન આચાર્ય અને પદ્મિનીબેન ઉપાધ્યાય સહિત બહેનોએ પણ યાત્રાની સફળતા માટે સહયોગ આપ્યો હતો.

સોમનાથ મહાદેવ મંદિરે ધ્વજા આરોહણ બાદ તમામ બહેનોએ ભગવાન સોમનાથના દર્શનનો પાવન લ્હાવો લીધો હતો. યાત્રામાં સહયોગી દાતા તરીકે ભગવતીબેન આચાર્ય અને દિનાબેન રાવલે પણ સહયોગ આપ્યો હતો.

સોમનાથ દર્શન બાદ જૂનાગઢના ભવનાથ મહાદેવ મંદિરના દર્શન તથા ખોડલધામના દર્શન કરવામાં આવ્યા હતા. શ્રદ્ધા, ભક્તિ અને સંગઠનભાવ સાથે યોજાયેલી આ ધાર્મિક યાત્રા તમામ સભ્ય બહેનોના સાથ-સહકારથી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

## ૧૯૯૫માં ધાવડા (મોટા)ના તલાટી પરસોત્તમભાઈ ખત્રી અને તે સમયના ઉપસરપંચ જયસુખભાઈ પટેલની વર્ષો બાદ સંસ્મરણસભર મુલાકાત



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

વડીલોની વાતોમાં અનુભવ, સંસ્કાર અને ગામના ભૂતકાળની અનેક યાદો સમાયેલી હોય છે. આજરોજ અંગિયા (મોટા) ગામના પૂર્વ તલાટી શ્રી પરસોત્તમભાઈ ખત્રી સાથે જૂની યાદોને વાગોળવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો હતો. શ્રી પરસોત્તમભાઈ ખત્રી વર્ષ ૧૯૯૫માં ધાવડા (મોટા) ગામે તલાટી તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે શ્રી જયસુખભાઈ પટેલ ગામના ઉપસરપંચ તરીકે જવાબદારી નિભાવતા હતા. વર્ષો બાદ બંનેની મુલાકાત થતાં તે સમયની ગામની પરિસ્થિતિ, વહીવટી કામગીરી અને અનેક જૂના સંસ્મરણો ફરી તાજા થયા હતા. આ પ્રસંગે નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રી જયસુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, "વર્ષો પહેલાંના સમયની વાતો અને એ સમય સાથે જોડાયેલા લોકો સાથે ફરી મુલાકાત થાય ત્યારે જૂની યાદો તાજી થઈ જાય છે. વડીલોની આવી વાતો આપણા ગામના ઈતિહાસ અને સંસ્કૃતિની અમૂલ્ય ધરોહર સમાન છે."

વાતોના દોર વચ્ચે ૧૯૯૫ના સમયની અનેક યાદો જાણે આંખો સામે જીવંત બની હતી. વડીલો સાથેની આવી સંસ્મરણસભર મુલાકાતો નવી પેઢીને ભૂતકાળના અનુભવ અને ગામની વિકાસયાત્રાથી પરિચિત કરાવતી રહે છે. જૂની યાદો વર્ષો જૂની હોય, પરંતુ વડીલોની વાતોમાં તે હંમેશાં જીવંત રહે છે.

# ચોમાસામાં આરોગ્ય સુરક્ષા માટે નખત્રાણા તંત્ર સતર્ક



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય રોગચાળાને રોકવા માટે નખત્રાણા તાલુકા તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક બન્યું છે. સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી દરેક નાગરિક સુધી પહોંચે તે માટે તાલુકા પંચાયત દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આજરોજ નખત્રાણા તાલુકા પંચાયત ખાતે TDO સાહેબની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં તાલુકાના તમામ તલાટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન THO શ્રી દ્વારા ગામે ગામ પીવાના પાણીના ટાંકાની નિયમિત સફાઈ તેમજ દૈનિક ક્લોરીનેશનની કામગીરીને પ્રાથમિકતા આપવા સૂચનાઓ આપવામાં આવી હતી. THO શ્રી એ જણાવ્યું હતું કે ચોમાસામાં પાણીમાં બેક્ટેરિયા અને અન્ય જીવાણુઓનું પ્રમાણ વધવાના કારણે ઝાડા-ઉલટી, કમળો સહિતના પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા રહે છે. તેથી ગામોમાં સ્વચ્છ પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવી અત્યંત જરૂરી છે.

TDO સાહેબે તમામ તલાટીઓને જવાબદારીપૂર્વક કામગીરી કરવા તેમજ ગ્રામજનોમાં સ્વચ્છતા, શુદ્ધ પીવાનું પાણી અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા ખાસ ભાર મૂક્યો હતો.

તંત્રના આ આગોતરા અને સક્રિય પગલાંથી ચોમાસા દરમિયાન પાણીજન્ય રોગચાળાને અટકાવવામાં મદદ મળશે અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોનું આરોગ્ય વધુ સુરક્ષિત બનશે.

## જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની મોટી કાર્યવાહી: રૂ. ૧૩.૬૬ લાખના વિદેશી દારૂ અને ક્રેટા કાર સાથે મુદ્દામાલ જપ્ત

જૂનાગઢ શહેરના પ્રદિપના ખાડીયા વિસ્તારના લીસ્ટેડ બુટલેગર સાગર ઉર્ફે કાંચા દ્વારા રાજસ્થાન રાજયમાંથી મંગાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ચપટા નંગ-૧૯૬૮ કિ.રૂ.૩,૬૬,૦૪૮/- તથા ક્રેટા કાર સહિત કિ. રૂા.૧૩,૬૬,૦૪૮/- નો મુદામાલ પકડી પાડી ઇંગ્લીશ દારૂનો કેસ શોધી કાઢતી ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢ

જૂનાગઢ શહેરના પ્રદિપના ખાડીયા વિસ્તારના લીસ્ટેડ બુટલેગર સાગર ઉર્ફે કાંચા દ્વારા રાજસ્થાન રાજયમાંથી મંગાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂના ચપટા નંગ-૧૯૬૮ કિ.રૂ.૩,૬૬,૦૪૮/- તથા ક્રેટા કાર સહિત કિ.રૂા.૧૩,૬૬,૦૪૮/- નો મુદામાલ પકડી પાડી ઇંગ્લીશ દારૂનો કેસ શોધી કાઢતી ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢ જિલ્લામાં ગેરકાયદેસર રીતે ચાલતી દેશી/વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબુદ કરવા અને ગે.કા. પ્રવૃતિને સંપુર્ણપણે ડામી દેવા ઉપરી અધિકારીશ્રીઓ તરફથી કડક સુચના થયેલ હોય. જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ, જૂનાગઢના માણસોને સંયુક્તમાં ખાનગી બાતમીદારો મારફતે ચોક્કસ બાતમી હકિકત મળેલ કે, સાગર ઉર્ફે કાન્ચો પ્રવિણભાઇ સોલંકી રહે. જુનાગઢ, પ્રદિપ ખાડીયા વાળાએ બહારના રાજયમાંથી ગે.કા. ભારતીય વિદેશી દારૂનો જથ્થો મંગાવી પાદરીયા ગામે આવેલ પોતાના કબ્જા ભોગવટાના વૃંદાવન ગૌશાળામાં દારૂના જથ્થાનું કટીંગકરેછે અને હાલ દારૂ કટીંગની પ્રવૃતિ ચાલુ છે. તેવી ચોકકસ હકીકત મળેલ હોય જે હકિકત આધારે ખડીયા તરફ જતા રોડ તરફ જતા પાદરીયા ગામે પ્રાથમિક શાળાની સામેની ગલીમાં જમણી બાજુવળી આશરે ૨૦૦ મીટર અંદર જતા પુર્વ બારના ડેલા વાળી હકિકત જગ્યા આવેલ જેમાં એક સફેદકલરની ફોર વ્હીલ ગાડી રજી.નં. જીજે-૦૩-બીજે-૩૧૨૨ની પડેલ જોવામાં આવેલ. જેફોરવ્હીલગાડીનીબાજુમાં નીચેના ભાગે પ્લાસ્ટીકના ઝબલા પડેલ જોવામાં આવેલ. તેમજ ગૌ શાળામાં તપાસ કરતા મજકુર સાગર ઉર્ફે કાન્ચો પ્રવિણભાઇ સોલંકી રહે. જુનાગઢ પ્રદિપ ખાડીયા વાળો હાજર મળી આવેલ નહી. જેથી ગૌ શાળામાં તપાસ કરતાપડેલ ફોર વ્હીલ ક્રેટા ગાડી રજી.નં. જીજે-૦૩-બીજે- ૩૧૨૨ ની ખુલી હાલતમાં જોવામાં આવેલ. જે ગાડીની ડેકીમાં તથા ગૌ શાળામાં જમીન ઉપર પ્લાસ્ટીકના ઝબલા જોવામાં આવેલ. જે જમીન ઉપર તથા ફોર વ્હીલ ગાડીમાં રહેલ ઝબલામાં જોતા ભારતીય બવનાટના દિશીદારૂનાપ્લાસ્ટીકનીબોટલ(ચપટા)જોવામા આવતા તમામ મુદામાલ કબ્જે કરી હાજર નહિ મળી આવેલ ઈસમ વિરૂધ્ધમાં પ્રોહીબીશન ધારા હેઠળ જૂનાગઢ તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૩૨૬ ૦૬૨૨/૨૦૨૬ પ્રોહી ક.૬૫(એ)(ઇ), ૯૮(૨) મુજબ ગુન્હો રજી. કરવામાં આવેલ. હાજર નહી મળી આવેલ આરોપીઓના નામઃ- (૧) સાગર ઉર્ફે કાન્ચો પ્રવિણભાઇ સોલંકી રહે. જુનાગઢ, પ્રદિપ ખાડીયા કબ્જે કરવામાં આવેલ મુદામાલઃ- (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની નાની બોટલ નંગ- ૧૯૬૮ કિ.રૂ.૩,૬૬,૦૪૮/- (૨) ફાસ્ટટેગ-૧ કિ.રૂ.૦૦/- (૩) પાકીટ તથા ગાડીના કાગળો તથા આધારકાર્ડ, પાનકાર્ડ, એટીએમ કાર્ડ કિ.રૂ.૦૦/- (૪) નંબર પ્લેટ નંગ-૪ કિ.રૂ.૦૦/- (૫) ક્રેટા કાર કિ. રૂ.૧૦,૦૦,૦૦૦/- કુલ કિ.રૂ.૧૩,૬૬,૦૪૮/-

આ સફળ કામગીરી કરનારા પોલીસ અધિકારી/કર્મચારીઓમાં ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઇન્સ. કૃણાલ એમ.પટેલ તથા પો.સ.ઇ.શ્રી ડી.કે.પટેલ તથા એ.એસ.આઇ.વિજયભાઇ બડવા તથા પો.હેડ કોન્સ. ભનુભાઇ ઓડેદરા, પ્રતિકભાઇ ઠાકર, જીતેષ મારૂ તથા પો.કોન્સ. રાજુભાઇ કટારા, અજયસિંહ ચુડાસમા વિગેરે પોલીસ સ્ટાફએ સાથે રહી આ કામગીરી કરેલ છે.



## આંકોલવાડી કન્યાશાળાની બાલિકાઓ દ્વારા દેશના જવાનોને પ્રેમભરી રાખડીઓ મોકલવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

તાલાળા તા.૨૧ આંકોલવાડી કન્યાશાળા ની બાલિકાઓ દ્વારા દેશની સરહદ પર તૈનાત આપણા વીર જવાનોને હૃદયપૂર્વક નમન સાથે 101 રાખડીઓ મોકલી રક્ષાબંધનના પવિત્ર પર્વે પોતાનો પ્રેમ, આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે "સરહદ પર આપ સૌ જવાનો દેશની રક્ષા કરી રહ્યા છો, ત્યારે અમે સૌ બહેનો રાખડીના આ પ્રેમથી આપની રક્ષા ની પ્રાર્થના સાથે સલામ કરીએ છીએ." સબસે પ્યારા હિન્દુ સ્થાન અમારા, જયહિન્દ, ભારત માતા કી જય

# ચોમાસામાં આરોગ્ય સુરક્ષા માટે નખત્રાણા તંત્ર સતર્ક

### TDOની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ, ગામે ગામ પીવાના પાણીના ટાંકા સફાઈ અને દૈનિક ક્લોરીનેશનના આદેશ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય રોગચાળાને રોકવા માટે નખત્રાણા તાલુકા તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક બન્યું છે. સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી દરેક નાગરિક સુધી પહોંચે તે માટે તાલુકા પંચાયત દ્વારા સઘન આયોજન હાથ ધરવામાં આવ્યું છે.આજરોજ નખત્રાણા તાલુકા પંચાયત ખાતે TDO સાહેબની અધ્યક્ષતામાં મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં તાલુકાના તમામ તલાટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન THO શ્રી દ્વારા ગામે ગામ પીવાના પાણીના ટાંકાની નિયમિત સફાઈ તેમજ દૈનિક ક્લોરીનેશનની કામગીરીને પ્રાથમિકતા આપવા સૂચનાઓ આપવામાં આવી હતી. THO શ્રી એ જણાવ્યું હતું કે ચોમાસામાં પાણીમાં બેક્ટેરિયા અને અન્ય જીવાણુઓનું પ્રમાણ વધવાના કારણે ઝાડા-ઉલટી, કમળો સહિતના પાણીજન્ય રોગો ફેલાવાની શક્યતા રહે છે. તેથી ગામોમાં સ્વચ્છ પાણીની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવી અત્યંત જરૂરી છે.TDO સાહેબે તમામ તલાટીઓને જવાબદારીપૂર્વક કામગીરી કરવા તેમજ ગ્રામજનોમાં સ્વચ્છતા, શુદ્ધ પીવાનું પાણી અને આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા ખાસ ભાર મૂક્યો હતો.તંત્રના આ આગોતરા અને સક્રિય પગલાંથી ચોમાસા દરમિયાન પાણીજન્ય રોગચાળાને અટકાવવામાં મદદ મળશે અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોનું આરોગ્ય વધુ સુરક્ષિત બનશે.

## છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) જે.કે. પરમારે સંખેડા તાલુકાની બહાદરપુર કુમાર અને કન્યા પ્રાથમિક શાળાઓની અચાનક મુલાકાત લીધી



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા | છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (DPEO) જે.કે. પરમારે આજે સંખેડા તાલુકાની બહાદરપુર કુમાર અને કન્યા પ્રાથમિક શાળાઓની અચાનક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને શૈક્ષણિક કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.મુલાકાત દરમિયાન DPEO પરમારે બંને શાળાઓના વર્ગખંડો, વિદ્યાર્થીઓની હાજરી, શૈક્ષણિક કાર્ય, મધ્યાહન ભોજન યોજના, સ્વચ્છતા અને પીવાના પાણી સહિતની ભૌતિક સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી તેમના વાંચન, લેખન અને ગણન કૌશલ્યની ચકાસણી કરી હતી. બાળકોને અભ્યાસમાં વધુ રસ પડે અને શાળામાં નિયમિત હાજરી રહે તે માટે શિક્ષકોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ પણ આપી હતી.આ ઉપરાંત, DPEO પરમારે ગુણવત્તાયુક્ત શિક્ષણ, શાળા વ્યવસ્થાપન અને સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે પણ સમીક્ષા હાથ ધરી હતી.આ મુલાકાત પ્રસંગે બંને શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વરસાદ ખેંચાતા ખેડૂતો મુશ્કેલીમાં પાક બચાવવા વીજ પુરવઠો વધારવા કચ્છ કલેક્ટરશ્રીને રજૂઆત

મહેશ એમ.સોની નખત્રાણા

હાલ વરસાદી દિવસો ચાલી રહ્યા હોવા છતાં પશ્ચિમ કચ્છના નખત્રાણા, અબડાસા અને લખપત પંથકમાં વરસાદ ખેંચાતા ખેડૂતો અને પશુપાલકો ભારે ચિંતાગ્રસ્ત બન્યા છે. આ બાબતે કચ્છ જિલ્લા પંચાયત સદસ્યા શ્રીમતિ નેહાબેન અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા કચ્છ કલેક્ટરશ્રીને રજૂઆત કરવામાં આવી છે.રજૂઆતમાં જણાવ્યા મુજબ, વિસ્તારના ખેડૂતોએ પોતાની પરસેવાની કમાણી વાવેતર, દવા અને મોંઘી મજૂરી પાછળ નાખી દીધી છે. હવે વરસાદ લાંબો ખેંચાતા પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે, જેથી ખેડૂતોને આર્થિક નુકસાન થવાની શક્યતા છે.તેથી ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે તાત્કાલિક ધોરણે વીજ પુરવઠો વધારવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. વીજળી મળતા ખેડૂતો પોતાના પાકને બચાવી શકશે.ઉપરાંત વરસાદના અભાવે ઘાસચારાની ભારે અછત સર્જાઈ છે. ઘાસચારાના અભાવે મૂંગા પશુધન મોતના મુખમાં ધકેલાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે જરૂરી પગલાં ભરવામાં આવે તેવી પણ કચ્છ કલેક્ટરશ્રીને રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે.

# ધારાવાહિક : દ્રૌપદી ના જીવનના રંગો



- રુપાલી દવે

'સમા યુક્તા ભુંજધ્વમ્' અથવા સમાર્ ભુંજતામ્'

મહાભારત ના આ વાક્ય પર દ્રૌપદી ના આખા જીવન ની કથા લખાઈ છે.આ સંસ્કૃત વાક્ય નું ગુજરાતી ભાષાંતર 'લાવ્યા છો એ સરખે ભાગે વહેંચી નાખો'એવો થાય છે મહાભારત માં આ વાક્ય કુંતી માતા ના મુખેથી બોલાયું છે. પુરુષ ને અસંખ્ય પત્નીઓ હોય શકે પણ એક સ્ત્રી ના જીવનમાં પાંચ પતિ હોવા એ એના સમગ્ર જીવન ના અપમાન થી વધારે ન ગણી શકાય.દરેક સ્ત્રીનું સ્વપ્નું લગ્ન બાદ પ્રથમ પતિ ની પ્રેયસી અને મિત્ર બને એવું હોય છે પણ લગ્ન જીવન માં પ્રેયસી કે માતા બનવા કરતા વધારે પાંચ પાંડવોની 'પત્ની વ્રતા સ્ત્રી' હતા.પાંચ પાંડવો ને દ્રૌપદી સિવાઈ અન્ય પણ ઘણી પત્નીઓ હતી પણ પતિઓ ના ગુપ્ત વનવાસ થી લઈને જુગારની રમત માં ભૂલ પાંડવો ની હતી છતાંય સહન દ્રૌપદી એ કરવું પડ્યું હતું.પાંચ બહાદુર પતિ ઓની પત્ની હોવા છતાંય એણે જીવન ભર કષ્ટ જ વધારે સહન કર્યા છે.

માતા કુંતી ના એક વાક્ય ને લીધે 'અભિમાની સૌંદર્યવતી દ્રોપદી' ના પાત્ર ને દુષ્ટ દુર્યોધન એ 'પાંચાલી' નામ આપી ને આવર નવાર એને અપમાનિત કરી હતી. મને લાગે છે કે મહાભારત ના સમય થી જ પત્ની અને સાસુ વચ્ચેના સબંધમાં તિરાડ પડી હશે.વર્તમાન સમયમાં તો સાસુ વહુ માટે 'પ્રેમભર્યા ' શબ્દ એ હાસ્યાસ્પદ વધારે લાગે છે.આ કારણોસર'સ્ત્રી જ સ્ત્રી ની દુશ્મન' કહેવત આમ જ પડી હશે નહી. પાંચ પાંડવો ની માતા કુંતી ના વાક્ય ને લીધે દ્રૌપદી નું જીવન એ એના પુત્ર અભિમન્યુ ની માફક ચક્ર વ્યૂહ માં ઘૂમ્યા કરતું હતું. ચક્ર વ્યૂહ માં ફસાયા બાદ અભિમન્યુ ને વીરતા પૂર્ણ મૃત્યુ મળ્યું હતું પણ દ્રૌપદી નું મૃત્યુ પણ ખાસ ઉતમ નહતું.

कार्येषु मन्त्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रम्भा।धर्मानुकूला क्षमया धरित्री, भार्या च षाड्गुण्यवतीह दुर्लभ

આ મંત્ર એ હિન્દુ લગ્નવિધિ માં અગ્નિ સમક્ષ ફેરા ફરતી વખતે વર કન્યા ના સુખી દાંપત્ય જીવન માટે બોલાતું હોય છે. સ્વયંવર માં અર્જુન એ માછલી ની આંખ વીંધતા ચારે બાજુ એથી શરણાઈ સાથે ઢોલ નગારા વાગતા જ દ્રૌપદી એ અર્જુન ના ગળા માં વરમાળા પહેરાવી દીધી. અતિ સુંદર પ્રભાવશાળી અર્જુન ની સુંદરતા અને બહાદુરી ની ચર્ચા બધેય થતી હતી ને દ્રૌપદી ખુદ પોતે પણ અર્જુન ના દેખાવ થી પ્રભાવિત હતી. દ્રૌપદી એ અર્જુન ને વરમાળા પહેરાવી ત્યારે એ ભવિષ્ય થી અજાણ તનમન અને દિલ થી અર્જુન ની પત્ની બનવાનું વચન લેતા મનોમન એ ઉપર વાળો મંત્ર બોલી હતી. દ્રૌપદી જાણતા હતા કે અર્જુન પાસે મહેલ કે નોકર ચાકર નથી એ જંગલ માં નાનકડી કુટિયા માં એના ચાર ભાઈઓ અને માતા સાથે ભિક્ષા માંગી ને જીવન નિર્વાહ કરે છે છતાંય પિતા નું પ્રણ સિદ્ધ થતા મહેલ માં રહેનારી દ્રુપદ રાજા ની સૌંદર્યવતી લાડલી દ્રૌપદી એ પિતૃગૃહ છોડી ને પગપાળા અર્જુન ના પગલે પગલે ચાલી હતી. શાસ્ત્ર કહે છે કે જે ક્ષણે પિતાના રાજ મહેલ ના સર્વ સુખ છોડી ને અર્જુન પગલે સાસરે જવા નીકળી એ જ ક્ષણે એ અનાથ બની ગઈ હતી. બહાદુર અને બાણ વીર અર્જુન જેવા સુંદર પતિ પ્રાપ્ત કરી ને એ ખુદ ને ખૂબ ભાગ્યશાળી સમજતી હતી પણ જુગાર ના દાવ માં યુધિષ્ઠિર બધું હારી ગયા બાદ સર્વસ્વ પાછું મેળવવા અંતિમ દાવ માં દ્રૌપદી મૂકી ત્યારે અન્ય ચાર ભાઈઓ સાથે અર્જુન એ પણ મૂક સહમતિ આપી. યુધિષ્ઠિર સહિત અન્ય ત્રણ ભાઈઓ સાથે એ પોતાની મરજી થી પત્ની નહતી બની. સ્વયંવર બાદ અર્જુન સાથે દ્રૌપદીના વિધિવત વિવાહ થયા હતા એટલે એને અર્જુન પર વધારે વિશ્વાસ અને પ્રેમ હતો.જ્યારે જીવન ભગવાન ભરોસે લાગવા લાગ્યું ત્યારે 'હે કૃષ્ણ' બોલી ને ખુદ ને બચાવવા આજીજી પૂર્વક ની વિનંતી ભરી પ્રાર્થના કરી હતી.

ઘણી વખત આપણા ને વિચાર આવે કે માતા કુંતી એ કેમ અધર્મ નો માર્ગ અપનાવ્યો હશે? ધર્મ પ્રમાણે સ્ત્રી ને એક જ પતિ હોય એ ખબર હોવા છતાંય અર્જુન એ કુટિયા બહાર થી કહ્યું કે માતા,બહાર નીકળી ને જુવો શું લાવ્યો છું? ત્યારે કુટિયા ની બહાર નીકળ્યા વગર અંદર થી જ બોલ્યા હતા 'સરખે ભાગે વહેંચી નાખો'. માતા ના વચનો નું અક્ષરશઃ પાલન કરતા પાંડવો એ દ્રૌપદી નિર્જીવ રમકડું સમજી ને એની સહમતિ પૂછ્યા વગર એની સાથે રાતે રહેવાના દિવસો નક્કી કરી નાખ્યા હતા. વિચારો એક સ્ત્રી માટે કેટલું નિર્લજ્જ અને અતિ ક્રૂર સાબિત થયું હશે. દ્રૌપદી ના જીવન ના રંગો વિશે વિચારીએ ને તો એનું જીવન રંગીન કરતા બે રંગ વધારે દેખાય છે. પાંચ પતિઓના લીધે ઘરની અંદર અને બહાર એનું માનસન્માન ખાસ થતું નહતું. ગુપ્તવાસ દરમિયાન કૌરવો એ દ્રૌપદી ના ચરિત્ર ને દોષ લગાડવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ ભગવાન શ્રી કૃષ્ણ એ કૌરવો ની સાજીશ માંથી દ્રૌપદી ને બચાવ્યા હતા.

'સમા યુક્તા ભુંજધ્વમ્' અથવા સમાર્ ભુંજતામ્' ' બોલવા પાછળ માતા કુંતી નું છુપું દર્દ કે ચિંતા હતી.ધર્મ ના માર્ગે ચાલનારા એના પાંચેય પુત્રો ખૂબ સંતોષી હતા એટલે કૌરવો ના પાંડવો ને મારવા ના લાખ વ્યર્થ પ્રયત્નો માં પણ એને દોષ દેખાતો નહતો. પાંચ પાંડવો છળ કપટ ને જાણતા નહતા એટલે જ એમને કૌરવો તરફ થી મળતા તિરસ્કાર અપમાન સ્પર્શતા નહતા.રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારી એ પાંડુરાજા ના મૃત્યુ બાદ એનો શયન ખંડ પણ મારા બાળકો પાસેથી છીનવી લીધો એ યુદ્ધ વગર મારા દીકરાઓ ના અધિકાર માં આવતું હસ્તિનાપુર આપશે નહી. રાજા પાંડુ ની રાજરાણી કુંતી ને મહેલ ની પાછળ અંધારી કોટડી આપીને રસોડા નો કારભાર સોંપી દીધો એ રાજા ધૃતરાષ્ટ્ર અને ગાંધારી પાસે શું અપેક્ષા રાખીશ? કૌરવ ની ઉધારની છતના આધારે પાંડવો જીવન પૂરી કરી નાખશે તો.. તો..વાસ્તવિકતા એ છે કે હસ્તિનાપુર ની રાજગાદી પર પાંડુ રાજા ના પુત્ર યુધિષ્ઠિર નો સંપૂર્ણ અધિકાર છે.પાંડુ રાજા ના મૃત્યુ બાદ રાજા ધૃતરાષ્ટ્ર ને યુધિષ્ઠિર જ્યાં સુધી બાર વર્ષ ના ન થાય ત્યાં સુધી જ સિંહાસન પર બેસવાનો અધિકાર નક્કી થયો હોવા છતાંય ક્યારેય હસ્તિનાપુર ની ગાદી પરથી એના પિતામહ ને ઊતરી ને યુધિષ્ઠિર ગાદી પર બેસ સે નહી. માતા કુંતી જાણતા હતા કે અગ્નિ પુત્રી દ્રૌપદી માંજ જ પાંચ પાંડવો ના અંતર આત્મા ને સળગાવવાની તાકાત છે.

પાંચ પાંડવો એની માતા ના આશીર્વાદ લીધા વગર ક્યાંય જતા નહતા એટલે દ્રૌપદી ના સ્વયંવર માં જતી વખતે પાંચેય પાંડવો એ વિજયી બનવાના આશીર્વાદ પણ લીધા હતા.માતા કુંતા ને ખબર હતી કે ભીમ,જેના વિશે બોલી રહ્યો છે એ ખાવાની ચીજ વસ્તુ કે મીઠાઈઓ નથી એ દ્રોપદી વિશે જ બોલી રહીયો છે.જો પાંચેય પાંડવો ના લગ્ન દ્રોપદી સાથે થશે તો એ એના મોહ માં બંધાઈ ને રહશે તો એના માં હસ્તિનાપુરની ગાદી મેળવવાની મહેચ્છા જાગશે.કૌરવો દ્વારા સતત થતા પત્નીના અપમાન એનાથી સહન થશે નહી. યુદ્ધથી કે યુદ્ધ વગર પાંડવો એનો હસ્તિનાપુર ની ગાદી સ્થાપિત કરશે.



# 'ગોવિંદા કોમલ સાથે બીજા લગ્ન કરવાનો હતો'

## છૂટાછેડાનો કેસ પાછો ખેંચવા પર સુનીતાનો ખુલાસો; રાખી સાવંતે કહ્યું- '200 કરોડ પર ધ્યાન આપો, બીજી લઈ જશે'

(એજન્સી) મુંબઈ | તા 21

ગોવિંદા સાથેના ઝઘડા વચ્ચે પત્ની સુનીતાએ 19 ઓગસ્ટ 2026ના રોજ બાંદ્રા ફેમિલી કોર્ટ પહોંચીને છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે. હવે સુનીતાના કહેવા મુજબ, ગોવિંદા ગર્લફ્રેન્ડ કોમલ સાથે બીજા લગ્ન કરવાનું પ્લાન કરી રહ્યો હતો, આ જ કારણ છે કે સુનીતાએ વિરોધ કરતા છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે.

ખરેખરમાં, તાજેતરમાં રાખી સાવંતને મુંબઈમાં સ્પોટ કરવામાં આવી હતી. ફોટોગ્રાફર્સ સાથે વાતચીત દરમિયાન રાખી સાવંતે ગોવિંદાની પત્નીને ફોન કર્યો અને સ્પીકર ઓન કરીને વાત કરી. આ દરમિયાન સુનીતાને એમ કહેતા સાંભળવામાં આવી, "ગોવિંદા અને કોમલ લગ્ન કરવાના હતા."

આના પર સુનીતાએ કહ્યું- 'તે (ગોવિંદા) તેને એરપોર્ટ લઈ ગયો છે. તેને મારી જગ્યા આપી રહ્યો છે. લોકોના મને કોલ આવી રહ્યા છે. કહો, પત્ની હોવા છતાં મને કેવું લાગશે.'

આ સાંભળીને રાખી બોલી- 'તમે આ બધું છોડો, 200 કરોડ પર ધ્યાન આપો. બીજી, ત્રીજી કોઈ આવી જશે, તો આ 200 કરોડ લઈ જશે. પહેલા તમારા નામે કરી લો બધું, પછી આ બધું કરજો.' આગળ સુનીતાએ કહ્યું- 'મેં ગઈકાલે આ કેસ પાછો ખેંચી લીધો, કારણ કે આ બંને લગ્ન કરવાના પ્લાનમાં હતા.'

### 2024માં છૂટાછેડાનો કેસ કર્યો હતો

સુનીતા આહુજા 19 ઓગસ્ટે મુંબઈના બાંદ્રા ફેમિલી કોર્ટ પહોંચી. દીકરો યશવર્ધન પણ તેની સાથે હતો. કોર્ટ પહોંચતા જ છૂટાછેડાની અટકળો તેજ બની ગઈ હતી. જોકે, બાદમાં ગોવિંદાના મેનેજર શશિ રંજને દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં પુષ્ટિ કરી કે સુનીતાએ છૂટાછેડાનો કેસ પાછો ખેંચી લીધો છે, જે તેણે ડિસેમ્બર 2024માં દાખલ કર્યો હતો. બીજી તરફ ગોવિંદાના મેનેજરે સુનીતાના આ વલણ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, તે પરિવારનો તમાશો બનાવી રહી છે. એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં મેનેજર શશિ સિંહાએ કહ્યું, 'અદાલત જવાની કોઈ જરૂર નહોતી. ઘરની વાતો ઘરમાં રહીને, બેસીને, વાત કરીને ઉકેલી શકાય છે. જ્યારે આજે અરજી પાછી જ ખેંચવાની હતી, તો પછી કેસ કર્યો જ શા માટે હતો? મને આ વાતનું ખૂબ દુઃખ છે કે વગર કારણે આપણે બધા તમાશો બની ગયા.'

'બે વર્ષથી મીડિયામાં છબી ખરાબ થઈ' મેનેજરે કહ્યું કે, 'બંને વચ્ચેનો વિવાદ છેલ્લા લગભગ દોઢ-બે વર્ષથી મીડિયામાં ચાલી રહ્યો હતો. આનાથી ગોવિંદા અને તેમના પરિવારની શાખને ઘણું નુકસાન થયું છે.'

તેણે કહ્યું કે, 'દરેક પરિણીત જીવનમાં પતિ-પત્ની વચ્ચે મતભેદ હોય છે, આ સામાન્ય બાબત છે. પરંતુ જ્યારે મામલો કોર્ટ અને મીડિયા સુધી પહોંચી જાય છે, ત્યારે વાત સાર્વજનિક થઈ જાય છે. આ સમગ્ર મામલામાં તમાશો બનવાથી સરળતાથી બચી શકાયું હોત.'

નોંધનીય છે કે, સુનીતા આહુજાએ ડિસેમ્બર 2024માં ગોવિંદા વિરુદ્ધ બાંદ્રા ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી દાખલ કરી હતી. જ્યારે, આ સમાચાર ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સામે આવ્યા હતા, જ્યારે હોટરફ્લાઈએ તેના રિપોર્ટમાં કહ્યું હતું કે, સુનીતાએ હિંદુ મેરેજ એક્ટ 1955ની કલમ 13 (1) (i), (ia), (ib) હેઠળ છૂટાછેડા માટે અરજી કરી છે. અરજીમાં તેણે ગોવિંદા પર ક્રૂરતા, બેવફાઈ અને ત્યાગ જેવા ગંભીર આરોપો લગાવ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી સુનીતા પતિ પર બેવફાઈ અને લગ્નેત્તર સંબંધના આરોપ લગાવી રહી હતી. સુનીતાએ ગોવિંદાને 'શુગર ડેડી' કહેતા ગોવિંદા ભડકી ગયો હતો. આ નિવેદનો પર ગોવિંદાએ ચેતવણી આપીને કહ્યું હતું કે, તેને હદમાં રહેવું જોઈએ. આ સાથે એક્ટરે કો-સ્ટારનો બચાવ પણ કર્યો અને કહ્યું કે, 'સુનીતા તેને બદનામ કરવામાં કોઈ કસર છોડી રહી નથી.'



- નાનપણથી હીરોઈન બનવાનો શોખ હતો, સંતાઈને ટીવી જોતી.
- રેખા, શ્રીદેવી અને માધુરી દીક્ષિતને જોઈને બોલિવૂડમાં આવવાનું સપનું સેવ્યું.
- ભણવામાં હોંશિયાર હોવાથી ઓફિસર બને તેવી પરિવારની ઈચ્છા હતી.
- શાળાના તમામ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ 'બેસ્ટ પરફોર્મર' બનતી.

# ભાઈ સની દેઓલ માટે ઈશાએ ખરીદી અઢી કિલોની રાખડી: રક્ષાબંધનના એડમાં 'દામિની' ફિલ્મનો ડાયલોગ રીક્રિએટ કર્યો

(એજન્સી) મુંબઈ | તા 21

એક્ટ્રેસ ઈશા દેઓલ રક્ષાબંધનના અવસરે એક ડિલિવરી એપની જાહેરાતમાં જોવા મળી છે. જેમાં તેણે પોતાના ભાઈ અને એક્ટર સની દેઓલની ફિલ્મ 'દામિની'ના પ્રખ્યાત ડાયલોગ 'ઢાઈ કિલો કા હાથ'ને રિક્રિએટ કર્યો છે. વીડિયોમાં ઈશા આ ડાયલોગમાં રક્ષાબંધનનો ટ્વિસ્ટ ઉમેરતા ભાઈ સની માટે 'ઢાઈ કિલોની રાખડી' મંગાવતી જોવા મળી રહી છે.



'દામિની' ફિલ્મના ડાયલોગને રિક્રિએટ કર્યો જાહેરાતમાં ઈશા દેઓલ કહેતી જોવા મળે છે કે 'જબ ભૈયા કા ઢાઈ કિલો કા હાથ ઉઠતા હૈ, તો સબ તાલિયા બજાતૈ હૈ'. આ પછી તે મજાકિયા અંદાજમાં પૂછે છે કે આ હાથ આટલો લેજન્ડરી કેમ છે.

વીડિયોમાં આ ડાયલોગ પર એક નાનો પ્રયોગ કરીને બતાવવામાં આવ્યો છે. ત્યારબાદ ઈશા ડિલિવરી એપ દ્વારા પોતાના ભાઈ સની દેઓલ માટે ખાસ 'અઢી કિલોની રાખડી' મંગાવે છે અને તેને ખુશીથી બતાવે છે. સોશિયલ મીડિયા પર ફેન્સે ભાઈ-બહેન વચ્ચેનાં બોન્ડના વખાણ કર્યા સોશિયલ મીડિયા પર વીડિયો જોયા પછી ફેન્સ કમેન્ટ સેક્શનમાં સતત પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. યુઝર્સે તેને ભાઈ-બહેન વચ્ચેનો ખૂબ જ સુંદર સંબંધ ગણાવ્યો છે. કેટલાક ફેન્સે તેને 'તારા સિંહ'ના પાત્ર સાથે જોડ્યો, તો એક યુઝરે લખ્યું કે સની પાજીનો અઢી કિલોનો હાથ અને ઈશાની અઢી કિલોની રાખડી જ અસલી વારસો છે.

સની દેઓલની ફિલ્મોને હંમેશા સપોર્ટ કરે છે ઈશા ઈશા દેઓલ સાવકી બહેન હોવા છતાં તેના ભાઈઓ સની અને બોબી દેઓલની ખૂબ નજીક છે અને તેમને હંમેશા સપોર્ટ કરે છે. તેઓ અવારનવાર તેમની ફિલ્મોના પ્રમોશન અને સ્ક્રીનિંગમાં હાજરી આપે છે. તાજેતરમાં તેમણે સનીની ફિલ્મ 'બંટવારા 1947'ના વખાણ કરતા લોકોને તે જોવાની અપીલ કરી હતી. આ ઉપરાંત તેઓ ફિલ્મ 'બોર્ડર 2'ના સ્પેશિયલ સ્ક્રીનિંગમાં પણ જોવા મળ્યા હતા.

બાળપણથી બાંધતી આવી છે રાખડી, પરિવારના સંબંધોમાં આવ્યો સુધારો ઈશાએ ઘણી વાર જણાવ્યું છે કે તે બાળપણથી જ સની અને બોબીને રાખડી બાંધતી આવી છે. લોકો તેમના સંબંધો વિશે જાણવા માગે છે, પરંતુ તે તેને જાહેર કરવું જરૂરી માનતી નથી.

ધર્મેન્દ્રએ પહેલી પત્ની પ્રકાશ કૌર સાથે લગ્ન કર્યા પછી હેમા માલિની સાથે બીજા લગ્ન કર્યા હતા. પ્રકાશ કૌરથી તેમને સની, બોબી નામના પુત્રો અને અજીતા તથા વિજેતા નામની પુત્રીઓ છે. જ્યારે હેમા માલિનીથી ઈશા અને આહના નામની બે પુત્રીઓ છે. શરૂઆતમાં પરિવાર વચ્ચે અંતરની ખબરો આવી હતી, પરંતુ હવે બધા વચ્ચે સંબંધો ઘણા સારા છે.



# 'કાલા હિરણ' વિવાદમાં નવો વળાંક ટીઝર હટાવવાના હાઈકોર્ટના નિર્ણયને મેકર્સે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

(એજન્સી) મુંબઈ | તા 21

ફિલ્મ નિર્માતા અમિત જાનીએ તેની ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી'નું ટીઝર હટાવવાના દિલ્હી હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. હાઈકોર્ટે સલમાન ખાનની અરજી પર સુનાવણી કરતા ટીઝર અને તેની સાથે સંબંધિત પ્રચાર સામગ્રી હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

આ ફિલ્મ બોલિવૂડ એક્ટર સલમાન ખાન સાથે સંકળાયેલા 1998ના ચર્ચિત કાળા હરણના શિકાર કેસથી પ્રેરિત હોવાનું કહેવાય છે. સલમાનની ફરિયાદ બાદ હાઈકોર્ટે તેના વ્યક્તિત્વ અધિકારોના કથિત ઉલ્લંઘનનો હવાલો આપતા પ્રચાર સામગ્રી હટાવવાનો આદેશ આપ્યો હતો.

જાનીએ તેની અપીલમાં કહ્યું છે કે, 'આ આદેશ અયોગ્ય સેન્સરશીપ છે અને મારી અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને મર્યાદિત કરે છે.' તેનું કહેવું છે કે, 'સાર્વજનિક રેકોર્ડ અને ઐતિહાસિક કાનૂની મામલાઓ પર કોઈનો એકાધિકાર હોઈ શકે નહીં.'

કાનૂની વિવાદ વચ્ચે ફિલ્મ નિર્માતાની સુરક્ષાને લઈને પણ ચિંતા સામે આવી છે. જાનીનો દાવો છે કે, સંગઠિત ગુનાહિત જૂથોએ તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી છે. આ જૂથોએ તેની પાસેથી ફિલ્મ પ્રોજેક્ટ છોડી દેવાની માંગ કરી છે. જાનીએ અપીલમાં જણાવ્યું કે, હાઈકોર્ટે તેની કાનૂની ટીમને પોતાનો પક્ષ રજૂ કરવાની યોગ્ય તક આપ્યા વિના જ રોક લગાવવાનો આદેશ જારી કરી દીધો.

આ ઘટનાક્રમ તે આદેશ પછી સામે આવ્યો છે, જે હાઈકોર્ટે સલમાન ખાનના વ્યક્તિત્વ અધિકારોની સુરક્ષાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન આપ્યો હતો. 27 જુલાઈએ દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ 'કાલા હિરણ: ધ બેટલ ફોર લેગસી'ના ટીઝરને સોશિયલ મીડિયા પરથી હટાવવાના નિર્દેશ આપ્યા છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે, જો પ્રોડ્યુસર 24 કલાકની અંદર ટીઝરની લિંક નહીં હટાવે, તો એક્સ (અગાઉ ટ્વિટર) અને યુટ્યુબ જેવી ઈન્ટરનેટ કંપનીઓને તેને હટાવવાના આદેશ આપવામાં આવશે.

કે સ ની સુનાવણી દરમિયાન જસ્ટિસ જ્યોતિ સિંહે ફિલ્મના પ્રોડ્યુસર અમિત જાનીના વલણ પર સખત નારાજગી વ્યક્ત કરી. અદાલતે કહ્યું કે, 'આરોપી દરરોજ પોતાની મર્યાદાઓ ઓળંગી રહ્યો છે અને પોતાને કાયદાથી ઉપર સમજી રહ્યો છે.' જજે ટિપ્પણી કરી કે, 'કોઈ સામાન્ય નાગરિક સાથે પણ આવો વ્યવહાર કરી શકાય નહીં. શાખ બનાવવામાં ઘણી મહેનત લાગે છે અને એકવાર છબી ખરાબ થયા પછી તેને પાછી મેળવવી સરળ હોતી નથી.'

અદાલતે ફિલ્મ નિર્માતા અમિત જાની દ્વારા આપવામાં આવેલા ઈન્ટરવ્યુ પણ હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

## 16 કરોડની લોન ન ચૂકવી શકતા ઘરની હરાજી થશે, એક્ટરે કહ્યું- 'જેના પૈસા બાકી છે, તેને ઘરે પહોંચાડી દઈશ'

# રાજપાલ યાદવને 13 વર્ષમાં 250 કરોડનું નુકસાન થયું...

(એજન્સી) મુંબઈ | તા 21

બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવે ચેક બાઉન્સ અને લોન વિવાદ વચ્ચે દાવો કર્યો છે કે, છેલ્લા 13 વર્ષમાં તેને 200થી 250 કરોડ રૂપિયાનું અંગત નુકસાન થયું છે. ન્યૂઝ એજન્સી ANI સાથે વાતચીતમાં 55 વર્ષીય એક્ટરે કહ્યું કે, તે એક જવાબદાર વ્યક્તિ છે અને જે લોકોના પૈસા બાકી છે, તે તેને ચૂકવી દેશે અથવા તેમના ઘરે પહોંચાડી દેશે.

આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ 16 કરોડ રૂપિયાની લોન ન ચૂકવવા બદલ તેના પૈતૃક ઘરની હરાજીની નોટિસ જારી કરી છે.


ઓછી ફી મળી, 50 થી વધુ વિદેશી પ્રવાસો છૂટી ગયા રાજપાલ યાદવે જણાવ્યું કે, 2013 થી 2016 ની વચ્ચે તેને સૌથી વધુ આર્થિક નુકસાન થયું. તેણે કહ્યું કે, આ સમયગાળા દરમિયાન વિદેશમાં તેના ઓ છ ા મ ાં ઓછા 50 પ્રવાસો છૂટી ગયા અને મળતી ફી પણ ઘણી ઓછી થઈ ગઈ.

ઉદાહરણ આપતા તેણે જણાવ્યું કે, જ્યાં તેને 100 રૂપિયા મળવા જોઈતા હતા, ત્યાં માત્ર 10 રૂપિયા મળ્યા. જોકે, રાજપાલે કહ્યું કે, તે આર્ટનો વિદ્યાર્થી છે અને તે પૈસા કરતાં પોતાની કળામાં પરફેક્શનને વધુ મહત્વ આપે છે.

'જેમના પૈસા બાકી છે, તેમને ઘરે પહોંચાડી દઈશ' પોતાની આર્થિક સ્થિતિ અને દેવા વિશે વાત કરતા રાજપાલ યાદવે કહ્યું કે, તેણે જેમની પાસેથી પણ પૈસા ઉધાર લીધા હતા, તે ચૂકવી દીધા છે અથવા જલ્દી ચૂકવી દેશે. તેણે કહ્યું કે, જો તેણે 200 લોકો પાસેથી પણ ઉધાર લીધું હોય, તો તે પૈસા પાછા આપશે.

રાજપાલે કહ્યું કે, કોઈ તેને 5 કરોડ કે 250 કરોડ રૂપિયામાં ખરીદી શકતું નથી. તેણે એમ પણ કહ્યું કે, તેની આર્થિક મુશ્કેલીઓ તેની આખી કારકિર્દી નક્કી કરતી નથી અને આજે પણ એરપોર્ટ પર 500 લોકો તેની સાથે સેલ્ફી લે છે.

બેંક 3.10 કરોડની પ્રોપર્ટીની હરાજી કરી રહી છે રાજપાલ યાદવ પર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની લોન ન ચૂકવવા બદલ કાર્યવાહી ચાલી રહી છે. રાજપાલ યાદવે સેન્ટ્રલ બેંકની મુંબઈ શાખામાંથી પત્ની રાધા યાદવ અને માતા ગોદાવરીના નામે 16.61 કરોડ રૂપિયાની લોન લીધી હતી. શાહજહાંપુરમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાએ તેના પૈતૃક ઘર પર 16.61 કરોડ રૂપિયાની બાકી લોનને લઈને જપ્તીની નોટિસ ચોંટાડી છે.





# શ્વેતા તિવારીને મરાઠી યુઝર્સે ગાળો આપી

## એક્ટ્રેસે ટ્રોલ્સના પરિવારના ફોટો શેર કરી રાજ ઠાકરેને પૂછ્યું- 'શું તમારા સમર્થકો આવા છે?'

(એજન્સી) મુંબઈ | તા 21

ટીવીની પ્રખ્યાત એક્ટ્રેસ શ્વેતા તિવારી સોશિયલ મીડિયા પર મળી રહેલી અપમાનજનક કોમેન્ટ અને ગાળોથી ભડકી ગઈ છે. તેણે ગાળો આપનારા યુઝર્સની પ્રોફાઈલ અને તેમના પરિવારની તસવીરો શેર કરી છે. સાથે જ એક્ટ્રેસે રાજ ઠાકરેને પૂછ્યું છે કે, 'શું તમારા સમર્થકો એવા છે, જે પોતાને મરાઠી કહે છે અને મહિલાઓને ગાળો આપે છે.'

શ્વેતા તિવારીએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પરથી કેટલીક એવી પ્રોફાઈલ પણ શેર કરી, જેમાં ટ્રોલર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ચીફ રાજ ઠાકરેની પાર્ટી સાથે જોડાયેલો જોવા મળી રહ્યો છે.

શ્વેતાએ આ સાથે લખ્યું, 'આજે હું એવી એક વાત કરવા માંગુ છું જે ખૂબ જ ગંભીર ચિંતાનો વિષય છે અને કમનસીબે સોશિયલ મીડિયા પર ખૂબ સામાન્ય બની ગઈ છે,

કોઈપણ મહિલાને ગંદી ગાળો આપવી. કોઈપણ મહિલાને. કોઈપણ ઉંમરની. કોઈપણ વ્યવસાય સાથે જોડાયેલી. કોઈપણ પુરુષ, કોઈપણ બેકગ્રાઉન્ડમાંથી, ઓનલાઈન આવીને કોઈપણ મહિલાને અપમાનજનક શબ્દો કહી શકે છે.'

શ્વેતાએ આગળ લખ્યું, 'અને જે વાત મને સૌથી વધુ હચમચાવી દે છે, તે એ છે કે આ પુરુષો જરૂરી નથી કે અભણ હોય કે કોઈ ખરાબ વાતાવરણમાંથી આવતા હોય. તેમાંથી ઘણા લોકો ભણેલા-ગણેલા છે, દેખાવમાં સન્માનિત પરિવારોમાંથી આવે છે, તેમની પત્નીઓ છે, દીકરીઓ છે, માતા છે અને બહેનો છે અને તેમ છતાં તેઓ કોઈ બીજી મહિલા માટે સૌથી અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં બિલકુલ સહજતા અનુભવે છે.'

શ્વેતાએ એક એવી પ્રોફાઈલ બતાવી, જેના પર રાજ ઠાકરેના સમર્થન સાથે જોડાયેલી વસ્તુઓ પોસ્ટ કરવામાં આવી હતી. તેણે પોસ્ટમાં લખ્યું, 'એક વ્યક્તિ રાજ ઠાકરે અને તેમની પાર્ટીનો સપોર્ટર છે. આ વાત મારા માટે થોડી પર્સનલ થઈ ગઈ, કારણ કે હું મારી આખી જિંદગી મહારાષ્ટ્રમાં રહી છું.'

તેણે આગળ લખ્યું, 'મારા પિતા મુંબઈમાં ઉછર્યા. મારો પણ અહીં જ જન્મ થયો અને આ જ શહેરમાં હું મોટી થઈ. આખી જિંદગી મેં મરાઠી માણસ સાથે જોડાયેલા ગર્વ અને સન્માનને અનુભવ્યું છે. મેં મરાઠી મહિલાઓને ગર્વથી કહેતા સાંભળ્યા છે કે, તેઓ મરાઠી મુલગી છે.'

શ્વેતાએ કહ્યું, 'મને લાગે છે કે મરાઠી સંસ્કૃતિ મહિલાઓના સન્માન, તેમની તાકાત અને ગરિમાનું ધ્યાન રાખે છે. પરંતુ જ્યારે કોઈ મરાઠી માણસ કોઈ મહિલાને પર્સનલ મેસેજ કરીને ગાળો આપે છે, ત્યારે મને આશ્ચર્ય થાય છે.'

તેણે પૂછ્યું, 'શું મરાઠી માણસનો આ જ અર્થ થાય છે? રાજ ઠાકરે, હું જાણવા માંગુ છું કે જો આવા લોકો તમારા સમર્થક છે, તો શું તમે માનો છો કે આવું વર્તન યોગ્ય છે?' એક્ટ્રેસે લખ્યું, 'પોતાને મરાઠી માણસ કહેવું જ પૂરતું નથી. મહિલાઓનું સન્માન કરવું પણ મરાઠી માણસની ઓળખ હોય છે.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# કલિંગા સ્ટેડિયમમાં જ્યોતિ યારાજી અને શ્રીશંકર મેદાને

● સ્ટાર ખેલાડીઓની જોરદાર ટક્કર, એશિયન ગેમ્સની તૈયારી માટે વિશેષ સ્પર્ધા



(એજન્સી) ભુવનેશ્વર I તા. 21

ભારતીય એથ્લેટિક્સ જગતમાં આગામી એશિયન ગેમ્સને ધ્યાનમાં રાખીને ઉત્તેજના પરાકાષ્ઠાએ પહોંચી છે, ત્યારે ઓડિશાના પાટનગર ભુવનેશ્વર સ્થિત પ્રખ્યાત કલિંગા સ્ટેડિયમ ખાતે ભારતની પ્રથમ વર્લ્ડ એથ્લેટિક્સ કોન્ટિનેન્ટલ ટૂર સિલ્વર મીટિંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશના દિગ્ગજ એથ્લીટ્સ જ્યોતિ યારાજી અને મુરલી શ્રીશંકર સહિતના ખેલાડીઓ પોતાના હોમ ગ્રાઉન્ડ પર ઉત્તમ પ્રદર્શન કરીને આગામી મહાસમરાં તૈયારીઓ ચકાસવા માટે મેદાનમાં ઉતરી રહ્યા છે, જે રમતપ્રેમીઓ માટે ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

સ્પર્ધાના મહત્વ વિશે વાત કરતા રિલાયન્સ ફાઉન્ડેશનના એથ્લેટિક્સ ડિરેક્ટર જેમ્સ હિલિયરે જણાવ્યું હતું કે જ્યોતિ યારાજી માટે આ મુકાબલો સરળ વિજય મેળવવાનો નથી, પરંતુ એક કઠિન સ્પર્ધામાંથી પસાર થવાનો છે કારણ કે અગાઉ એસીએલ સર્જરી બાદ પરત ફરેલી આ સ્ટાર હર્ડલર માટે આકરી સ્પર્ધા જ તેની વાસ્તવિક તૈયારીનો સાચો અંદાજ આપશે. આ સ્પર્ધામાં બ્રાઝિલની વિટોરિયા અલ્વેસ અને જાપાનની યુમી તનાકા જેવા વિદેશી ખેલાડીઓ પણ ભાગ લઈ રહ્યા છે, જેના કારણે સ્પર્ધા વધુ રોમાંચક બની છે. જ્યોતિએ તાજેતરમાં બેલ્જિયમ ખાતે શાનદાર પ્રદર્શન કરીને પોતાના ફોર્મના સંકેતો આપી દીધા છે. આ સિલ્વર-કેટેગરીની મીટિંગના કારણે હવે ભારતીય ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે વિદેશ પ્રવાસ કરવાની આવશ્યકતા રહેતી નથી અને તેઓ પોતાના જ દેશમાં વૈશ્વિક સ્તરના સ્પર્ધકો સામે ટક્કર લઈ શકે છે. પુરુષોની લોંગ જમ્પ સ્પર્ધામાં મુરલી શ્રીશંકર પુનરાગમન કરી રહ્યા છે, જેમણે અગાઉ આ જ મેદાન પર શાનદાર રેકોર્ડ બનાવ્યા હતા. આ ઉપરાંત, મહિલાઓની લાંબી કૂદમાં એન્સી સોજાજ અને શૈલી સિંહ પણ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનને પુનરાવર્તિત કરવા માટે સજ્જ છે. શોટ પુટમાં તાજિન્દરપાલ સિંહ તૂર અને જેવલિન થ્રોમાં કિશોર જેના તથા અનંત સિંહ પણ પોતાની પ્રતિભા દેખાડશે.

# શું હરમનપ્રીત કૌરની ટીમ નકવી પાસેથી ટ્રોફી સ્વીકારશે?



(એજન્સી) નવી દિલ્હી I તા. 21

વિમેન્સ એશિયા કપ ૨૦૨૬ ની શરૂઆત થાય તે પહેલાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટના મેદાન બહાર એક નવો વિવાદ ભારે ચર્ચામાં આવ્યો છે. આ મામલો મેદાન પરની રમત કે પ્રદર્શનનો નથી, પરંતુ મેચ પછીના ટ્રોફી પ્રેઝન્ટેશન અને શિષ્ટાચારનો છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના વડા મોહસિન નકવી આ આગામી ટુર્નામેન્ટમાં હાજર રહેવાની પૂરી સંભાવના છે. હવે સૌથી મોટો અને ગંભીર સવાલ એ ઊભો થયો છે કે જો હરમનપ્રીત કૌરની કપ્તાની હેઠળની ભારતીય મહિલા ટીમ શાનદાર વિજય મેળવીને ખિતાબ જીતે છે, તો શું તે પાકિસ્તાનના ગૃહમંત્રી અને એસીસી પ્રમુખ મોહસિન નકવીના હાથે ટ્રોફી સ્વીકારશે કે કેમ. આ વર્તમાન વિવાદ પાછળનું મુખ્ય કારણ આજથી લગભગ એક વર્ષ પહેલાં ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રમાયેલા પુરુષ એશિયા કપની ફાઇનલ મેચનો કિસ્સો છે. દુબઈમાં યોજાયેલી તે રોમાંચક મેચમાં ભારતીય પુરૂષ ટીમે શાનદાર વિજય મેળવ્યો હતો. પરંતુ, આતંકી હુમલા અને બંને દેશો વચ્ચે સર્જાયેલા ભારે રાજકીય તણાવના કારણે સૂર્યકુમાર યાદવની વિજેતા ટીમે મોહસિન નકવી પાસેથી સત્તાવાર ટ્રોફી સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. ભારતીય ટીમ દ્વારા સ્પષ્ટ ના પાડવામાં આવ્યા બાદ મોહસિન નકવી વિવાદાસ્પદ રીતે ટ્રોફી લઈને ત્યાંથી ચાલ્યા ગયા હતા, અને તે ટ્રોફી આજદિન સુધી વિજેતા ભારતીય ટીમને સોંપવામાં આવી નથી.

# માનવ સુથારની ઘાતક બોલિંગથી ચમક્યો ભારત બેટર્સને મૂંઝવવામાં સફળ રહ્યો



(એજન્સી)ગાલે I તા. 21

ભારતીય ક્રિકેટ જગતમાં પોતાની કાબેલિયતના જોરે ચર્ચાનું કેન્દ્ર બનેલા ચોવીસ વર્ષીય યુવા લેફ્ટ-આર્મ સ્પિનર માનવ સુથારે શ્રીલંકા સામેની ગાલે ટેસ્ટ મેચમાં અદ્ભુત પ્રદર્શન કરીને સૌનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યું છે. મેદાન પર પોતાની ચતુર રમત અને દિમાગી જાળથી બેટર્સને હંફાવનાર માનવે આ મેચમાં કુલ દસ વિકેટ ઝડપીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. શરૂઆતમાં બેટર બનવાનું સ્વપ્ન સેવનાર આ યુવા ખેલાડી કોચની યોગ્ય માર્ગદર્શન અને પોતાના મજબૂત કાંડાના કૌશલ્યના બળે આજે દેશનો સૌથી ખતરનાક સ્પિન બોલર બની ગયો છે, જેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે.

### અત્યાર સુધીની પરિસ્થિતિ અને બોલિંગની વિવિધતા

સામાન્ય રીતે ડાબોડી સ્પિનરો એક જ જગ્યાએ બોલ નાખીને બેટરની ભૂલની રાહ જોતા હોય છે, પરંતુ માનવ સુથારની શૈલી તદ્દન અલગ અને આશ્ચર્યજનક છે. તેની સૌથી મોટી તાકાત તેની સૂક્ષ્મ ભિન્નતા છે, જેના દ્વારા તે પોતાની બોલિંગ એક્શન બદલ્યા વિના બોલની ગતિ, લંબાઈ અને ડ્રિફ્ટમાં કુશળતાપૂર્વક ફેરફાર કરે છે. ગાલે ટેસ્ટ દરમિયાન તેણે આ જ વિવિધતાનો શાનદાર નમૂનો રજૂ કર્યો હતો. સીધા બોલ ફેંકીને બેટરને એલબીડબલ્યુ આઉટ કરવાથી લઈને ફ્લાઈટ આપીને લલચાવવા અને તેઝ ગતિથી એજ મેળવવા સુધીની તેની દરેક રણનીતિ અતિ સચોટ સાબિત થઈ હતી, જેનાથી વિરોધી ટીમ પાસે કોઈ જવાબ ન હતો.

માનવ સુથારની આ સફર અત્યંત રસપ્રદ રહી છે કારણ કે તેના પિતા ઈચ્છતા હતા કે તે એક મહાન બેટર બને, પરંતુ તેના કોચ ધીરજ શર્માએ માનવનું કાંડું પારખીને તેને બોલિંગ તરફ વાળ્યો હતો. લાંબા હાથ અને મજબૂત આંગળીઓ ધરાવતા માનવે સીધા બોલ ફેંકવાની ખાસ તાલીમ લીધી, જે આ પ્રવાસમાં ખૂબ જ કામ આવી. તેની કારકિર્દીના આંકડા પણ તેની કાબેલિયતની ગવાહી આપે છે; માત્ર બે ટેસ્ટ મેચની ચાર ઈનિંગ્સમાં તેણે સત્તર વિકેટ ઝડપી લીધી છે. ગત જૂન મહિનામાં ન્યૂ ચંદીગઢ ખાતે અફઘાનિસ્તાન સામે ડેબ્યૂ કરતી વખતે જ સાત વિકેટ ઝડપીને તે 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો હતો અને હવે શ્રીલંકા સામેની સિરીઝમાં પણ તે 'પ્લેયર ઓફ ધ સિરીઝ'નો પ્રબળ દાવેદાર છે. મીડિયા અહેવાલ મુજબ, આ યુવા ખેલાડીની શિસ્તબદ્ધ મહેનત ભારતીય ટીમ માટે ભવિષ્યમાં મોટી ઉપલબ્ધિઓ લઈને આવશે.

### ભવિષ્યની રૂપરેખા અને આગામી સંભાવનાઓ

ડોમેસ્ટિક ક્રિકેટ અને ભારત એ ની શ્રેણીઓમાં સખત પરિશ્રમ કરીને તૈયાર થયેલો માનવ સુથાર હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની પકડ મજબૂત કરી રહ્યો છે. માત્ર બે ટેસ્ટ મેચોના ટૂંકા ગાળામાં તેણે પોતાની જે સાતત્યપૂર્ણ પ્રતિભા બતાવી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે તે લાંબી રેસનો ઘોડો છે. ક્રિકેટ વિશ્લેષકો હવે તેને ભવિષ્યના દિગ્ગજ મેચ-વિનર સ્પિનર તરીકે જોઈ રહ્યા છે. આગામી મેચોમાં પણ તેનું આ ફોર્મ જળવાઈ રહે તેવી ક્રિકેટ પ્રેમીઓ આશા રાખી રહ્યા છે.

# ડ્યુરેન્ડ કપ ફાઈનલમાં મોહન બાગાનની શાનદાર જીત



(એજન્સી) ચેન્નાઈ I તા. 21

ભારતીય ફૂટબોલ જગતમાં ભારે ઉત્તેજના ફેલાવતા સમાચાર શિલોંગથી મળી રહ્યા છે, જ્યાં ડ્યુરેન્ડ કપ બે હજાર છવ્વીસની બીજી સેમિફાઈનલ મેચમાં મોહન બાગાન સુપર જાયન્ટની ટીમે નોર્થ ઈસ્ટ યુનાઈટેડને પેનલ્ટી શૂટઆઉટમાં ચાર વિરુદ્ધ ત્રણથી પરાજય આપીને ભવ્ય ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે રમાયેલા આ અત્યંત રોમાંચક મુકાબલામાં નિયમિત સમય સુધી બંને ટીમો એકપણ ગોલ ન કરી શકતા સ્કોર શૂન્ય પર રહ્યો હતો, પરંતુ અંતે ટાઈબ્રેકરમાં ગોલકીપર વિશાલ કૈથના શાનદાર બચાવે મોહન બાગાનને વિજય અપાવ્યો હતો.

મેચની શરૂઆતથી જ શિલોંગના મેદાન પર વરસાદી વાતાવરણ અને ભીની પિચના કારણે બંને ટીમોના ખેલાડીઓને મિડફીલ્ડમાં બોલ પર નિયંત્રણ મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંને પક્ષોએ લાંબા પાસ દ્વારા હુમલા કરવાનો પ્રયાસ કર્યો હતો. મેચના પ્રથમાર્ધમાં લિસ્ટન કોલાકો અને કિયાન નાસિરીએ ગોલ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિરોધી ટીમની મજબૂત રક્ષણાત્મક દીવાલ અને ઉત્કૃષ્ટ ગોલકીપિંગના કારણે સફળતા મળી ન હતી. નોર્થ ઈસ્ટ યુનાઈટેડના ખેલાડીઓએ પણ કેટલાક સારા હુમલા કર્યા હતા, પરંતુ ફાઈનિન ટચના અભાવે ગોલ થઈ શક્યો ન હતો.

સમગ્ર મેચ દરમિયાન ગોલ ન નોંધાતા મામલો પેનલ્ટી શૂટઆઉટ સુધી પહોંચ્યો હતો, જ્યાં સાચા અર્થમાં ખેલાડીઓની નર્વસનેસ અને ક્ષમતાની કસોટી થઈ હતી. શૂટઆઉટના પ્રારંભિક રાઉન્ડમાં બંને ટીમોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને પ્રથમ ત્રણ કિક ગોલમાં ફેરવી હતી. જોકે, મોહન બાગાનના ગોલકીપર વિશાલ કૈથે નોર્થ ઈસ્ટના ચોથા ખેલાડી રોબિન યાદવની કિકને શાનદાર રીતે અટકાવી દીધી હતી.

### ભવિષ્યની રૂપરેખા અને કોલકાતા ડર્બી મહામુકાબલો

આ ભવ્ય જીત સાથે જ હવે આગામી રવિવારે કોલકાતાના વિવેકાનંદ યુવા ભારતી ક્રીડાંગણ ખાતે ફૂટબોલ જગતની સૌથી મોટી અને રોમાંચક કોલકાતા ડર્બી ફાઈનલ રમાશે, જેમાં મોહન બાગાનનો મુકાબલો તેના પરંપરાગત પ્રતિસ્પર્ધી ઈસ્ટ બેંગાલ એફસી સામે થશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મહામુકાબલાને નિહાળવા માટે હજારો ફૂટબોલ પ્રેમીઓ સ્ટેડિયમમાં ઉપસ્થિત રહેશે અને સુરક્ષા તેમજ વ્યવસ્થાના વ્યાપક પ્રબંધો ગોઠવવામાં આવ્યા છે. બંને દિગ્ગજ ક્લબ વચ્ચેનો આ જંગ અત્યંત રોમાંચક અને સંઘર્ષપૂર્ણ રહેવાની પૂરેપૂરી સંભાવના છે.

# ડાયમંડ લીગમાં નીરજ ચોપરાનું શાનદાર પ્રદર્શન, બે વખત જીતી ચૂક્યા છે ગોલ્ડ મેડલ

(એજન્સી) લૌસાને I તા. 21



રમતગમત જગતમાં ગર્વ અને ઉત્સાહ વધારતા સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર અને ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરા શુક્રવારે રાત્રે લૌસાને ડાયમંડ લીગમાં ભાગ લેવા માટે મેદાનમાં ઉતરી રહ્યા છે. લૌસાનેનું સ્ટેડિયમ હંમેશાથી નીરજ માટે અનુકૂળ અને સફળ રહ્યું છે, જ્યાં તેમણે અગાઉ બે વખત વર્ષ બે હજાર બાવીસમાં અને વર્ષ બે હજાર તેવીસમાં શાનદાર પ્રદર્શન કરીને ટ્રોફી પોતાના નામે કરી હતી, જ્યારે વર્ષ બે હજાર ચોવીસમાં તેઓ બીજા ક્રમે રહ્યા હતા. આ વર્ષની ડાયમંડ લીગ અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે તેઓ આ મેદાન પર ફરી એકવાર શ્રેષ્ઠ પ્રદર્શન કરવા સજ્જ છે.

નીરજ ચોપરાની ડાયમંડ લીગની સફર વર્ષ બે હજાર સત્તરથી શરૂ થઈ હતી, જેમાં તેમણે પેરિસ, મોનાકો અને જ્યુરિચ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, પરંતુ વર્ષ બે હજાર બાવીસમાં તેમને આ સર્કિટમાં મોટી સફળતા મળી હતી. વર્ષ બે હજાર પચીસમાં દોહા ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેમણે નેવું મીટરથી વધુ એટલે કે નેવું પોઈન્ટ ત્રેવીસ મીટરનો અત્યાર સુધીનો તેમનો સર્વશ્રેષ્ઠ થ્રો ફેંકીને સિલ્વર મેડલ મેળવ્યો હતો અને પેરિસમાં વિજય મેળવ્યો હતો. વર્ષ બે હજાર છવ્વીસમાં અત્યાર સુધી તેમણે દોહા ખાતે ભાગ લીધો હતો જ્યાં તેઓ ચોથા ક્રમે રહ્યા હતા, અને હવે લૌસાને ખાતે ફરીથી શિખર સર કરવા માટે તૈયાર છે.

નીરજના અત્યાર સુધીના પ્રદર્શન પર નજર કરીએ તો, વર્ષ બે હજાર અઠ્ઠાવીસ અને વર્ષ બે હજાર બાવીસ-તેવીસમાં તેમનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું છે. વર્ષ બે હજાર બાવીસમાં સ્ટાકહોમમાં એંસી પોઈન્ટ ચોણું મીટર અને લૌસાનેમાં ઓણ્યાસી પોઈન્ટ શૂન્ય આઠ મીટરના થ્રો સાથે તેમણે વિજય મેળવ્યો હતો. આ ઉપરાંત, જ્યુરિચ ખાતે યોજાયેલી ડાયમંડ લીગ ફાઈનલમાં પણ તેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ઈતિહાસ રચ્યો હતો. તાજેતરમાં જુલિયન વેબરના હટી જવાના કારણે એન્ટ્રી લિસ્ટમાં પણ બદલાવ આવ્યો છે, જેનાથી સ્પર્ધા વધુ રોમાંચક બની છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય ખેલાડીઓની આ તૈયારીઓ આગામી તમામ મોટી સ્પર્ધાઓ માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

આગામી સમયમાં નીરજ ચોપરા પોતાના ફોર્મ અને ફિટનેસને વધુ ધારદાર બનાવીને વૈશ્વિક સ્તરે દેશનું નામ રોશન કરવા માટે કટિબદ્ધ છે. પ્રશિક્ષકો અને રમતગમત વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, લૌસાનેની આ સ્પર્ધા માત્ર એક મેચ નથી, પરંતુ ખેલાડીની માનસિક મજબૂતી અને ટેકનિકલ કુશળતાની સાચી કસોટી છે.

# કુલદીપ યાદવ મેચ વિનર ખેલાડી છે કોચ બહુતુલેનું નિવેદન

## મુશ્કેલ પરિસ્થિતિમાં ભજવી અલગ ભૂમિકા

(એજન્સી) કોલંબો I તા. 21

ભારતીય ક્રિકેટ ટીમની રણનીતિ અને ખેલાડીઓના પ્રદર્શન અંગે ચર્ચા ચાલી રહી છે ત્યારે શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં સ્પિન બોલર કુલદીપ યાદવની ભૂમિકાને લઈને સ્પિન બોલિંગ કોચ સાઈરાજ બહુતુલેએ મહત્વના ખુલાસા કર્યા છે. કોલંબો ખાતે પ્રેસ સાથેની વાતચીતમાં બહુતુલેએ સ્પષ્ટ કર્યું કે ગાલેની પિચ અને મેચની પરિસ્થિતિ અનુસાર કુલદીપને એક અલગ પ્રકારની ભૂમિકા સોંપવામાં આવી હતી, છતાં તે ટીમ માટે હંમેશા એક મેચ વિનર ખેલાડી તરીકે જ જોવામાં આવે છે.

પ્રથમ ટેસ્ટ મેચ દરમિયાન કુલદીપ યાદવ બે ઈનિંગ્સમાં માત્ર એક જ વિકેટ મેળવી શક્યો હતો, જેના કારણે તેની ફિટનેસ અને ફોર્મ પર સવાલો ઉઠ્યા હતા. આ અંગે સ્પષ્ટતા કરતા કોચે જણાવ્યું કે દરેક સત્રમાં પિચની ગતિ અને ટ્રેજેક્ટરી અલગ રહેતી હતી, જેને ધ્યાનમાં રાખીને બોલર્સે પોતાની ગતિમાં બદલાવ કરવો પડતો હતો. કુલદીપે આ ભૂમિકાને નિભાવવા માટે પૂરો પ્રયાસ કર્યો હતો. વળી, બોલ જૂનો થયા બાદ કાંડાના સ્પિનર માટે મુશ્કેલીઓ વધી જતી હોય છે, છતાં તેની ક્ષમતા પર ટીમmanagementને પૂરો વિશ્વાસ છે. શ્રીલંકાની ટીમમાં ડાબા હાથના બેટ્સમેનોની ઉપસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓફ-સ્પિનર સારાંશ જૈનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાના વિકલ્પ ખુલ્લા રાખવામાં આવ્યા છે. કોચે જણાવ્યું કે મેચના આગલા દિવસે પિચની સ્થિતિ જોઈને જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ સાથે જ, યુવા સ્પિનર માનવ સુથારની પ્રશંસા કરતા કોચે કહ્યું કે તેણે ઘરેલુ ક્રિકેટમાં ઘણી મહેનત કરી છે અને તેની બોલિંગમાં અદ્ભુત સચોટતા જોવા મળે છે, જે ટીમ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહી છે. મીડિયા અહેવાલ મુજબ, ભારતીય ટીમ પ્રવાસની શરૂઆતથી જ વાતાવરણ અને પિચ અનુકૂળતા મુજબ પોતાની તૈયારીઓ કરી રહી છે.



આગામી ટેસ્ટ મેચને ધ્યાનમાં રાખીને ભારતીય પ્રશિક્ષકો ખેલાડીઓની માનસિક સ્થિતિ અને ફિટનેસ પર પૂરતું ધ્યાન આપી રહ્યા છે. સતત રમાઈ રહેલા ક્રિકેટ વચ્ચે ખેલાડીઓને ફોર્મેટ મુજબ ઢાળવા માટે અગાઉથી કરેલી ઓપન નેટ સેશનની પ્રેક્ટિસ ખૂબ જ કારગત સાબિત થઈ છે.

જીત // ત્રિશા અને ગાયત્રીનો કમાલ, ચીનને હરાવીને મેળવ્યો ઐતિહાસિક મેડલ

# બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપમાં ભારતનો ઐતિહાસિક વિજય

(એજન્સી) નવી દિલ્હી I તા. 21

ભારતીય બેડમિન્ટન જગતમાં ગૌરવવંતા અક્ષરોમાં લખાય તેવી એક અદભુત ક્ષણ સામે આવી છે, જ્યાં દેશની પ્રતિભાશાળી યુવા ખેલાડીઓ ત્રિશા જૉલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ નવી દિલ્હી ખાતે રમાઈ રહેલી બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપમાં ચીનની વિશ્વના ચોથા ક્રમાંકની દિગ્ગજ જોડીને હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે અને ભારત માટે ઓછામાં ઓછો કાંસ્ય ચંદ્રક નિશ્ચિત કરી દીધો છે. આ રોમાંચક મુકાબલામાં ભારતીય જોડીએ શરૂઆતની મુશ્કેલીઓમાંથી બહાર આવીને શાનદાર વાપસી કરી હતી અને વર્ષ બે હજાર અગિયાર પછી પ્રથમ વખત મહિલા યુગલ વર્ગમાં ભારતને વૈશ્વિક પદક અપાવવામાં સફળતા મેળવી છે.





સ્પર્ધાના ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં શરૂઆતના તબક્કામાં ચીનની ખેલાડીઓએ પકડ જમાવી હતી અને પ્રથમ ગેમ એકવીસ વિરુદ્ધ પંદરના સ્કોરથી જીતી લીધી હતી. જોકે, ત્રિશા અને ગાયત્રીએ હિંમત ન હારતા નિર્ણાયક ગેમમાં અદ્ભુત રમતનું પ્રદર્શન કર્યું હતું. બંને ખેલાડીઓની ધારદાર સ્મેશ શોર્ટસ, નેટ પરની ચુસ્ત રમત અને મજબૂત રક્ષણાત્મક વ્યૂહરચનાએ ચીની ખેલાડીઓને કોઈ તક આપી ન હતી. દસ-દસના બરાબરીના સ્કોર બાદ ભારતીય જોડીએ સતત પોઈન્ટ મેળવીને મેચ પર પોતાની પકડ મજબૂત બનાવી હતી અને આખરે શાનદાર અંદાજમાં વિજય મેળવ્યો હતો.

આ જીત સાથે ભારતીય મહિલા યુગલ વર્ગમાં છેલ્લા પંદર વર્ષથી ચાલી આવતી પ્રતિક્ષાનો અંત આવ્યો છે. અગાઉ વર્ષ બે હજાર અગિયારમાં જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોન્નપ્પાની જોડીએ આ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, અને હવે આજના આ નવા યુગમાં ત્રિશા તથા ગાયત્રીએ તે સિદ્ધિનું પુનરાવર્તન કરીને નવો ઈતિહાસ રચ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, આ યુવા જોડીએ તાજેતરના સમયમાં પોતાની રમતની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો કર્યો છે, જેના પરિણામે આજે તેઓ વિશ્વની સર્વશ્રેષ્ઠ ટીમોને ટક્કર આપી રહી છે. આ ઐતિહાસિક સફળતા અંગે વાત કરતા સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ વિજય માત્ર એક મેડલ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે ભારતીય બેડમિન્ટનના આગામી ભવિષ્ય માટે એક મોટો વળાંક સાબિત થશે. પ્રશિક્ષકો અને રમતગમત જગતના દિગ્ગજો પણ આ યુવા ખેલાડીઓની મહેનત અને સમર્પણની પ્રશંસા કરી રહ્યા છે.


આ શાનદાર જીત બાદ સમગ્ર દેશમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને રમતપ્રેમીઓ આગામી મેચ માટે આ જોડીને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. બેડમિન્ટન વિશ્વ ચેમ્પિયનશિપના આગલા તબક્કામાં આ ભારતીય જોડી વધુ ઉત્સાહ સાથે મેદાન પર ઉતરશે.

વિજેતાઓને મળશે સાડા પાંચ મિલિયન ડૉલર

# યુએસ ઓપન દ્વારા રેકોર્ડ બ્રેક ઈનામ રકમ જાહેર, એક સો આઠ મિલિયન ડૉલર

(એજન્સી) ટોરેન્ટો I તા. 21

ટેનિસ જગતમાંથી એક ખૂબ જ મોટા અને રોમાંચક સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં યુએસ ઓપનના આયોજકો દ્વારા આગામી ટૂર્નામેન્ટ માટે કુલ એક સો આઠ મિલિયન ડૉલર એટલે કે અંદાજે એક હજાર કરોડ રૂપિયાની અત્યાર સુધીની સૌથી મોટી ઈનામી રકમ જાહેર કરવામાં આવી છે. ફ્લશિંગ મિડોઝ ખાતે રમાનારી આ પ્રતિષ્ઠિત ગ્રાન્ડ સ્લેમ સ્પર્ધામાં પુરૂષ અને મહિલા બંને વર્ગના ચેમ્પિયન ખેલાડીઓને અંદાજે સાડા પાંચ મિલિયન ડૉલર જેટલી માતબર રકમ ઈનામ તરીકે મળશે, જે ગ્રાન્ડ સ્લેમ ઈતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું પેઆઉટ છે અને ગત વર્ષની સરખામણીમાં તેમાં દસ ટકાનો નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.



આ ઐતિહાસિક નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે છેલ્લા કેટલાક સમયથી ટોચના ટેનિસ ખેલાડીઓ દ્વારા ઈનામી રકમમાં વધારો કરવા માટે સતત અવાજ ઉઠાવવામાં આવી રહ્યો હતો. જાનનિક સિનર અને અરીના સાબાલેંકા જેવા ખ્યાતનામ ખેલાડીઓની આગેવાની હેઠળ અગાઉના ગ્રાન્ડ સ્લેમ દરમિયાન ખેલાડીઓએ મીડિયા પ્રત્યેની પોતાની જવાબદારીઓ મર્યાદિત કરીને ટૂર્નામેન્ટની આવકમાંથી મોટો હિસ્સો ખેલાડીઓને આપવાની માંગણી સાથે વિરોધ નોંધાવ્યો હતો. આ રજૂઆતો અને લાંબી ચર્ચાઓના પરિણામે આયોજકોએ આ મોટું પગલું ભર્યું છે, જેનાથી ખેલાડીઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

### સોળ નાગરિકોનાં મોત, ચાલીસથી વધુ ઘાયલ

# રશિયાનો કીવ-આસપાસનાં વિસ્તારોમાં ભીષણ હવાઈ હુમલો

(એજન્સી) કીવ | તા. 21

યુક્રેનની રાજધાની કીવ અને તેની આસપાસનાં વિસ્તારોમાં રશિયાએ તાજેતરમાં અત્યંત ભીષણ હવાઈ હુમલા કર્યા હતા. સત્તાવાળાઓ દ્વારા જારી કરવામાં આવેલા એક સત્તાવાર નિવેદન અનુસાર, આ હુમલાઓમાં યુક્રેનના ઓછામાં ઓછા સોળ નાગરિકોનાં કરુણ મોત થયા છે, જ્યારે ચાલીસથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### યુક્રેન પ્રમુખની પશ્ચિમી દેશોને અપીલ

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ દુનિયાભરના દેશોને તાત્કાલિક ધોરણે પેટ્રિયટ ઈન્ટરસેપ્ટર મિસાઈલો મોકલવાની આગ્રહભરી અપીલ કરી છે. યુક્રેનના એરફોર્સે જણાવ્યું છે કે રશિયાએ આખી રાત ચાલેલા આ હુમલાઓમાં અત્યાધુનિક ક્રૂઝ મિસાઈલ અને ઝડપથી ઉડનારા જેટ ચાલિત ડ્રોનનો મોટા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો. આ બેફામ હુમલાઓના કારણે યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમ પર ભારે દબાણ વધી ગયું છે.

એરફોર્સના જણાવ્યા અનુસાર કીવ આ હુમલાઓનું મુખ્ય નિશાન હતું,



પરંતુ સમગ્ર યુક્રેનમાં અઠ્ઠાવીસ જેટલા અલગ-અલગ સ્થળોએ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા. પ્રમુખ ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે આ એક અત્યંત મોટો અને પૂર્વઆયોજિત હુમલો હતો, જેની તૈયારી રશિયા લાંબા સમયથી કરી રહ્યું હતું.

આ હુમલાઓમાં વિવિધ પ્રકારની બેલેસ્ટિક મિસાઈલો, ક્રૂઝ મિસાઈલો અને ડ્રોન સામેલ હતા, જેનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પાયાની સુવિધાઓને મહત્તમ નુકસાન પહોંચાડવાનો હતો.

બીજી તરફ, રશિયાના સંરક્ષણ મંત્રાલયે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ હુમલો કીવની એક ખાસ ઈન્ડસ્ટ્રીયલ સાઈટ પર કરવામાં આવ્યો હતો. રશિયાનો દાવો છે કે આ સાઈટ યુક્રેનની ફ્લેમિંગો ક્રૂઝ મિસાઈલ માટે મહત્વના પાર્ટ્સ અને ઉપકરણોનું નિર્માણ કરે છે. આ ઉપરાંત, રશિયાના સંરક્ષણ મંત્રાલયે એવો પણ દાવો કર્યો છે કે તેણે યુક્રેનના સાતસો છવ્વીસ ડ્રોન હવામાં જ તોડી પાડ્યા છે.

રશિયાના સતત વધી રહેલા આક્રમક હુમલાઓને કારણે યુક્રેનના પાડોશી દેશોની ચિંતામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. યુક્રેનની સરહદ સાથે જોડાયેલા દેશોને ભય સતાવી રહ્યો છે કે આ યુદ્ધનું જોખમ તેમની તરફ પણ ફેલાઈ શકે છે.

આ ભીષણ હુમલાઓએ યુદ્ધના માહોલને વધુ તીવ્ર બનાવ્યો છે અને નાગરિકોની સુરક્ષા સામે મોટો પડકાર ઊભો કર્યો છે.

### ડીએનએ ટેસ્ટથી રહસ્ય ખુલ્યું

# બેલ્જિયમમાં કાર સેલ્સમેન શાહી પરિવારનો વારસદાર બન્યો





(એજન્સી) બ્રસેલ્સ | તા. 21

બેલ્જિયમ દેશમાં છવીસ વર્ષની લાંબી અનિશ્ચિતતા અને અટકળો બાદ ક્લેમેન્ટ વાનડેનકેરખોવને કાનૂની રીતે શાહી માતા-પિતાની ઓળખ મળી ગઈ છે. બેલ્જિયમના કિંગ ફિલિપના નાના ભાઈ પ્રિન્સ લોરેન્ટે સત્તાવાર રીતે આ યુવાનને પોતાનો પુત્ર સ્વીકારી લીધો છે. અગાઉ એક સામાન્ય કાર સેલ્સમેન તરીકે કામ કરતા આ યુવકની માતા પ્રખ્યાત બેલ્જિયમની ગાયિકા વેન્ડી વાન વાન્ટેન છે. મીડિયા અહેવાલ અનુસાર, આ કાનૂની પ્રક્રિયા આશરે છ મહિના પહેલાં એક ખાનગી કાર્યક્રમમાં પૂરી થઈ હતી, પરંતુ તેની સત્તાવાર જાણકારી હવે જાહેર કરવામાં આવી છે. આ ઐતિહાસિક નિર્ણય બાદ ક્લેમેન્ટ સત્તાવાર રીતે પ્રિન્સ લોરેન્ટના વારસદાર બની ગયા છે.

નના દશકામાં ક્લેમેન્ટની માતા અને પ્રિન્સ લોરેન્ટ પરસ્પર સંબંધોમાં હતા. ક્લેમેન્ટનો જન્મ ઓગસ્ટ 2000 માં થયો હતો, જે સમય પ્રિન્સ લોરેન્ટના વર્ષ 2003 માં થયેલા લગ્ન પહેલાંનો છે. બે દાયકાથી વધુ સમય સુધી આ રહસ્ય ગુપ્ત રહ્યું હતું. વર્ષ 2025 માં જ્યારે ક્લેમેન્ટ એક ટેલિવિઝન ડોક્યુમેન્ટ્રીમાં જોવા મળ્યા અને તેમણે પોતાના પરિવારના ઈતિહાસ ખુલ્લા દિલથી વાત કરી, ત્યારે આ મોટું રહસ્ય દુનિયા સમક્ષ બહાર આવ્યું હતું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રિન્સ લોરેન્ટે સપ્ટેમ્બર 2025 માં જ જાહેરમાં ક્લેમેન્ટને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યા હતા. બંને વચ્ચે કરાવવામાં આવેલા ડીએનએ ટેસ્ટમાં 99.5 ટકાનો અદભુત મેચ સામે આવ્યો હતો, જેનાથી વર્ષોથી ચાલતી તમામ અટકળોનો કાયમ માટે અંત આવ્યો હતો. હવે પિતા અને પુત્ર વચ્ચેના સંબંધો ખૂબ જ મધુર બની રહ્યા છે અને કાર પ્રત્યેના સમાન શોખના કારણે બંને અવારનવાર મુલાકાત પણ કરે છે.

આ કાનૂની માન્યતાનું સૌથી મોટું મહત્ત્વ એ છે કે ક્લેમેન્ટ હવે પ્રિન્સ લોરેન્ટની અંગત મિલકતમાં સત્તાવાર રીતે હિસ્સેદાર બની ગયા છે. તેમની સાથે પ્રિન્સ લોરેન્ટના અન્ય ત્રણ બાળકો એટલે કે રાજકુમારી લુઈસ અને જોડિયા પુત્રો પ્રિન્સ નિકોલસ તથા પ્રિન્સ એમરિક પણ આ મિલકતના સમાન વારસદાર રહેશે.

જોકે, આ સવાલ અવારનવાર ચર્ચામાં આવે છે કે શું ક્લેમેન્ટ બેલ્જિયમના રાજા બનશે? આ સવાલનો સીધો જવાબ નકારમાં છે. મીડિયા અહેવાલ મુજબ, નવો પ્રિન્સ બનવા છતાં ક્લેમેન્ટ બેલ્જિયમની સત્તાવાર ગાદીના ઉત્તરાધિકારી બનશે નહીં. તેમને કોઈપણ પ્રકારનું રોયલ એલાઉન્સ એટલે કે શાહી ભથ્થું આપવામાં આવશે નહીં કે તેમની પાસે કોઈ સત્તાવાર શાહી જવાબદારીઓ નિભાવવાની અપેક્ષા રાખવામાં આવશે નહીં.

મીડિયા અહેવાલો સાક્ષી પૂરે છે કે જીવન ક્યારે કયું મોડ લે તે કોઈ કહી શકતું નથી. સામાન્ય નોકરી કરનાર યુવક આજે અચાનક જ દુનિયાના એક પ્રતિષ્ઠિત શાહી પરિવારનો હિસ્સો બની ગયો છે. આ અદ્ભુત ઘટનાએ આખી દુનિયાનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે અને પિતા-પુત્રના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે.

આ અનોખી ઘટના દર્શાવે છે કે સમય અને સત્ય ક્યારેક અણધારી રીતે સામે આવીને જીવનની દિશા સંપૂર્ણપણે બદલી નાખે છે.

#### સરનેમ અને ભવિષ્યની જીવનશૈલી

સામાન્ય કાર સેલ્સમેનથી લઈને શાહી પરિવાર સુધીની આ સફર અત્યંત રોમાંચક રહી છે. ક્લેમેન્ટે હજુ સુધી એ નક્કી નથી કર્યું કે તેઓ રાજવી પરિવારની પરંપરાગત સરનેમ અપનાવશે કે નહીં, પરંતુ હાલમાં તેઓ પોતાની માતાની સરનેમ સાથે જ ખૂબ જ ખુશ છે.

## ન્યૂઝ બ્રીફ

### ઈમરાન ખાન હોસ્પિટલ લઈ જવાયા અને ગણતરીના કલાકોમાં ફરી જેલભેગા કરાયા



ઈસ્લામાબાદ | પાકિસ્તાનના ભૂતપૂર્વ વડાપ્રધાન અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના પ્રમુખ ઈમરાન ખાનને અડધી રાતે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અદિયાલા જેલમાંથી ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ત્યાં છ નિષ્ણાત ડૉક્ટરોની ટીમે તેમની સંપૂર્ણ તબીબી તપાસ કરી હતી. તપાસ પૂર્ણ થયા બાદ તબીબોની ટીમે તેમને હોસ્પિટલમાં દાખલ કરવાના બદલે જેલમાં રાખવા વધુ સુરક્ષિત હોવાનું જણાવી ફરીથી અદિયાલા જેલ મોકલી દીધા હતા. ઈમરાન ખાનને હોસ્પિટલ લઈ જવાનો આ મહત્વપૂર્ણ નિર્ણય પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર કરવામાં આવ્યો હતો. અદાલતે તેમની કથળતી સ્વાસ્થ્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને બે દિવસની અંદર મેડિકલ તપાસ અને સારવાર માટે શિફા હોસ્પિટલ ખસેડવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે તબીબી તપાસ માટે ખાસ મેડિકલ બોર્ડની રચના કરવા અને તપાસ દરમિયાન તેમના પત્ની ડૉક્ટર ઉઝમા તથા તેમના અંગત ડૉક્ટરને હાજર રહેવાની મંજૂરી આપી હતી.

### અમેરિકાના ટેક્સાસની પબ્લિક સ્કૂલોમાં એચ-૧બી વિઝા પર પ્રતિબંધનું આયોજન




વોશિંગ્ટન | અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં શિક્ષક તરીકેની નોકરી શોધી રહેલા અથવા હાલમાં કાર્યરત ભારતીયો માટે અત્યંત ખરાબ સમાચાર આવ્યા છે. ટેક્સાસના ગવર્નર ગ્રેગ એબોટે રાજ્યની પબ્લિક સ્કૂલો એટલે કે સરકારી શાળાઓ દ્વારા વિદેશી કર્મચારીઓ માટે એચ-૧બી વિઝા સ્પોન્સર કરવા પર કડક પ્રતિબંધ મૂકવાનો મોટો પ્રસ્તાવ મૂક્યો છે. ટેક્સાસ રાજ્યમાં એચ-૧બી વિઝાના માધ્યમથી શાળાઓમાં શિક્ષકો તરીકે સેવા આપતા કર્મચારીઓમાં ભારે હડકંપ અને ચિંતા વ્યાપી ગઈ છે. સ્થાનિક સ્તરે એવો વ્યાપક ડર સતાવી રહ્યો છે કે જો ટેક્સાસ સરકાર આ પગલું સફળતાપૂર્વક ભરે છે, તો દેશના અન્ય રાજ્યો પણ આગામી દિવસોમાં આ જ માર્ગે ચાલી શકે છે. આ નિર્ણયના પગલે તે તમામ શાળા જિલ્લાઓ પર પણ ગંભીર અસર પડી શકે છે જેઓ શિક્ષકોની ઘટ અને અછતને પૂરી કરવા માટે એચ-૧બી વિઝા કાર્યક્રમનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરતા આવ્યા છે. ગવર્નર એબોટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તેઓ ઈચ્છે છે કે ટેક્સાસની વિધાનસભા એવો કાયદો વહેલી તકે પસાર કરે જેથી તે સંપૂર્ણપણે સુનિશ્ચિત થઈ શકે કે રાજ્યની સરકારી શાળાઓમાં એચ-૧બી વિઝા પર કામ કરતા વિદેશી કર્મચારીઓની સંખ્યા ઘટીને શૂન્ય થઈ જાય.

### દરિયામાં હાહાકાર: : અરેબિયન સમુદ્રમાં ચાંચિયાગીરીની ઘટનાઓથી ભારતની ચિંતા વધી

# બાવીસ ભારતીય નાવિકો સાથે બે જહાજો હાઈજેક, યમન અને સોમાલિયા તટ પર ચાંચિયાઓનો આતંક

(એજન્સી) નવી દિલ્હી | તા. 21

અરેબિયન સમુદ્ર અને હોર્ન ઓફ આફ્રિકા નજીક સમુદ્રી ચાંચિયાગીરીની અસંખ્ય ઘટનાઓએ ફરી એકવાર વૈશ્વિક સુરક્ષા એજન્સીઓ અને ભારત સરકારની ચિંતામાં મોટો વધારો કર્યો છે. યમન અને સોમાલિયાના દરિયાઈ વિસ્તારમાં બનેલી બે અલગ-અલગ ગંભીર ઘટનાઓમાં ચાંચિયાઓએ બાવીસ ભારતીય નાગરિકો સહિત બે કોમર્શિયલ જહાજોનું અપહરણ કરી લીધું છે. આ ઘટનાઓને કારણે આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર ભારતીય નાવિકોની સુરક્ષા સામે ભારે ખતરો ઊભો થયો છે.

પ્રથમ ઘટનામાં, ઈરિટ્રિયાનો ઝંડો ધરાવતા તેલ ઉત્પાદક ટેન્કર 'એમ.ટી. સિબુ ૧' નું યમન તટથી આશરે ત્રીસ નોટિકલ માઈલ દૂર અદનની ખાડીમાં ચાંચિયાઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે. આ જહાજ પર કુલ વીસ ક્રૂ મેમ્બર્સ સવાર હતા, જેમાંથી સોળ સભ્યો ભારતીય નાગરિકો છે. બાકીના ક્રૂ મેમ્બર્સમાં સીરિયા, સુદાન અને ઈરાકના નાગરિકો સામેલ છે.

મીડિયા અહેવાલ મુજબ, હાલ તમામ વીસ ક્રૂ સભ્યો સુરક્ષિત હોવાની પ્રાથમિક માહિતી મળી છે, પરંતુ જહાજની વર્તમાન સ્થિતિ અંગે સઘન વિગતો મેળવવામાં આવી રહી છે. ભારતીય દરિયાઈ પ્રશાસન અને એજન્સીઓ આ સમગ્ર મામલે ચાંપતી નજર રાખી રહી છે.

બીજી ઘટનામાં, સોમાલિયાના પુંટલેન્ડ તટ નજીક કેમરૂનના ઝંડાવાળા કાર્ગો જહાજ 'એમ/વી લુટુફ' ને ચાંચિયાઓએ





પોતાના સત્તાવાર કબજામાં લઈ લીધું છે. આ જહાજ પર દસ સભ્યોનો ક્રૂ હતો, જેમાંથી છ ભારતીય નાગરિકો છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ જહાજ મોગાદિશુ સ્થિત તુર્કીના સૈન્ય તાલીમ કેન્દ્ર માટે શસ્ત્રો, સંચાર અને સેટેલાઈટ ઉપકરણો લઈ જઈ રહ્યું હતું. આશરે આઠ સશસ્ત્ર ચાંચિયાઓએ આ જહાજ પર હુમલો કરી તેને નૂગાલ તટ તરફ વાળી દીધું છે.

આ ગંભીર ઘટનાઓ સામે આવ્યા બાદ દરિયાઈ પ્રશાસન અને રિક્રૂટમેન્ટ એજન્સીઓ પાસેથી તાત્કાલિક ધોરણે વિગતવાર રિપોર્ટ માંગવામાં આવ્યો છે. ભરતી એજન્સીઓએ તમામ ભારતીય નાવિકોની ખાનગી તથા વ્યાવસાયિક વિગતો શિપિંગ ડાયરેક્ટોરેટને સુપ્રત કરી દીધી છે.

નૌકાદળ અને સ્થાનિક સુરક્ષા એજન્સીઓ હાઈજેક થયેલા બંને જહાજો અને તેમાં ફસાયેલા ભારતીય નાવિકોને હેમખેમ અને સુરક્ષિત છોડાવવા માટે યુદ્ધના ધોરણે સ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

આ તમામ ઘટનાઓ વચ્ચે, શિપિંગ યુનિયનો દ્વારા અગાઉના સમયમાં બનેલી દરિયાઈ તણાવની ઘટનાઓને પણ યાદ કરવામાં આવી રહી છે. અગાઉ હોર્મુઝની ખાડીમાં પણ ભારતીય ક્રૂ ધરાવતા જહાજોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જે સદનસીબે સુરક્ષિત બહાર આવ્યા હતા.

જોકે, હાલની આ બેવડી ઘટનાઓએ દરિયાઈ માર્ગો પર વધતા જોખમોને ફરી એકવાર દેશ અને દુનિયા સમક્ષ ખુલ્લા પાડી દીધા છે. સરકાર દ્વારા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ પ્રકારે દરિયાઈ ક્ષેત્રે વધતી અસલામતીને ડામવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય બની ગયો છે, અને સરકાર નાવિકોની સુરક્ષિત વાપસી માટે કટીબદ્ધ છે.

# ઈઝરાયેલી વાયુસેનામાં બીજું 'ગિડિયન' એરિયલ રિફ્યુઅલિંગ ટેન્કર જોડાયું

(એજન્સી) ટેલ અવીવ | તા. 21

ઈઝરાયેલની વાયુસેનાની તાકાતમાં વધુ એક મોટો વધારો થયો છે. ઈઝરાયેલી વાયુસેનાના બીજા "ગિડિયન" એરિયલ રિફ્યુઅલિંગ અને ટ્રાન્સપોર્ટ વિમાનના ઈન્ડક્શન માટેના ખાસ સમારોહનું ગુરુવારે નેવાટિમ એરબેઝ પર ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બોઈંગ કેસી-૪૬ "ગિડિયન" વિમાન ગુરુવારે નેવાટિમ એરબેઝ પર સફળતાપૂર્વક ઉતર્યું હતું અને તેને સત્તાવાર રીતે "ગિડિયન" એરિયલ રિફ્યુઅલિંગ સ્ક્વોડ્રનમાં સામેલ કરી દેવામાં આવ્યું છે. આ નવું વિમાન ઈઝરાયેલના રક્ષણ મંત્રાલયના યુએસ પ્રોક્યોરમેન્ટ મિશન દ્વારા ઈઝરાયેલી વાયુસેના માટે ખરીદવામાં આવેલા કુલ છ રિફ્યુઅલિંગ વિમાનો પૈકીનું બીજું વિમાન છે.

આ અત્યાધુનિક વિમાનનું આગમન રક્ષણ મંત્રાલય દ્વારા ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસ (આઈડીએફ) માટે ચલાવવામાં આવી રહેલા વ્યાપક લશ્કરી બિલ્ડઅપ પ્રોગ્રામનો એક અભિન્ન અને મહત્વપૂર્ણ ભાગ છે. આ નવા એરિયલ રિફ્યુઅલિંગ વિમાનો ઈઝરાયેલી લડાકુ વિમાનોને તેમની ઓપરેશનલ રેન્જ (કાર્યક્ષમતાની સીમા) વિસ્તારવામાં અને હવામાં લાંબા સમય સુધી સક્રિય રહેવામાં અસાધારણ મદદ પૂરી પાડે છે. આ ઉપરાંત, આ વિમાનો અદ્યતન અને બહુ-મિશન પરિવહન ક્ષમતાઓ પણ પ્રદાન કરે છે, જે દેશની સુરક્ષા માટે અત્યંત આવશ્યક છે.

સંરક્ષણ નિષ્ણાતોના મતે, આ નવા વિમાનનો સમાવેશ થવાથી મલ્ટી-ફ્રન્ટ યુદ્ધ (બહુ-મોરચાના યુદ્ધ) અને લાંબા અંતરના ઓપરેશન્સમાં વાયુસેનાની ક્ષમતામાં અત્યંત નોંધપાત્ર વધારો થશે. વર્તમાન સમયની સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ વિમાન ઈઝરાયેલની આકાશમાં પક્કડ વધુ મજબૂત બનાવશે.

# પાકિસ્તાનમાં સાઠ કલાકમાં તુર્કી-ચીનના વિમાનોએ ડ્રોનનો જંગી જથ્થો ઉતાર્યો, એશિયામાં તણાવ વધ્યો

### ફિલ્ડ માર્શલ આસિમ મુનિરની સત્તામાં વધારો કરતો વિશેષ સંરક્ષણ કાયદો સંસદમાં મંજૂર કરવામાં આવ્યો છે

(એજન્સી) ઇસ્લામાબાદ/નવી દિલ્હી | તા. 21

પાકિસ્તાનમાં ફિલ્ડ માર્શલ આસિમ મુનિરની સત્તામાં અમર્યાદિત વધારો કરતા ડિફેન્સ ફોર્સીસ ઓફ પાકિસ્તાન એક્ટને સંસદના બંને ગૃહોમાં સત્તાવાર રીતે મંજૂરી આપી દેવામાં આવી છે. ભારત માટે અત્યંત જોખમી ગણાતા આ ઘટનાક્રમ વચ્ચે, માત્ર સાઠ કલાકના ટૂંકા સમયગાળામાં ચીન અને તૂર્કીના સૈન્ય વિમાનોએ પાકિસ્તાનમાં મોટા પાયે ડ્રોન સહિતનો શસ્ત્ર સરંજામ ઠાલવ્યો હોવાના અહેવાલોથી સંરક્ષણ ક્ષેત્રે ભારે ચકચાર મચી ગઈ છે. બીજી બાજુ, ભારતીય વાયુસેના દ્વારા આગામી મહિનામાં ફાઈટર જેટ સુખોઈ પરથી શક્તિશાળી બંકર બસ્ટર બોમ્બનું પરીક્ષણ થવાનું હોવાથી સમગ્ર એશિયામાં તણાવની સ્થિતિ



સર્જાઈ છે. ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનને મોટો પરાજય મળ્યો હોવા છતાં, આર્મી ચીફ આસિમ મુનિરે પાકિસ્તાની સેના અને સરકાર પર પોતાની પકડ વધુ મજબૂત બનાવતા ફિલ્ડ માર્શલનું પદ સંભાળ્યું છે. હવે આસિમ મુનિરને કાયદાકીય રૂપે ત્રણેય સેનાના સર્વોચ્ચ પ્રમુખ બનાવવા તથા આર્મી, નેવી અને એરફોર્સનો સંપૂર્ણ કમાન્ડ અને કંટ્રોલ સોંપવા માટે પાકિસ્તાની સંસદે ડિફેન્સ ફોર્સીસ ઓફ પાકિસ્તાન એક્ટ ૨૦૨૬ પસાર કરી દીધો છે. આ નવા કાયદા હેઠળ હવે પાકિસ્તાની સશસ્ત્ર સેનાના મુખ્યાલયને ડિફેન્સ ફોર્સીસ હેડક્વાર્ટર તરીકે ઓળખવામાં આવશે, જ્યાં ત્રણેય સેનાના પ્રમુખ ફિલ્ડ માર્શલ આસિમ મુનિર બિરાજમાન રહેશે.

પાકિસ્તાનમાં નાગરિક સરકાર પર સૈન્યનું પ્રભુત્વ સતત વધી રહ્યું છે, જે ભારતની સુરક્ષા માટે ચિંતાનો વિષય છે. આ સંજોગો વચ્ચે, પાકિસ્તાનમાં માત્ર સાઠ કલાકની અંદર ચીન અને તૂર્કીના જંગી સૈન્ય પરિવહન વિમાનોએ પાકિસ્તાની એરબેઝના અસંખ્ય ચક્કર લગાવ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે. અગાઉના સંઘર્ષોમાં પાકિસ્તાનને ડ્રોન અને અન્ય સૈન્ય સહાય પૂરી પાડનારા આ દેશોના વિમાનોના પરિવહને આ ક્ષેત્રમાં ભારે હલચલ મચાવી દીધી છે. ચીન અને તૂર્કીથી પાકિસ્તાન સુધીના સૈન્ય હવાઈ ટ્રાફિકમાં અચાનક થયેલા આ વધારાથી ઈસ્લામાબાદને અત્યાધુનિક ડ્રોન અને અન્ય ખતરનાક શસ્ત્રોનો નવો જથ્થો પ્રાપ્ત થયો હોવાની પૂરી આશંકા છે.

**એઆઈ** | કેલિફોર્નિયામાં એઆઈથી અબજોપતિ બનેલા યુવાનો લક્ઝરી માર્કેટનો ટ્રેન્ડ બદલી રહ્યા છે

# AI બૂમથી અમીર બનેલી નવી પેઢીએ લક્ઝરીની વ્યાખ્યા બદલી

(એજન્સી) કેલિફોર્નિયા | તા. 21

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ ક્ષેત્રે આવેલી અભૂતપૂર્વ ક્રાંતિના કારણે માત્ર જોબ માર્કેટ જ નહીં પરંતુ વૈશ્વિક લક્ઝરી માર્કેટનો ટ્રેન્ડ પણ ઝડપથી બદલાઈ રહ્યો છે. અગાઉના સમયમાં પરંપરાગત રીતે અમીર બનેલા લોકો રોયલ ટચ અને શાહી ઠાઠમાઠને વધુ પ્રાધાન્ય આપતા હતા, જ્યારે એઆઈ દ્વારા પોતાની સંપત્તિ ઊભી કરનારી આ નવી પેઢી પ્રાઈવેટ જેટ, લક્ઝરી કાર અને યોટમાં ટેકનોલોજી, પ્રાઈવસી, પર્સનલાઈઝેશન અને હેલ્થને સૌથી વધુ મહત્વ આપી રહી છે. આ આધુનિક ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને દુનિયાભરની અનેક નામાંકિત લક્ઝરી કંપનીઓ પણ પોતાની સર્વિસ અને પ્રોડક્ટ્સમાં મોટા ફેરફારો કરી રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૫ થી એપ્રિલ ૨૦૨૬ વચ્ચેના સમયગાળામાં વિશ્વભરમાં અબજપતિઓની કુલ સંખ્યા ૧૩ ટકા જેટલી વધીને ૩,૩૦૨ સુધી પહોંચી ગઈ છે. આ આંકડાઓમાં સૌથી




મોટો હિસ્સો અમેરિકાનો છે, જ્યાં એક હજારથી વધુ અબજપતિઓ વસવાટ કરે છે. પ્રાઈવેટ જેટનું સંચાલન કરતી કંપનીઓના જણાવ્યા અનુસાર, એઆઈના માધ્યમથી સંપત્તિ મેળવનારા નવા ગ્રાહકોની સંખ્યામાં અદભુત ઉછાળો આવ્યો છે. ખાસ કરીને આ નવા ગ્રાહકોની સરેરાશ ઉંમર પણ ખૂબ જ ઓછી છે, જેમાં કેટલાક ગ્રાહકોની ઉંમર માત્ર ૨૫ વર્ષની આસપાસ જ છે. આ યુવા અબજપતિઓ પરંપરાગત બ્રોકર્સનો સંપર્ક કરવાને બદલે સીધી એપ્લિકેશન અથવા વોટ્સએપના માધ્યમથી પ્રાઈવેટ જેટ્સ બુક કરાવવાનું પસંદ કરે છે અને તેનું પેમેન્ટ પણ બિટકોઈન તથા અન્ય ક્રિપ્ટોકરન્સીમાં કરે છે.

આ નવી પેઢી માત્ર હવાઈ મુસાફરીમાં જ નહીં પરંતુ લક્ઝરી કાર્સ ખરીદતી વખતે પણ પોતાની એક અલગ ઓળખ ઊભી કરવા માગે છે. તેઓ કારની અંદર પોતાની પસંદગી મુજબનું કસ્ટમાઈઝેશન કરાવવાનો આગ્રહ રાખે છે. આ ઉપરાંત, વૈભવી યોટ માર્કેટમાં પણ મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. નવા મલ્ટીમિલ્યોનેર્સ હવે વિશાળ પેલેસ જેવી યોટ્સની જગ્યાએ વધુ પ્રેક્ટિકલ અને આધુનિક બોટ્સમાં રસ દાખવી રહ્યા છે. એક અગ્રણી બ્રિટિશ યોટ કંપનીના જણાવ્યા અનુસાર, એક કરોડ પાઉન્ડથી વધુ કિંમતની યોટ્સની માંગમાં ભારે વધારો થયો છે અને આ ખરીદી કરનારા મોટાભાગના ગ્રાહકો અમેરિકાના જ છે. આ યોટ્સમાં પણ વિશેષ ફિટનેસ સાધનો, આધુનિક બાઈક અને હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ જેવી સેવાઓ ફીટ કરવાની માંગ કરવામાં આવી રહી છે.

# જીટીએ સિક્સ રમવા સેના આપશે ચાર દિવસની રજા

(એજન્સી) વાશિંગ્ટન | તા. 21

જો તમે કામની કોઈપણ ચિંતા કર્યા વિના લોકપ્રિય વિડિયો ગેમ 'ગ્રાન્ડ થેફ્ટ ઓટો સિક્સ' (જીટીએ સિક્સ) રમવા માંગતા હોવ, તો અમેરિકી સેનાએ પોતાના જવાનો માટે એક અત્યંત અનોખી અને આકર્ષક પહેલ શરૂ કરી છે. જ્યોર્જિયા સ્થિત ફોર્ટ સ્ટુઅર્ટ ખાતે તૈનાત યુએસ આર્મીનું એક બટાલિયન પોતાના સૈનિકોને લશ્કરમાં ચોક્કસ તારીખ સુધીમાં પુનઃ ભરતી થવા બદલ ચાર દિવસની વધારાની રજા આપી રહ્યું છે. આ ખાસ રજાની તારીખો ગેમના સત્તાવાર લોન્ચિંગ સમય સાથે ચોક્કસાઈથી મેળ બેસાડીને નક્કી કરવામાં આવી છે, જેથી સૈનિકો કોઈપણ ટેન્શન વગર આરામથી ગેમિંગની મજા માણી શકે.

9th બ્રિગેડ એન્જિનિયર બટાલિયન દ્વારા આ વિશેષ ઓફર રજૂ કરવામાં આવી છે. રોકસ્ટાર ગેમ્સ દ્વારા જીટીએ સિક્સ આગામી ૧૯ નવેમ્બરના રોજ રિલીઝ થવા જઈ રહી છે, જેને મનોરંજન જગતનું આ વર્ષનું સૌથી મોટું અને મોટું લોન્ચિંગ માનવામાં આવી રહ્યું છે. આ ખાસ પ્રોત્સાહક યોજના આર્મીના કરિયર કાઉન્સિલર દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવી હતી અને બટાલિયન કમાન્ડરો સાથે મળીને તેને સત્તાવાર મંજૂરી અપાઈ હતી, જેથી જવાનો પોતાની પુનઃ ભરતી અંગે ઝડપથી અને સકારાત્મક નિર્ણય લઈ શકે. ફોર્ટ સ્ટુઅર્ટના પ્રવક્તા લેફ્ટનન્ટ કર્નલ એન્જલ ટોમકોએ જણાવ્યું હતું કે આ અનોખો વિચાર સૈનિકોના અંગત રસ અને શોખને ધ્યાનમાં રાખીને ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. સૈનિકો જે બાબતોમાં સૌથી વધુ રસ ધરાવે છે તેની સાથે સેનાના પ્રોત્સાહનોને જોડવાનો આ એક શ્રેષ્ઠ અને આધુનિક પ્રયાસ છે.

## ડીસીપી ઑફિસે તપાસની વિગતો મેળવવાનો પ્રયાસ

# પેલેટ ગન કેસ: દિલ્હીમાં પોલીસ સ્ટેશન બહાર ધરણાં પર બેઠા રાહુલ ગાંધી, FIR કરવા માગ

(એજન્સી) નવી દિલ્હી | તા 21

દિલ્હીમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સંસદ માર્ગ પોલીસ મથકે DCP ઑફિસે પહોંચ્યા હતા. જંતર-મંતર ખાતે 'કોકરોચ જનતા પાર્ટી'ના વિરોધ પ્રદર્શનમાં પેલેટ ગનના કથિત ઉપયોગ અંગે પોલીસ તપાસની વિગતો મેળવવાનો તેમનો હેતુ હતો. રાહુલ ગાંધીએ પેલેટ ગનથી પીડિત સાહિલ લોહબચને સાથે રાખી, FIR ન નોંધાઈ હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઘટના મામલે સુપ્રીમ કોર્ટે 5 સભ્યોની ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ રચી છે. દિલ્હીના સંસદ માર્ગ પોલીસ મથકે આવેલી DCP ઑફિસે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પહોંચ્યા હતા. જંતર-મંતર ખાતે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલા પેલેટ ગનના કથિત ઉપયોગ અંગે પોલીસ તપાસ કેટલે પહોંચી છે અને અત્યાર સુધી શું કાર્યવાહી કરવામાં આવી છે, તેની વિગતો મેળવવી એ તેમનો મુખ્ય હેતુ હતો. આ દરમિયાન રાહુલ ગાંધી પેલેટ ગનથી પીડિત સાહિલ લોહબચને પણ પોતાની સાથે લાવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે આટલી ગંભીર ઘટના બની હોવા છતાં આ મામલે હજુ સુધી પોલીસ દ્વારા કોઈ એફઆઈઆર પણ નોંધવામાં આવી નથી તેઓ પોલીસ સ્ટેશન બહાર ધરણાં પર બેઠા છે.રાહુલ ગાંધીએ પોલીસ અધિકારીઓ સાથે સીધી વાતચીત કરીને તપાસ ક્યાં સુધી પહોંચી છે અને તેના શું પરિણામો આવ્યા છે તે જાણવા પ્રયાસ કર્યો હતો. આ ઘટના બનતા જ, જંતર-મંતર ખાતે CJPના આંદોલન સમયે થયેલા પેલેટ ગનના ઉપયોગનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. જોકે, પોલીસ પક્ષેથી હજુ સુધી તપાસના તારણો કે કોઈ નક્કર કાર્યવાહી અંગે વિગતવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. તેમ છતાં, એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે રાહુલ ગાંધી આ બાબતે ખૂબ ગંભીર છે અને સમગ્ર તપાસ કાર્યવાહી પર સતત નજર રાખી રહ્યા છે.

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વમાં 20 જુલાઈના રોજ સંસદ તરફ માર્ચ કાઢવામાં આવી હતી, જે દરમિયાન પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત રીતે પ્રદર્શનકારીઓ પર પેલેટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે 20 જૂનના રોજ આ આંદોલન શરૂ થયું હતું, જે પ્રધાનના રાજીનામા બાદ 25 જુલાઈના રોજ સમાપ્ત થયું હતું.દિલ્હીમાં વિદ્યાર્થી આંદોલન દરમિયાન પોલીસ દ્વારા કરવામાં આવેલી કથિત અતિશયોક્તિ અને પોલીસકર્મીઓ પર થયેલી હિંસાની નિષ્પક્ષ તપાસ માટે સુપ્રીમ કોર્ટે પાંચ સભ્યોની હાઈ પાવર્ડ એનક્વાયરી કમિટી (HPEC)ની રચના કરી છે. આ કમિટીના અધ્યક્ષ તરીકે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ જજ જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી રહેશે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત, જસ્ટિસ જોયમાલ્ય બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે 18 ઓગસ્ટે આ આદેશ આપ્યો હતો. આ કમિટીમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રવિ શંકર ઝા, દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ શાલિન્દર કૌર, CBIના પૂર્વ નિયામક ઋષિ કુમાર શુક્લા અને મેઘાલયના નિવૃત્ત DGP એલ. આર. બિશ્નોઈનો સમાવેશ થાય છે. આ સમિતિ પેલેટ ગનના ઉપયોગ સહિત પોલીસ દ્વારા કરાયેલા વધુ પડતા બળપ્રયોગ તેમજ પ્રદર્શનકારીઓ દ્વારા પોલીસકર્મીઓ પર કરાયેલી હિંસા - બંને પાસાંઓની તપાસ કરશે.



### ભારતીય સંશોધકે કેન્સરના મૂળમાં જઈને તપાસ કરતું જેનએઆઈ પ્લેટફોર્મ બનાવ્યું

નવી દિલ્હી : 'દિલ્હીની ઈન્દ્રપ્રસ્થ ઈન્ફોર્મેશન-ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટના સંશોધક ગૌરવ આહુજાએ કેન્સર થવાના કારણના મૂળમાં જતી એક ટેકનોલોજી વિકસાવી છે. મલ્ટિઓમાઈવર્ષ નામનું એઆઈ પ્લેટફોર્મ પેશન્ટના શરીરમાં વિવિધ ફેક્ટર્સની તપાસ કરીને પરિણામ આપે છે એ સચોટ જણાયું છે. ભારતીય સંશોધકનું આ રિસર્ચ ઈન્ટરનેશનલ જર્નલ કેમિન્ફોર્મેટિક્સમાં પ્રસિદ્ધ થયો છે. સંશોધકે દાવો કર્યો છે કે આ પ્રકારની દુનિયાની આ પહેલી ટેકનોલોજી છે. જેનએઆઈ કે મલ્ટિઓમાઈવર્ષ નામથી બનેલું આ એઆઈ પ્લેટફોર્મ પેશન્ટના ડીએનએમાં ક્યાં ખામી સર્જાઈ અને તેની પાછળ શું કારણ જવાબદાર હતું એની તપાસ કરે છે.ગુવાહાટીની ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને જેનોમિક્સ ઈન્ટેગ્રેટિવ બાયોલોજી ઈન્સ્ટિટ્યૂટની મદદથી ગૌરવ આહુજાએ આસામના ૨૭ લોકો પર પરીક્ષણ કર્યું હતું. તેમના એઆઈ મોડલથી ડીએનએ એનાલિસિસ ઉપરાંત શરીરના જુદા જુદા લેયર્સનો અભ્યાસ કરીને જાણી શકાયું કે તેમને કેન્સર થયું તેની પાછળ ક્યાં કારણો જવાબદાર હતા. સંશોધકોનું ધ્યાન કેન્સરની ઓળખ કરવા પૂરતું મર્યાદિત ન હતું. તેમણે કેન્સર થવાના મૂળ કારણ સુધી પહોંચવા માટે એઆઈ ટેકનોલોજી પાસે એનાલિસિસ કરાવ્યું હતું.આપણે જે વાતાવરણમાં રહીએ છીએ એમાં કેટલાય દૂષિત કેમિકલ્સના સંપર્કમાં આવીએ છીએ.

### ભણવા ગયેલો લાડકવાયો પાછો ન આવ્યો... હોમવર્ક માટે એવો ખખડાવ્યો કે માસૂમ બાળકે શિક્ષકના ખોળામાં દમ તોડ્યો

વિશાખાપટ્ટનમ : વિશાખાપટ્ટનમની લિટલ ગાર્ડન સ્કૂલમાં LKGના 6 વર્ષના વિદ્યાર્થી પ્રણય તેજનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું. પરિવારે આક્ષેપ કર્યો કે, હોમવર્ક ન કરવા બદલ શિક્ષકે બાળકને માર માર્યો, જેનાથી તે ડરીને રડવા લાગ્યો અને બેભાન થઈ ગયો. CCTV ફૂટેજમાં શિક્ષક ઠપકો આપતા દેખાયા. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ જાણી શકાશે. વિશાખાપટ્ટનમની લિટલ ગાર્ડન સ્કૂલમાં LKG માં અભ્યાસ કરતા 6 વર્ષના માસૂમ છાત્ર પ્રણય તેજનું શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજ્યું છે. પરિવારજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે હોમવર્ક પૂરું ન કરવા પર શિક્ષકે બાળકને ખૂબ માર્યો અને ઠપકો આપ્યો હતો. આ ઘટના બાદ બાળક એટલી હદે ડરી ગયો કે તે રડવા લાગ્યો અને ત્યારબાદ તેને સતત ખાંસી આવવા લાગી. થોડી જ વારમાં માસૂમ છાત્ર શિક્ષક પર જ ઢળી પડ્યો અને બેભાન થઈ ગયો હતો. બાળકની તબિયત લથડતા તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પરિવારનું કહેવું છે કે હોસ્પિટલ પહોંચતા પહેલા જ બાળકનું મોત થઈ ચૂક્યું હતું. આ ઘટનાના CCTV ફૂટેજ પણ પોલીસના હાથ લાગ્યા છે. જેમાં શિક્ષક બાળકને ઠપકો આપતા સ્પષ્ટપણે જોઈ શકાય છે. જોકે, બાળકના મોતના સાચા કારણો પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસની ઊંડાણપૂર્વક તપાસ બાદ જ સામે આવશે.પરિવારજનોએ જણાવ્યું કે તેમનો બાળક હસતો-રમતો સ્કૂલે ગયો હતો પરંતુ જીવતો પાછો ન ફર્યો. પરિવારે આ મામલે નિષ્પક્ષ તપાસ અને જવાબદાર શિક્ષક સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. પોલીસે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. તપાસ ટીમ CCTV ફૂટેજ, સ્કૂલમાં હાજર લોકોના નિવેદનો અને અન્ય પુરાવાઓ એકત્ર કરી રહી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે સ્કૂલમાં ખરેખર શું થયું હતું જેનાથી બાળકની તબિયત અચાનક બગડી ગઈ.જિલ્લા શિક્ષણાધિકારી પ્રેમ કુમારે આ ઘટના અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, "લિટલ ગાર્ડન સ્કૂલમાં ગઈકાલે સાંજે એક અત્યંત ગંભીર અને દુઃખદ ઘટના બની છે. શિક્ષકના કથિત માર બાદ એક વિદ્યાર્થીનું અચાનક મોત થયું છે. ફોન કોલ મારફતે જાણ થતાં જ અમે તાત્કાલિક એમ્બ્યુલન્સ મોકલી હતી, પરંતુ ત્યાં સુધીમાં કમનસીબે છાત્રનું મોત થઈ ચૂક્યું હતું.

## ૧૮ ઓગસ્ટના નોટિફિકેશન પર સ્ટે મૂકી દીધો

# ઝારખંડમાં સરકારી કર્મચારીઓની નિમણૂકો રદ કરવા પર હાઈકોર્ટનો સ્ટે

નવી દિલ્હી : કોકરોચ જનતા પાર્ટી પછી ઝારખંડમાં વિદ્યાર્થી આંદોલન સામે ઝુકી જતાં સોરેન સરકારે ૨૦૧૪થી અત્યાર સુધીની જેપીએસસી પરીક્ષા અને તેના આધારે થયેલી ભરતીઓ રદ કરી દીધી હતી. જોકે, ઝારખંડ હાઈકોર્ટે ગુરુવારે રાજ્ય સરકારના આ નિર્ણય પર સ્ટે મૂકી દીધો છે. હાઈકોર્ટે ફૂડ સેફ્ટી અધિકારીઓની નિમણૂકો રદ કરવાના આદેશ પર પણ સ્ટે મૂક્યો છે. બીજીબાજુ દિલ્હીમાં જંતર-મંતર પર દેખાવકારો પર પોલીસના લાઠીચાર્જ અને પેલેટ ગનથી હુમલાની તપાસ મુદ્દે પૂર્વ જજ સુભાષ રેડ્ડીના નેતૃત્વમાં એક સમિતિ બનાવી છે.ઝારખંડના જેપીએસસી અને જેએએસસીની પરીક્ષાઓમાં ગેરરીતિ મુદ્દે હેમંત સોરેન સરકારની મુશ્કેલીઓ વધી ગઈ છે. વિદ્યાર્થીઓના આંદોલન પછી ૨૦૧૪થી અત્યાર સુધીની પરીક્ષાઓ અને તેના આધારે થયેલી ભરતી રદ કરવાનો સોરેન સરકારે નિર્ણય કર્યો હતો. જોકે, હવે ઝારખંડ હાઈકોર્ટમાં ન્યાયાધીશ દીપક રોશનની બેન્ચે ત્રણ અલગ અલગ અરજીઓ પર સુનાવણી કરતા પરીક્ષાઓ રદ કરવાના ૧૮ ઓગસ્ટના નોટિફિકેશન પર સ્ટે મૂકી દીધો છે. હાઈકોર્ટે સરકારને આ મામલે જવાબ દાખલ કરવા નિર્દેશ કર્યો છે. આ સાથે આગામી સુનાવણી ૧૫ સપ્ટેમ્બરે નિર્ધારિત કરી છે. હાઈકોર્ટના આદેશથી ૪૫૦થી વધુ ઉમેદવારોને રાહત મળી છે. અરજદારોએ દાવો કર્યો હતો કે, ૧૧મીથી ૧૩મી જેપીએસસી મારફત થયેલી નિમણૂકો અને ફૂડ સેફ્ટી અધિકારીની નિમણૂકો રદ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય કુદરતી ન્યાયના સિદ્ધાંતનો ભંગ છે.

## ભાજપ પર હુમલાનું કાવતરું ઘડવાનો આક્ષેપ

# 'સ્કૂલ ઠીક કરો' અભિયાન: જયપુરમાં સ્કૂલ બહાર આશુતોષ રાંકા અને CJP કાર્યકરો પર હુમલો, ગાડીઓના કાચ તોડ્યા

જયપુર : જયપુરના રામપુરા-કંવરપુરા ગામમાં સરકારી શાળા મુદ્દે ભારે હોબાળો થયો. CJP કાર્યકરો 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હેઠળ શાળાની સ્થિતિ જોવા ગયા હતા. ગ્રામજનોએ તેમને ગામમાંથી ખદેડી મૂક્યા, ગાડીઓમાં તોડફોડ કરી અને પથ્થરમારો કર્યો. CJP એ ભાજપ પર હુમલાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો. ગ્રામજનોએ રાજકીય લાભ લેવાનો ઈનકાર કરી, સ્વખર્ચે શાળા બનાવવાની વાત કરી. રાજસ્થાનની રાજધાની જયપુરના બગરુ વિસ્તારમાં આવેલા રામપુરા-કંવરપુરા ગામમાં સરકારી શાળાના મુદ્દે ભારે હોબાળો સર્જાયો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) ના કાર્યકરો તેમના 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હેઠળ ગામની સરકારી શાળાની વાસ્તવિક સ્થિતિ જોવા પહોંચ્યા હતા, પરંતુ ગ્રામજનોએ તેમનો ઉગ્ર વિરોધ કરી તેમને ગામમાંથી ખદેડી મૂક્યા હતા. આ ઘટનાએ સ્થાનિક સ્તરે રાજકીય માહોલ ગરમાવી દીધો છે અને આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થઈ ગયો છે. સવારના સમયે જ્યારે CJP ના કાર્યકરો શાળાની જર્જરિત હાલત જોવા પહોંચ્યા ત્યારે ગ્રામજનોએ વિરોધ શરૂ કર્યો હતો. થોડા સમય બાદ CJP પ્રવક્તા આશુતોષ રાંકા ખુદ શાળાએ પહોંચ્યા, જ્યાં તેમની સામે પણ ભારે નારેબાજી થઈ હતી. ધીમે ધીમે મામલો એટલો તંગ બની ગયો કે ધક્કામુક્કી શરૂ થઈ અને ગ્રામજનોએ કાર્યકરોને દોડાવીને માર માર્યો હોવાના અહેવાલ છે. આ દરમિયાન કાર્યકરોની ગાડીઓના કાચ તોડી નાખવામાં આવ્યા અને તેમના પર રેતી તેમજ પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટના પર સોશિયલ મીડિયામાં પ્રતિક્રિયા આપતા અભિજિત દીપકે લખ્યું કે રાજસ્થાનમાં આશુતોષ પર ભાજપના ગુંડાઓએ હુમલો કર્યો છે અને પોલીસે આ બધું મૂકપ્રેક્ષક બનીને થવા દીધું. આશુતોષ રાંકાએ પણ આરોપ લગાવ્યો કે વિરોધ કરનારા લોકો વાસ્તવમાં ગ્રામજનો ન હતા, પરંતુ ભાજપ દ્વારા બોલાવવામાં આવેલા અસામાજિક તત્ત્વો હતા.

## દિલ્હીમાં રૂ. 700 કરોડનું મેડિકલ કૌભાંડ

# પુરાવાનો નાશ કરવા ફાઈલો જાણીજોઈને નષ્ટ કરી, એક આરોપી વિદેશ ફરાર

(એજન્સી) નવી દિલ્હી | તા 21

દિલ્હીમાં 700 કરોડના મેડિકલ પ્રોક્યોરમેન્ટ કૌભાંડમાં મોટો ખુલાસો થયો છે. એન્ટી કરપ્શન બ્રાન્ચે કોર્ટને જણાવ્યું કે, આરોપીઓએ X-Ray મશીનો સહિતની ખરીદીની મહત્ત્વપૂર્ણ ફાઈલોનો જાણી જોઈને નાશ કર્યો છે. ભૂતપૂર્વ DGHS વડા ડૉ. વત્સલા અગ્રવાલને 4 અઠવાડિયાના વચગાળાના જામીન મળ્યા છે, જ્યારે અન્ય આરોપી ડૉ. વિનોદ કુમાર રંગાની જામીન અરજી ફગાવી દેવાઈ છે. મુખ્ય આરોપી રાજીવ રંગીલા ભારત છોડી ફરાર છે.દિલ્હી સરકારના આરોગ્ય વિભાગમાં થયેલા કથિત રૂ. 700 કરોડના મેડિકલ પ્રોક્યોરમેન્ટ (તબીબી ખરીદી) કૌભાંડમાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. એન્ટી કરપ્શન બ્રાન્ચ (ACB) એ દિલ્હી કોર્ટને જણાવ્યું છે કે ડાયરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસીસ (DGHS) અને સેન્ટ્રલ પ્રોક્યોરમેન્ટ એજન્સી (CPA) દ્વારા કરવામાં આવેલી ખરીદી સંબંધિત મહત્વપૂર્ણ ફાઈલોને આરોપીઓ દ્વારા 'જાણપૂર્વક નાશ' કરવામાં આવી છે. આ ફાઈલોમાં X-Ray મશીનો, C-Arm મશીનો અને લિનન (કાપડ) વગેરેના ટેન્ડર તૈયાર કરનારા, શરતો નક્કી કરનારા તેમજ તકનીકી અને નાણાકીય મૂલ્યાંકન કરનારા અધિકારીઓની વિગતો સામેલ હતી, જે મુખ્ય પુરાવા સમાન હતી.આ બહુચર્ચિત કૌભાંડના મુખ્ય આરોપીઓમાં ભૂતપૂર્વ DGHS વડા ડૉ. વત્સલા અગ્રવાલ, પૂર્વ CPA ડેપ્યુટી કંટ્રોલર ઓફ એકાઉન્ટ્સ નીરજ ચોપરા અને પૂર્વ CPA વડા ડૉ. વિનોદ કુમાર રંગાનો સમાવેશ થાય છે. કોર્ટે ડૉ. વિનોદ કુમાર રંગાની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી છે. જ્યારે બીજી તરફ, સ્પેશિયલ જજ વિધા પ્રકાશની કોર્ટે ભૂતપૂર્વ DGHS પ્રમુખ ડૉ. વત્સલા અગ્રવાલને તેમની હાઈપરટેન્શન, ડાયાબિટીસ અને કરોડરજ્જુની ઈજા સહિતની તબીબી સ્થિતિને ધ્યાનમાં રાખીને માનવતાના ધોરણે 4 અઠવાડિયા માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે.

# 20 રૂપિયાના લાંચ કેસમાં બે સરકારી કર્મી 30 વર્ષે નિર્દોષ

નવી દિલ્હી : કહેવત છે દેવડીએ દંડાય છે ચોર મુઠી જારના, લાખો લૂંટી ખાનારા મહેફિલે મંડાય છે. તાજેતરમાં વધુ એક કિસ્સામાં આ કહેવાત સાચી પડીલાગે છે. સુપ્રીમ કોર્ટે ૨૦ રૂપિયાની લાંચના ત્રણ દાયકા સુધી ચાલેલા કેસ પછી બે જણાને નિર્દોષ છોડી મૂક્યા છે. ગુજરાત સરકારના બે કર્મચારી સામે ૧૯૯૬માં ૨૦ રુપિયાની લાંચનો કેસ હતો, જે ત્રણ દાયકા સુધી ચાલ્યો હતો.ન્યાયાધીશ ઉજ્જલ ભુયાન અને અતુલ એસ ચંદુરકરની બેન્ચે આ કેસના આરોપી ક્લાર્ક અને પટાવાળાને નિર્દોષ છોડતા જણાવ્યું હતું કે ફક્ત ૨૦ રૂપિયા આપ્યા હોવાના આધારે લાંચ લઈ હોવાનું પુરવાર થઈ શકતું નથી. આ કેસ છેક ફેબ્રુઆરી ૧૯૯૬નો હતો. તેમા વિદ્યાર્થીએ શૈક્ષણિક રાહત માટે આવકનું પ્રમાણપત્ર મેળવવા આણંદ જિલ્લામાં બેચરી ગ્રામ પંચાયતનો સંપર્ક સાધ્યો હતો. આ વિદ્યાર્થીનો આરોપ હતો કે આવકનું પ્રમાણપત્ર જારી કરવા ક્લાર્કે તેની પાસેથી રુ. ૧૨૦ માંગ્યા હતા અને તેમા તેના ૧૦૦ અને પટાવાળાના ૨૦ રૂપિયા હતા.તેના પગલે વિદ્યાર્થીએ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી) સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. તેના પગલે એસીબીએ છટકું ગોઠવ્યું હતું. તેણે વિદ્યાર્થીને ૧૦૦ અને ૨૦ રૂપિયાની માર્ક કરેલી નોટ સાથે ગોઠવ્યો હતો. આવકનું પ્રમાણપત્ર મેળવ્યા પછી વિદ્યાર્થીએ પટાવાળાને ૨૦ રૂપિયા આપ્યા હતા. દરોડા પાડનારી એસીબીની ટીમે આ જ નોટ પટાવાળા પાસેથી મેળવી હતી, પરંતુ ક્લાર્ક પાસેથી માર્ક કરવામાં આવેલા ૧૦૦ રૂપિયા મેળવી શકાયા ન હતા. સુપ્રીમને આ ઉપરાંત ફરિયાદીના દાવામાં પણ વિસંગતતા લાગી હતી. સુપ્રીમ કોર્ટની નોંધ હતી કે વિદ્યાર્થીએ આવી જ જુદી બાબતમાં લાંચની રકમની માંગને લઈને અલગ જ પ્રકારનું નિવેદન નોંધાવ્યું હતું. ઉદાહરણ તરીકે જોઈએ તો તેણે પહેલા જણાવ્યું હતું કે આરોપીએ પહેલા ૨૦૦ રૂપિયાની લાંચ માંગી હતી અને પછી તે ૧૨૦ રૂપિયા પર સંમત થઈ ગયો હતો. આ દાવો ટ્રાયલ કોર્ટ સમક્ષની જુબાનીમાં દર્શાવાયો જ ન હતો.એસીબીએ વિદ્યાર્થીને સૂચના આપી હતી કે તે લાંચ માંગવામાં આવે તો ૧૨૦ની રકમ પૂરેપૂરી આપી દે. આમ છતાં તેણે પટાવાળાને ફક્ત ૨૦ રૂપિયા જ આપ્યા હતા. તેથી અહીં વિદ્યાર્થીએ એસીબીની સૂચનાનું પાલન કેમ ન કર્યુ તે સવાલ પણ સર્જાય છે, જ્યારે પટાવાળાને ૨૦ રૂપિયા લાંચ પેટે આપ્યા તો ક્લાર્ક પણ તેની જોડે જ હતો તો તેને ૧૦૦ રૂપિયા કેમ ન આપ્યા. જો તેને ૧૦૦ રૂપિયા આપ્યા હોત તો તે ચોક્કસપણે દોષિત ઠર્યો હોત. ઉલટતપાસમાં વિદ્યાર્થીએ કબૂલ્યું હતું કે પટાવાળાએ તેની પાસે લાંચ માંગી ન હતી. બેન્ચનું નિરીક્ષણ હતું કે વિદ્યાર્થીએ ૨૦ રપિયા આવકનું પ્રમાણપત્ર મળ્યા પછી આપ્યા હતા.

# જાફરાબાદ ખાતે સાગરખેડૂ જાગૃતિ અવેરનેશ કાર્યક્રમ : એસપી શ્રી સંજય ખરત સાહેબ ની અધ્યક્ષતા માં માછીમાર જાગૃતિ કાર્યક્રમ : દરિયાઈ સુરક્ષા અને માછીમાર ભાઈઓની સુરક્ષા સૌની જવાબદારી અંતર્ગત કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ નગરપાલિકા ઓડિટરિયમ હોલ માં રાખવામાં આવેલ માછીમાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો આ કાર્યક્રમ ના મંચસ્થ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા અધિકારીઓ નું પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા મંચસ્થ માછીમારોને સંબોધન કરતાં અમરેલી જિલ્લા એસપી શ્રી સંજય ખરત સાહેબ દ્વારા માછીમારોને દરિયો ખેડવા જતા સાગરખેડૂ ઓને કુદરતી આફત વખતે શું શું પગલાં લેવા તેમજ માછીમારી કરતા સમયે બોટમાં સવાર તમામ (ખલાસીઓ) એ જીવન રક્ષક સાધનો જેવા કે લાઈફ જેકેટ, રીંગબોયા જીવનરક્ષક ના સાધનો ઉપલબ્ધ રાખવા તેમજ કોઈ પણ મેડિકલ ઈમરજન્સી ઉભી થાય તાત્કાલિક મરીન પોલીસ અથવા કોસ્ટ ગાર્ડ અથવા મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી તથા પીપાવાવ કોસ્ટ ગાર્ડ નો સંપર્ક કરવા જણાવવામાં આવેલ આ તકે એસપી શ્રી દ્વારા જણાવવામાં આવ્યું કે જ્યારે મધદરિયે બોટ ફિશીંગ કરવા નિકળે ત્યારે ટોકન મેળવી જ માછીમારી કરવા જવાનું રહેશે કટોકટી કે ખરાબ હવામાન વાતાવરણ બગડે તો તાત્કાલિક નજીકના કિનારે ફરો તથા રાષ્ટ્રીય સુરક્ષા સંદર્ભે માછીમારી દરમિયાન કોઈ અજાણી બોટ કે શંકાસ્પદ બાબત નજર ઉપર આવે તો તાત્કાલિક મરીન પોલીસ તથા કોસ્ટ ગાર્ડ સુરક્ષા એજન્સીઓ નો સંપર્ક સાધવો તેઓએ વધુમાં જણાવતા કહ્યું




તંત્રનો સંપર્ક મુશ્કેલીમાં કોસ્ટ ગાર્ડ કે મરીન પોલીસ નો સંપર્ક કરવો હવામાન ખાતાની આગાહી કે તંત્ર દ્વારા દરિયો ન ખેડવા આપવામાં આવતી સુચનાઓ નું પાલન કરવું કે અગાઉ ની સિઝન દરમિયાન કુદરતી દરિયાઈ આફત સમયે અંદાજે ૧૧ (ખલાસીઓ) દરિયામાં ગરકાવ થયા હતા તેઓની શોધખોળ માટે પીપાવાવ કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી આવી કુદરતી આફત સમયે હવામાન ખાતાની આગાહી અનુસાર અને તંત્ર ની મુજુરી મર્યા સિવાય દરિયો ખેડવાન જવું જોઈએ અને બોટ ફિશીંગ માં મોકલતા સમયે ટોકન લીધા સિવાય દરિયો ખેડવા જવું નહીં અને દરિયાઈ સુરક્ષા વીશે પણ વિસ્તૃત માહીતી આપવામાં આવી હતી આ તકે એસપી સાહેબ દ્વારા પોતાના પ્રવચનમાં સાયબર ક્રાઈમ વિશે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું આ કાર્યક્રમ ઉપસ્થિત જુદીજુદી જ્ઞાતિ ના અગ્રણી ઓ દ્વારા એસપી સંજય ખરત સાહેબ નું ફુલહાર તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું આ તકે મંચસ્થ પણ થી ટુંકુ પ્રવચન આપતા રાજુલા ડીવાયએસપી સાહેબ દ્વારા જણાવાયું હતું કે કુદરતી આફત સામે પોતાના જીવના જોખમમાં દરિયો ખેડતા (ખલાસીઓ) ને બોટમાં મેડિકલ સામાન રાખવા બાબતે વિસ્તૃત માહિતી આપી હતી તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દરિયો ખેડવા જતા (ખલાસીઓ) માટે ખાસ હતો પરંતુ ખલાસીઓ હાલ દરિયો ખેડવા ગયા હોય તેઓએ બોટમાં ફાઈર સેફ્ટી માટે પણ ભાર મૂક્યો હતો આ કાર્યક્રમ માં ઉપસ્થિત મહાનુભાવો માં અમરેલી એસપી સંજય ખરત સાહેબ પીપાવાવ કોસ્ટ ગાર્ડ મામલતદાર નકુમ સાહેબ મીરીટાઈ બોર્ડ ના અધિકારી તેમજ ફિશરીઝ વિભાગના ના આસિસ્ટન્ટ મકરાણી સાહેબ ડીવાયએસપી સાહેબ મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ગોહિલ સાહેબ મરીન પોલીસ સ્ટેશનનો સ્ટાફ નગરપાલિકા પદાધિકારીઓ સાઈબર ક્રાઈમ ના અધિકારીઓ મોટી સંખ્યામાં બોટ માલિકો બોટ એસોસિએશ ના આગેવાનો બહોળી સંખ્યામાં જુદી જુદી જ્ઞાતિના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમ ની આભાર વિધિ રાજુલા ડીવાયએસપી સાહેબ દ્વારા કરવામાં આવી હતી .


**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
| --- | --- | --- |
| LEYLAND-5525 | 2024 | GJ-38-TA-3578 |
| TATA-4623 | 2020 | RJ-19-GG-5998 |

IN " AS IS WHERE IS CONDITION"
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9824091977



CONN PLEX CINEMAS

**કોનપ્લેક્સ સિનેમાઝ લિમિટેડ**
(અગાઉ વીસીએસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું હતું)
[CIN: L74110GJ2015PLC111882]
રજિસ્ટર્ડ ઓફિસ: બ્લોક C-1001, ક્રિશ ક્યુબિકલ, એવલોન હોટેલની સામે, ગોવર્ધન પાર્ટી પ્લોટ પાસે, થલતેજ, અમદાવાદ, દસક્રોઈ, ગુજરાત, ભારત, 380059
ઈમેઈલ: cs@theconnplex.com; વેબસાઈટ: www.theconnplex.com
ટેલિફોન: +91 079 35289865

**વીડિયો કોન્ફરન્સિંગ (VC)/અન્ય ઑડિયો-વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાનારી કંપનીની 11મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે કોનપ્લેક્સ સિનેમાઝ લિમિટેડ ('કંપની') (અગાઉ VCS ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતી) ના સભ્યોની ૧૧મી વાર્ષિક સામાન્ય સભા ('AGM') સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે IST પર વિડિઓ કોન્ફરન્સિંગ (VC) / અન્ય ઑડિયો વિઝ્યુઅલ મીન્સ (OAVM) દ્વારા કંપનીઝ એક્ટ, ૨૦૧૩ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ની લાગુ જોગવાઈઓ અનુસાર, જે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના MCA પરિપત્ર નં. ૦૯/૨૦૨૪ અને ૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના SEBI પરિપત્ર નં. SEBI/HO/CFD/ CFD-PoD-2/P/CIR/2024/133 સાથે વાંચવામાં આવે છે, ૧૧મી AGM ની સૂચનામાં દર્શાવેલ વ્યવસાયો ચલાવવા માટે યોજાશે.

૧૧મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના ફક્ત તે બધા સભ્યોને ઈલેક્ટ્રોનિક મોડમાં મોકલવામાં આવી છે જેમના ઈમેઈલ સરનામાં કંપની/ડિપોઝિટરીઝ પાર્ટિસિપન્ટ્સ (DP)/ રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (RTA) સાથે નોંધાયેલા છે. કંપનીઝ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ના કાયદાની કલમ ૧૦૮ અને નિયમ ૨૦ ની જોગવાઈઓ અનુસાર, સુધારેલા અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના નિયમ ૪૪ અનુસાર, સભ્યોને AGM નોટિસમાં દર્શાવેલ તમામ ઠરાવો પર NSDL દ્વારા પૂરી પાડવામાં આવતી ઈ-વોટિંગ સેવાઓ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. સભ્યોના મતદાન અધિકારો સોમવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ ('કટ-ઓફ ડેટ') ના રોજ કંપનીના પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં તેમના દ્વારા રાખવામાં આવેલા ઈક્વિટી શેરના પ્રમાણમાં રહેશે. VC/OVAM દ્વારા AGM માં જોડાવા માટેની સૂચનાઓ અને AGM નોટિસમાં પહેલાથી જ આપેલ ઈ-વોટિંગ પ્રક્રિયામાં ભાગ લેવાની રીત.

રિમોટ ઈ-વોટિંગ સમયગાળો શુક્રવાર, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે શરૂ થાય છે. અને રવિવાર, 20 સપ્ટેમ્બર, 2026 ના રોજ સાંજે 5.00 વાગ્યે સમાપ્ત થશે. આ સમયગાળા દરમિયાન, સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે મતદાન કરી શકે છે. ત્યારબાદ NSDL દ્વારા રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે. જે સભ્યો VC/OVAM સુવિધા દ્વારા AGMમાં હાજર રહેશે અને રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર મતદાન કર્યું નથી અને અન્યથા તેમને આમ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યા નથી, તેઓ AGM દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવા માટે પાત્ર રહેશે. જે સભ્યોએ AGM પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યું છે તેઓ VC/OAVM દ્વારા પણ AGMમાં હાજરી આપી શકે છે/ભાગ લઈ શકે છે પરંતુ તેઓ ફરીથી મતદાન કરવા માટે હકદાર રહેશે નહીં. ડીમટીરિયલાઈઝ્ડ મોડ, ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો દ્વારા AGMમાં રિમોટ ઈ-વોટિંગ અને મતદાન કરવાની રીત અને જે સભ્યોએ તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કરાવ્યા નથી તેમના ઈ-મેલ એડ્રેસ રજીસ્ટર કરવાની પ્રક્રિયા AGMની સૂચનામાં આપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર ખરીદે છે અને કંપની દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે નોટિસ મોકલ્યા પછી કંપનીનો સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે, તે helpdesk evoting@nsdl.co.in પર વિનંતી મોકલીને લોગ ઈન ID અને પાસવર્ડ મેળવી શકે છે. જો કે, જો તે/તેણી રિમોટ ઈ-વોટિંગ માટે NSDL સાથે પહેલાથી જ નોંધાયેલ હોય, તો તે/તેણી મતદાન કરવા માટે પોતાના હાલના યુઝર ID અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે. જો સભ્ય(ઓ) એ કંપની/ડિપોઝિટરીમાં પોતાના ઈ-મેલ સરનામાં નોંધાવ્યા ન હોય, તો કૃપા કરીને AGM ની સૂચના મેળવવા માટે ઈ-મેલ સરનામું નોંધાવવા અને ઈ-વોટિંગ માટે લોગિન વિગતો નોંધાવવા માટે નીચે આપેલી સૂચનાઓનું પાલન કરો.

a) ભૌતિક રીતે શેર ધરાવતા સભ્યો માટે - કૃપા કરીને cs@theconnplex.com પર ઈ-મેલ દ્વારા ફોલિયો નંબર, શેરધારકનું નામ જેવી જરૂરી વિગતો પ્રદાન કરો. b) ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યો તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીનો સંપર્ક કરીને તેમનો ઈ-મેલ ID નોંધણી કરાવી શકે છે. જો તમારી પાસે ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો હોય, તો સભ્યો www.evotingnsdl.com પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા 022 4886 7000 અને 022 2499 7000 પર કૉલ કરી શકે છે અથવા શ્રીમતી પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર, NSDL 4થો માળ, A વિંગ. ટ્રેડ વર્લ્ડ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-400013 ને તેમના નિયુક્ત ઈ-મેલ આઈડી evoting@nsdl.com પર વિનંતી મોકલી શકે છે અને સભ્યો કંપની સેક્રેટરીને cs@theconnplex.com પર પણ લખી શકે છે.

કોનપ્લેક્સ સિનેમાઝ લિમિટેડ માટે
(અગાઉ VCS ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરીકે ઓળખાતું)
Sd/-
અનિશ તુલશીભાઈ પટેલ
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 07823715

સ્થાન: અમદાવાદ
તારીખ: 21 ઓગસ્ટ, 2026



sarvagram aspire. grow. prosper.

**સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ**
રજિસ્ટર્ડ ઓફિસ: ઓફિસ નંબર ૨૨ - ૨૫, ચોથો માળ, પ્રિમરોઝ મોલ, બેનર રોડ, બેનર, પુણે-૪૧૧૦૪૫, મહારાષ્ટ્ર.
CIN: U65990PN2018PTC224688, ઈમેઈલ: cs@sarvagram.com, ટેલિફોન: +૯૧-૮૧૦૧૭૭૭૫૫૫

**સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ સૂચના**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ નીકલમ ૮ અને ૯ ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવતા સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકત(ઓ)ના વેચાણ માટેની ૧૫ દિવસની ઇ-હરાજી વેચાણ સૂચના. આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) અને જામીનદાર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે સુરક્ષિત લેણ4દાર પાસે ગીરો/ચાર્જ રાખવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો, જેનો ભૌતિક કબજો સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ/સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ઉધારકર્તા અને સહ-ઉધારકર્તા(ઓ) પાસેથી વસૂલાત માટે તારીખ ૦૭-૦૯-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી (દરેક ૫ મિનિટના અમર્યાદિત વધારા સાથે) 'જે છે ત્યાં છે', 'જે છે જેવી છે' અને 'જે કંઈ પણ છે' ના ધોરણે વેચવામાં આવશે: ૦૪-૦૨-૨૦૨૪ ની સ્થિતિએ રૂ. ૨૫,૯૧,૬૫૪/- (અંકે રૂપિયા પચીસ લાખ એકણું હજાર છસો ચોપન્ન પૂરા) અને તારીખ ૦૭-૦૯-૨૦૨૬ સુધીનું આગળનું વ્યાજ તથા અન્ય ખર્ચ. ઉધારકર્તાઓ અને સહ-ઉધારકર્તાઓના નામ: ૧) શ્રીરામભાઈ ત્રિભુવનભાઈ ગામોટ, ૨) હરેશભાઈ શ્રીરામભાઈ ગામોટ, ૩) રાધાબેન શ્રીરામભાઈ ગામોટ, ૪) ત્રિભોવનભાઈ જયરામભાઈ ગામોટ, ૫) હેમંતરામ રતનશીભાઈ બ્રહ્મણ. EMD (બયાના રકમ) જમા કરવાની છેલ્લી તારીખ: ૦૫-૦૯-૨૦૨૬.

સ્થાવર મિલકત/મિલકતોનું વર્ણન

મિલકત ૧:મિલકતના માલિક: શ્રી શ્રધ્ધામભાઈ/શ્રીરામભાઈ ત્રિભુવનભાઈ ગામોટ. મિલકતનું વર્ણન: જૂના ગ્રામતાલમાં ઈટા ગ્રામ પંચાયત પ્રોપર્ટી નં. ૧૦૧ પૈકીની રહેણાંક મિલકત અને તેના પર બનેલ બાંધકામ, કુલ માપ ૫૪૦૦ ચોરસ ફૂટ, ઈટાની સીમમાં, તા: વાવ, જિ: બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૩૨૦. ચાર સીમાઓ:પૂર્વ: પ્રહલાદ માંજી બ્રહ્મણની મિલકત પશ્ચિમ: રામાજી બ્રહ્મણની મિલકત ઉત્તર: રસ્તો દક્ષિણ: રસ્તો

**રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત): રૂ. ૪,૬૨,૮૭૮/-, બયાના રકમ (EMD): રૂ. ૪૬,૨૮૮/-**

મિલકત ૨:મિલકતના માલિક: શ્રી શ્રધ્ધામભાઈ/શ્રીરામભાઈ ત્રિભુવનભાઈ ગામોટ. મિલકતનું વર્ણન: રેવન્યુ સર્વે નં. ૩૧૦, પ્લોટ નં. ૧૧૪ પી ૨ માં આવેલી રહેણાંક મિલકત અને તેના પર બનેલ બાંધકામ, કુલ માપ ૪૬.૪૭ ચોરસ મીટર, ચંદ્રવા ની સીમમાં, તા: વાવ, જિ: બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૩૨૦. ચાર સીમાઓ:પૂર્વ: કોમન પ્લોટ પશ્ચિમ: ૬ મીટર રસ્તો ઉત્તર: પ્રવીણભાઈ મંજીભાઈ રાજગોરનો પ્લોટ દક્ષિણ: ભારતભાઈ ધનજીભાઈ ગોહિલનો પ્લોટ

**રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત): રૂ. ૯,૭૬,૧૩૧/-, બયાના રકમ (EMD): રૂ. ૯૭,૬૧૩/-**

અન્ય વિગતો અને સંપર્ક:વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને સંપર્ક કરો: ૧) શ્રી હાનુભા વાઘેલા (મો. નં. ૯૭૩૭૧૯૩૬૦૭),૨) શ્રી ભગવાન વેદાંચિયા (મો. નં. ૮૮૦૦૨૦૯૬૧૮), ૩) શ્રી અનિલ કાગુડે (મો. નં. ૯૭૬૬૬૦૩૩૬૬) કૃપા કરીને નોંધ કરો કે ખરીદદારો/બોલી લગાવનારાઓએ બયાના રકમ (EMD) અને બાકીની રકમ NEFT/RTGS/DD દ્વારા જમા કરાવવાની રહેશે. વધુ વિગતો માટે, સુરક્ષિત લેણદારની વેબસાઈટ www.sarvagram.com પર આપેલી લિંક જુઓ.

તારીખ: ૨૨-૦૮-૨૦૨૬
સ્થળ: થરાદ
સહી/- અધિકૃત અધિકારી,
સર્વગ્રામ ફિનકેર પ્રાઈવેટ લિમિટેડ

સિટી
એક્સપ્રેસ
SATURDAY 22 AUGUST-2026
AHMEDABAD



# ગુજરાત પોલીસની ટેકનિકલ ભરતીની પરીક્ષા 23 ઓગસ્ટે

## 25 હજાર ઉમેદવારો આપશે પરીક્ષા, 950 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા




ગાંધીનગર | ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગની ટેકનિકલ કેડરની વિવિધ જગ્યાઓ માટેની લેખિત પરીક્ષા 23 ઓગસ્ટ, 2026ના રોજ અમદાવાદ ખાતે યોજાશે. ભરતી બોર્ડની સત્તાવાર માહિતી મુજબ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (વાયરલેસ), ટેકનિકલ ઓપરેટર, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની ભરતી માટે પરીક્ષા યોજાવાની છે.

ભરતી પ્રક્રિયા હેઠળ PSI (વાયરલેસ)ની 172, ટેકનિકલ ઓપરેટરની 698, PSI (મોટર ટ્રાન્સપોર્ટ)ની 35 અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)ની 45 જગ્યાઓ મળી કુલ 950 જગ્યાઓ માટે ભરતી ચાલી રહી છે. આ પરીક્ષા માટે આશરે 25 હજાર ઉમેદવારોએ કોલલેટર ડાઉનલોડ કર્યા છે.

ત્રણ કેટેગરીમાં અલગ સમય, 200થી 210 MCQ

1.પરીક્ષા સંપૂર્ણપણે MCQ પદ્ધતિથી લેવામાં આવશે.
2.PSI (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર| સવારે 9:30થી બપોરે 12:30| 200 MCQ
3. PSI (મોટર ટ્રાન્સપોર્ટ)| સવારે 9:30થી બપોરે 12:30| 210 MCQ
4. હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-1)| બપોરે 3થી સાંજે 6| 210 MCQ

તમામ પરીક્ષામાં Part-A અને Part-Bમાં અલગ-અલગ ઓછામાં ઓછા 40 ટકા ગુણ મેળવવા જરૂરી રહેશે. ખોટા જવાબ માટે 0.25 ગુણની નેગેટિવ માર્કિંગ રહેશે.

પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા ભરતી બોર્ડ દ્વારા કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રો પર 1100થી વધુ પોલીસ અધિકારી/કર્મચારીઓ અને 1400 જેટલા શિક્ષણ વિભાગના અધિકારી/કર્મચારીઓ પરીક્ષા કામગીરીમાં જોડાશે.

દરેક પરીક્ષા કેન્દ્ર પર એક અધિકારીને ભરતી બોર્ડના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવશે.

પરીક્ષા દરમિયાન ગેરરીતિ અટકાવવા માટે Facial Recognition Technology અને AIનો ઉપયોગ કરવામાં આવશે. પરીક્ષા સાહિત્ય લઈ જતાં તમામ વાહનોને GPS મારફતે ટ્રેક કરવામાં આવશે. સાથે જ રાજ્ય ભરતી કંટ્રોલ રૂમ તેમજ કન્ટ્રોલ રૂમમાંથી પરીક્ષાની કામગીરીનું મોનિટરિંગ કરવામાં આવશે.

23 ઓગસ્ટે યોજાનારી લેખિત પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે Multiple Security Layers અને વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પરીક્ષા અમદાવાદ શહેરમાં યોજાશે. પરીક્ષાના કોલલેટર 17 ઓગસ્ટથી ડાઉનલોડ કરી શકાય તેવી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ભરતી બોર્ડે ઉમેદવારોને સમયસર કોલલેટર ડાઉનલોડ કરી લેવા તેમજ પરીક્ષા કેન્દ્ર પર નિર્ધારિત સમય પહેલાં પહોંચી જવા ખાસ સૂચના આપી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર પરીક્ષા અંગેની સૂચનાઓ ઉપલબ્ધ છે.

ગુજરાતના વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કુલ 414 પોલીસ કર્મચારીની આંતર જિલ્લા બદલી કરવામાં આવી છે. આ બદલીમાં UPC (અનાર્મ્ડ/હથિયાર વગરના પોલીસ કોન્સ્ટેબલ), ULR (અનાર્મ્ડ/હથિયાર વગરના લોકરક્ષક), APC (આર્મ્ડ/હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલ), ALR (આર્મ્ડ/હથિયારધારી લોકરક્ષક), UHC (અનાર્મ્ડ/હથિયાર વગરના હેડ કોન્સ્ટેબલ) અને AHC (આર્મ્ડ/હથિયારધારી હેડ કોન્સ્ટેબલ)નો સમાવેશ થાય છે.

## ગુજરાત પોલીસમાં 414 કર્મચારીની બદલી : પતિ-પત્ની સહિતની કૌટુંબિક રજૂઆતોને ધ્યાને લઈ નિર્ણય

પોલીસ વિભાગની યાદી મુજબ UPC અને ULR કક્ષાના 226 કર્મચારીઓ, APC અને ALR કક્ષાના 129 કર્મચારીઓ તેમજ UHC અને AHC કક્ષાના 59 કર્મચારીની બદલી કરાઈ છે. કર્મચારીઓની વ્યક્તિગત અને કૌટુંબિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ જિલ્લાઓ તથા શહેરોમાં નવી જગ્યાએ ફરજ સોંપવામાં આવી છે.

226 બિન હથિયારી કોન્સ્ટેબલ-લોકરક્ષકની બદલીનું લિસ્ટ
129 હથિયારધારી કોન્સ્ટેબલ-લોકરક્ષકની બદલીનું લિસ્ટ
59 હથિયારધારી-બિન હથિયારી હેડ કોન્સ્ટેબલની બદલીનું લિસ્ટ

બદલી માટે પોલીસ કર્મચારીઓ તરફથી કરવામાં આવેલી રજૂઆતો, ખાસ કરીને પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તેવા કિસ્સાઓ, તેમજ અન્ય કૌટુંબિક કારણોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. ઘણા કર્મચારીઓને હાલની ફરજની જગ્યાથી અન્ય શહેર અથવા જિલ્લામાં મોકલવામાં આવ્યા છે.

જાહેર થયેલી યાદીમાં અમદાવાદ શહેર, સુરત શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર, ભાવનગર, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, ભરૂચ, નવસારી, વલસાડ, જૂનાગઢ સહિતના વિવિધ પોલીસ એકમોમાં ફરજ બજાવતા કર્મચારીઓની બદલીનો સમાવેશ થાય છે. કેટલાક કર્મચારીઓને શહેરમાંથી અન્ય જિલ્લામાં, જ્યારે કેટલાકને ગ્રામ્ય પોલીસ એકમમાંથી શહેરમાં નવી ફરજ સોંપવામાં આવી છે.

પોલીસ વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે બદલી પામેલા કર્મચારીઓએ નવી જગ્યાએ નિયત સમયમર્યાદામાં હાજર થવાનું રહેશે. બદલી બાદ નવી જગ્યાએ ફરજ સંભાળ્યા પછી તેઓને જૂની જગ્યાએ પરત બદલી માટે તાત્કાલિક રજૂઆત કરવાની મંજૂરી નહીં મળે. વિભાગીય તપાસ કે ગંભીર ગુનાની તપાસ જેવી બાબતો ચાલુ હોય તેવા કર્મચારીઓ અંગે પણ બદલીના આદેશમાં જરૂરી શરતો રાખવામાં આવી છે. સંબંધિત કર્મચારીઓએ નિયમાનુસાર આગળની કાર્યવાહી કરવાની રહેશે.

## વધુ એક નકલી દારૂનું રેકેટ ઝડપાયું, ડિફેન્સના નામે કેમિકલ ભેળવતા...




### સસ્તા દારૂમાં કેમિકલ-ફ્લેવર ભેળવી 100 Pipers બ્રાન્ડના સ્ટીકર લગાવતા; અમદાવાદમાં શંકાસ્પદ પ્રવાહી-ખાલી બોટલો જપ્ત

અમદાવાદ | ભાવનગર લઠ્ઠાકાંડમાં નકલી ઇંગ્લિશ દારૂ પીવાથી 9ના મોત નિપજ્યા છે ત્યાં અમદાવાદના નિકોલમાં ડિફેન્સના નામે સસ્તી બ્રાન્ડનો દારૂ બોટલોમાં ભરી કેમિકલ અને ફ્લેવર ભેળવી મોંઘી બ્રાન્ડની દારૂના સ્ટીકર લગાવી નકલી વિદેશી દારૂ વેચવાના કૌભાંડનો નિકોલ અને SMC પોલીસે પર્દાફાશ કર્યો છે. જેમાં એક આરોપીને ઝડપી પાડ્યો છે, જ્યારે બે ફરાર છે.

નિકોલ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડના પોલીસ કર્મચારીઓને સ્ટેટ મોનિટરિંગ સેલ તરફથી બાતમી મળી હતી કે અટલ આવાસ યોજનાના ગેટ પાસે સુનિલ માખીજા અને દિનેશ જંડાવાલા નામના શખ્સો ભેગા મળી બનાવટી અંગ્રેજી દારૂ તૈયાર કરી છૂટકમાં વેચાણ કરે છે. SMC અને સ્થાનિક પોલીસે રેડ પાડી જ્યુપિટર પાસે ઉભેલા સુનિલ ઉર્ફે સોનુ રમેશભાઈ માખીજાને ઝડપી લીધો હતો. બાદમા ડેકીમાંથી એક દારૂની બોટલ મળી આવી હતી. ઉપરાંત આરોપી પાસેથી રૂ.5,000ની કિંમતનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવ્યો હતો. જે પોલીસે કબ્જે કરીને તપાસ દરમિયાન દિનેશ જંડાવાલાના કુબેરનગર સ્થિત ઘરેથી શંકાસ્પદ પ્રવાહી ભરેલી ચાર બોટલો, પ્લાસ્ટિકની ચાર બોટલો અને એક આધારકાર્ડ મળી આવ્યું હતું. જ્યારે પોલીસે કુલ રૂ. 9500 મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આરોપીઓની પૂછપરછ કરતા સસ્તી બ્રાન્ડનો દારૂ બોટલોમાં ભરી તેમાં અલગ-અલગ કેમિકલ તથા ફ્લેવર ભેળવી મોંઘી બ્રાન્ડની દારૂના બનાવટી સ્ટીકર અને ડિફેન્સનો દારૂ હોવાનું બતાવવા તેનો સિમ્બોલ લગાવી વેચતા હતા. જ્યારે દિનેશ ચામુંડા બ્રિજ પાસે ભંગારની દુકાન ધરાવતા શખ્સ પાસેથી ખાલી બોટલો અને બ્રાન્ડેડ સ્ટીકર અને તેની પર લગાવવાના સીલ લાવતો હતો. આ અંગે નિકોલ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધીને સુનિલની ધરપકડ કરી ફરાર બે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## રાજકોટ દુષ્કર્મ કેસમાં કોંગ્રેસ નેતા પ્રગતિ આહીરને હાઈકોર્ટનો ઝટકો

રાજકોટ | રાજકોટ જિલ્લામાં 6 વર્ષની માસૂમ બાળકી સાથે બનેલી સામૂહિક જાતીય સતામણીની ઘટનામાં પીડિતાની ઓળખ સોશિયલ મીડિયા પર છતી કરવા બદલ કોંગ્રેસ નેતા પ્રગતિ આહીર સામે નોંધાયેલી FIR રદ્દ કરવા ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, સોશિયલ મીડિયામાં બાળકીનો ચહેરો બ્લર કરવામાં આવ્યો હોવા છતાં બેકગ્રાઉન્ડના દ્રશ્યો અને પરિવારજનોની તસવીરોથી પીડિતાની ઓળખ જાહેર થતી હોવાથી પ્રથમ દર્શનીય કેસ બને છે, જેથી આ મામલે સંપૂર્ણ ટ્રાયલ ચલાવવી જરૂરી છે.

પ્રગતિ આહીરની અરજી મુજબ, રાજકોટમાં 6 વર્ષની બાળકી પર 13 જેટલા શખ્સો દ્વારા થયેલા કથિત દુષ્કર્મ મામલે પરિવારને કાનૂની માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા તેઓ સહકર્મીઓ સાથે પીડિતાના ઘરે પહોંચ્યા હતા. આ મુલાકાત દરમિયાન તેમણે પોતાના ફેસબુક પ્રોફાઈલ પર લખાણ સાથે કેટલાક ફોટોગ્રાફ્સ અને શોર્ટ વીડિયો ક્લિપ્સ અપલોડ કર્યા હતા. આ પોસ્ટ બાદ આટકોટ પોલીસે BNS તેમજ પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર, સોશિયલ મીડિયા પોસ્ટમાં ચહેરો બ્લર કરાયો હોવા છતાં વીડિયોના બેકગ્રાઉન્ડમાં બાળકીનો રહેણાંક વિસ્તાર, આસપાસનો ચોક્કસ નજારો અને પરિવારના સભ્યોની તસવીરો સ્પષ્ટ દેખાતી હતી. આના કારણે બાળકી અને તેના સંબંધીઓની ઓળખ સરળતાથી થઈ શકે તેમ હોવાથી માત્ર પબ્લિસિટી મેળવવાના ઈરાદે આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સરકારી વકીલે પણ દલીલ કરી હતી કે રહેઠાણ અને પરિવારના ફોટા મૂકવાથી પીડિતા સામે બદલાની કાર્યવાહીનું જોખમ ઊભું થાય છે અને તે ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન છે. પ્રગતિ આહીરે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે પોસ્ટમાં બાળકીનું નામ, શાળા કે સરનામું જાહેર કરાયું નહોતું અને ચહેરો બ્લર કરવો એ તેમનો શુદ્ધ ઈરાદો દર્શાવે છે. તેમણે બંધારણીય સ્વતંત્રતાના હક્કનો હવાલો આપી દલીલ કરી હતી કે માત્ર આસપાસનો વિસ્તાર દેખાવાથી સીધી કે આડકતરી રીતે ઓળખ છતી થતી નથી. વધુમાં, પોક્સો એક્ટની કલમ 23 હેઠળના ગુનામાં 1 વર્ષથી ઓછી સજાની જોગવાઈ હોવાથી FIR રદ્દ કરવા વિનંતી કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે, કાયદો બાળકની ગોપનીયતાને નુકસાન પહોંચાડી શકે તેવા કોઈપણ રિપોર્ટ, ટિપ્પણી કે ફોટોગ્રાફના પ્રકાશન પર કડક પ્રતિબંધ મૂકે છે. મીડિયા કે કોઈપણ વ્યક્તિ બાળકની ઓળખ જાહેર કરી શકે નહીં.

## પાટણ રેલવે સ્ટેશન પર સાંસદશ્રી અને DRM એ ભગત કી કોઠી-એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનને લીલી ઝંડી બતાવી

અમદાવાદ |પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને પાટણ તથા આસપાસના વિસ્તારોના યાત્રીઓની લાંબા સમયથી ચાલી આવતી માંગને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 20626/20625 ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-ભગત કી કોઠી સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ રેલવે સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આજે, 21 ઓગસ્ટ 2026થી શરૂ થઈ ગયું છે. આ વધારાના સ્ટોપેજનો પ્રારંભ પાટણ રેલવે સ્ટેશન પર આયોજિત કાર્યક્રમમાં માનનીય સાંસદ, પાટણ શ્રી ભરતસિંહજી ડાભી અને મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે માનનીય સાંસદશ્રી અને મંડળ રેલવે મેનેજરે ટ્રેનને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી.આ પ્રસંગે માનનીય સાંસદ, પાટણ શ્રી ભરતસિંહજી ડાભીએ જણાવ્યું હતું કે પાટણમાં ભગત કી કોઠી-ચેન્નઈ સુપરફાસ્ટ એક્સપ્રેસના સ્ટોપેજની માંગ વિસ્તારના વરિષ્ઠ નાગરિકો, સ્થાનિક નાગરિકો અને જનપ્રતિનિધિઓ દ્વારા લાંબા સમયથી કરવામાં આવી રહી હતી. તેમણે કહ્યું કે આ માંગને રેલવે મંત્રાલય સમક્ષ સતત ઉઠાવવામાં આવી હતી અને નિરંતર પ્રયાસોના પરિણામે પાટણને આ મહત્વપૂર્ણ ટ્રેનનું સ્ટોપેજ મેળવવામાં સફળતા મળી છે. શ્રી ડાભીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય રેલવે દ્વારા ગુજરાત સહિત સમગ્ર દેશમાં રેલવે કનેક્ટિવિટી અને યાત્રી સુવિધાઓના વિસ્તારની દિશામાં નોંધપાત્ર કામો કરવામાં આવી રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં મીટર ગેજ લાઈનોને બ્રોડ ગેજમાં પરિવર્તિત કરવાથી વિસ્તારની રેલવે કનેક્ટિવિટીમાં વ્યાપક સુધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે લોકસભામાં શૂન્યકાળ દરમિયાન ઉઠાવવામાં આવેલા મુદ્દાના પરિણામે તારંગા-અંબાજી-આબુ રોડ રેલવે લાઈન માટે લગભગ 3,200 કરોડની મંજૂરી મળી છે. સાથે જ, ચાણસ્મા-રાધનપુર રેલવે લાઈન માટે પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ રેલવે લાઈન પણ વિસ્તારના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.માનનીય સાંસદશ્રી જણાવ્યું હતું કે પાટણ રેલવે સ્ટેશનનું વિકાસ કામ પણ ઝડપથી કરવામાં આવી રહ્યું છે અને માર્ચ



2027 પહેલાં સ્ટેશનને આધુનિક યાત્રી સુવિધાઓ સાથે નાગરિકોને સમર્પિત કરવાની દિશામાં કામ ચાલી રહ્યું છે. તેમણે કહ્યું કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પાટણ સ્ટેશનનો વિકાસ થવાથી યાત્રીઓને ઉત્તમ અને આધુનિક સુવિધાઓ મળશે. આ પ્રસંગે મંડળ રેલવે પ્રબંધક, અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે વર્તમાનમાં ગુજરાતમાં રેલવે સંબંધિત લગભગ 17,366 કરોડની બજેટ જોગવાઈ છે અને લગભગ 1.28 લાખ કરોડના વિવિધ કામો પ્રગતિ હેઠળ છે. ગુજરાતમાં 87 અમૃત ભારત સ્ટેશન વિકસાવવામાં આવી રહ્યા છે, જેમાં પાટણ સ્ટેશન પણ સામેલ છે. તેમણે કહ્યું કે પાટણ સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજનામાં સામેલ કરાવવામાં માનનીય સાંસદ શ્રી ભરતસિંહજી ડાભીના નિરંતર પ્રયાસોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તેમણે જણાવ્યું હતું કે પાટણનું રેલવે સાથે ઐતિહાસિક અને ભાવાત્મક જોડાણ રહ્યું છે. પાટણના ઈતિહાસ અને સ્થાનિક જનજીવન સાથે જોડાયેલા પોતાના અનુભવોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ વિસ્તાર લાંબા સમયથી વેપાર અને અવરજવરનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યો છે. તેમણે કહ્યું કે ભગત કી કોઠી-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ એક્સપ્રેસનું પાટણ સ્ટેશન પર સ્ટોપેજ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ ટ્રેન પાટણને દેશના લગભગ 30 પ્રમુખ શહેરો સાથે જોડતા રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુ સહિત વિવિધ વિસ્તારો વચ્ચે રેલવે સંપર્કને મજબૂત કરશે. પાટણ સ્ટેશન પર વર્તમાનમાં 16 જોડી ટ્રેનો રોકાય છે, જેમાં 5 જોડી પૅસેન્જર ટ્રેનો અને બાકીની મેલ/એક્સપ્રેસ ટ્રેનો છે. મંડળ રેલવે પ્રબંધકે પાટણ સ્ટેશનના વિકાસ કામોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સ્ટેશન પર લગભગ 40 કરોડના ખર્ચે વિવિધ વિકાસ કામો કરવામાં આવી રહ્યા છે. સ્ટેશનની બંને બાજુ નવી સ્ટેશન બિલ્ડિંગનું બાંધકામ થઈ ચૂક્યું છે અને લગભગ 12 મીટર પહોળા ફુટ ઓવર બ્રિજનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, જેમાં યાત્રીઓના ઉપયોગ માટે લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ હશે. સ્ટેશનના સ્થાપત્યમાં પ્રસિદ્ધ રાણકી વાવની સ્થાપત્ય શૈલી અને સ્ટોન ટેક્સચરથી પ્રેરિત તત્વોને સામેલ કરવામાં આવી રહ્યા છે તથા રાણકી વાવને પ્રતીકાત્મક રીતે સ્ટેશનના સ્વરૂપમાં દર્શાવવામાં આવશે. પાટણના પ્રસિદ્ધ પટોળાં, સુરતનો કાપડ અને ડાયમંડ ઉદ્યોગ, ખાનદેશ અને વિદર્ભનું કપાસ, વારંગલનું હેન્ડલૂમ તથા ચેન્નઈનો ટેક્સટાઈલ ઉદ્યોગ–આ તમામ વચ્ચે વેપાર અને ઔદ્યોગિક સંબંધોને આ રેલવે સેવા વધુ મજબૂત કરી શકે છે. આનાથી પાટણના પ્રસિદ્ધ પટોળાં અને સ્થાનિક ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર તથા વેપારી પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

## રાજસ્થાનથી એનાલોગ પનીર લાવી અમદાવાદમાં સસ્તા ભાવે વેચવાનું કૌભાંડ : બે લક્ઝરી બસમાંથી 408 કિલો જથ્થો જપ્ત, ₹450 MRP હતીને 240ના ભાવે બે વ્યક્તિ લેવા આવ્યા'તા

અમદાવાદ | ગુજરાતમાં 16 દિવસ પહેલા જ રાજ્ય સરકારે એનાલોગ પનીરના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. ત્યારે દેશના અન્ય રાજ્યમાંથી અમદાવાદમાં લો ફેટનું એનાલોગ પનીર લાવીને સસ્તા ભાવે વેચવાનું કૌભાંડનો પર્દાફાશ થયો છે. AMCના ફૂડ વિભાગે કાંકરિયા દેડકી ગાર્ડન નજીક કોર્પોરેશનના પે એન્ડ પાર્કિંગ પ્લોટમાં બે લક્ઝરી બસમાં આજે 21 ઑગસ્ટે વહેલી સવારે દરોડો પાડ્યો હતો. જેમાં 408 કિલો લો ફેટ પનીરનો જથ્થો ઝડપીને સીઝ કર્યો છે. લક્ઝરી બસમાં રાજસ્થાનથી આ જથ્થો લાવવામાં આવ્યો હતો. જેમાં પ્રતિ કિલોની MRP 450 રુપિયા લખેલી હતી અને બે વ્યક્તિ 240 રુપિયાના ભાવે આ જથ્થો લેવા આવ્યા હતા.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડૉ. તેજસ શાહે જણાવ્યું હતું કે, દેશના અન્ય રાજ્યમાંથી અમદાવાદ શહેરમાં લક્ઝરી મારફતે પનીરનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે આજે અરુણાચલ પ્રદેશના સિમ્બોલ વાળી બે લક્ઝરી બસમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં લો ફેટ પનીરનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થાને નરોડા અને મણીનગર વિસ્તારના બે લોકો પ્રતિ કિલો 240ના ભાવે ખરીદવા માટે આવ્યા હતા.

લક્ઝરી બસના લોકો દ્વારા લો ફેટ પનીરનો જથ્થો લાવવામાં આવતો હતો. જેમાં MRP 400થી 450 લખેલી હતી. આ પનીરના જથ્થાનું મેન્યુફેક્ચરિંગ યુનિટ રાજસ્થાનના જોધપુર અને પાલીમાં હોવાનું સામે આવ્યું છે. જેથી રાજસ્થાનથી આ લો ફેટ એનાલોગ પનીરનો લાવવામાં આવ્યો હોવાની સંપૂર્ણ શક્યતા છે. જો કે ફૂડ વિભાગ દ્વારા આ પનીર નો જથ્થો સીઝ કરી અને લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યો છે. સેમ્પલના પરિણામ આવ્યા પછી મેન્યુફેક્ચરિંગ યુનિટ અને લાવવામાં આવનાર તેમજ ખરીદનાર તમામ લોકોની તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે.

એનાલોગ પનીર અને ચીઝ પર પ્રતિબંધના કારણે અમદાવાદના કેટરર્સ એસોસિએશનની બેઠક પણ યોજાઈ હતી. જેમાં 300 કેટરર્સ હાજર રહ્યા છે. બેઠકમાં ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વસ્તુઓ જ પીરસવા નિર્ણય લેવાયો છે. જેની સીધી અસર પ્રસંગની ડિશના ભાવ પર પડવાની છે. કેટરર્સ દ્વારા ડિશ દીઠ અંદાજે 50થી 200 સુધીનો ભાવવધારો કરાશે. પનીર, બટર, આઈસક્રીમ અને મીઠાઈ જેવી વાનગીઓમાં અસલી દૂધની વસ્તુઓનો ઉપયોગ કરવાથી ખર્ચ વધશે.

આ બેઠકમાં નક્કી કરાયું છે કે, હવેથી પ્રસંગોમાં પીરસાતા ભોજનમાં માત્ર અને માત્ર શુદ્ધ અને અસલી સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવશે. આ નિર્ણય સ્વાસ્થ્ય માટે આવકારદાયક છે પરંતુ તેની સીધી અસર લોકોના ખિસ્સા પર પડશે. જે પરિવારોએ અગાઉથી બજેટ નક્કી કરી રાખ્યા હશે તેમના માટે આ અણધાર્યો ખર્ચ મુશ્કેલી ઊભી કરી શકે છે. જો કે એસોસિએશનનું માનવું છે કે સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવા કરતાં થોડો વધુ ખર્ચ કરવો બહેતર છે.

## પ્રેમીના ત્રાસથી મહિલા બુટલેગરનો આપઘાત : છૂટાછેડા બાદ યુવતીને કારીગર સાથે પ્રેમ થયો

અમદાવાદ | અમદાવાદના કુબેરનગરમાં રહેતી અને ગેરકાયદે દેશી દારૂનો વ્યવસાય કરતી 28 વર્ષીય શ્રદ્ધા રાઠોડે તેના જ ત્યાં કામ કરતા પ્રેમી સન્ની ઉર્ફે અક્ષય ક્રિશ્ચનના ત્રાસથી કંટાળીને આપઘાત કરી લીધો છે. યુવકના શારીરિક-માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને મહિલાએ આ પગલું ભર્યું હોવાનું સામે આવતાં સરદારનગર પોલીસે યુવક વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

પ્રભાવતીબેન રાઠોડની 28 વર્ષીય પુત્રી શ્રદ્ધાના વર્ષ 2021માં લગ્ન થયા હતા, પરંતુ પતિ સાથે મનમેળ ન આવતાં બે વર્ષ પહેલાં છૂટાછેડા થતાં તે માતા-પિતા સાથે રહેતી હતી. તે કુબેરનગરમાં ચોરીછૂપીથી દેશી દારૂનો વેપાર કરતી હતી, જ્યાં તેની સાથે દારૂ બનાવવાનું કામ કરતા સન્ની નામના યુવક સાથે છેલ્લા 10 મહિનાથી પ્રેમ સંબંધ બંધાયો હતો. બંને સાથે મળીને દેશી દારૂનો ધંધો કરતા હતા.

**'તારા બાપનો નોકર નથી' કહી ધમકી આપતો**

4 ઓગસ્ટના રોજ વહેલી સવારે શ્રદ્ધાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આપઘાતના 10 દિવસ પહેલાં સન્ની સાથે બોલાચાલી થતાં સન્નીએ તેને લાફો મારી દીધો હતો. ત્યારબાદ સન્નીએ 'હું તારા બાપનો નોકર નથી, તારો ફોન સ્વિચ ઓફ છે, હું તારું વાયરલ કરી દઈશ' તેવી ધમકી આપીને શારીરિક તથા માનસિક ત્રાસ આપ્યો હતો.

પરિવારજનોને પ્રેમી સન્ની દ્વારા અપાતા ત્રાસ અને ધમકી અંગે જાણ થતાં તેમણે સરદારનગર પોલીસ સ્ટેશનમાં સન્ની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...